CMYK

RNI NO. 46434/87,
ઓફિસઃ શ્રી નૂતન સૌરાષ્ટ્ર દૈનિક, ભકિતનગર રેલ્વે સ્ટેશન સર્કલ, મહારાણી લક્ષ્મીબાઈ કન્યા વિદ્યાલય પાસે, ટાગોર રોડ, રાજકોટ.
Email: nutanpress@yahoo.com, snssamachar.com

# શ્રી નૂતન સૌરાષ્ટ્ર

SINCE 1948 SHRI NUTAN SAURASHTRA

તંત્રી વિભાગ
૦૨૮૧-૨૪૬૬૭૭૨
૯૮૯૮૦૯૩૯૩૫
જાહેર ખબર વિભાગ
૯૮૯૮૨૦૩૫૩૬
ઓફિસ/વોટ્સએપ
૯૪૦૮૯૯૧૪૪૯

CMYK

તંત્રી : વિક્રમ હસમુખરાય રાવલ, પુસ્તક–૧૧૦, અંકઃ ૧૬૬, વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ સુદ (૫), મંગળવાર તા.૦૪–૦૩–૨૦૨૫, પાના– ૮, કિંમત રૂા.૧–૫૦ પૈસા

# ચેમ્પિયન્સ ટ્રોફીઃ ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે આજે સેમિફાઈનલ

દુબઈ, તા.૩

ભારત અને ઓસ્ટ્રેલિયાની વચ્ચે સેમિફાઈનલની મેચ ૪ માર્ચે દુબઈમાં રમાશે. ભારતની ટીમ પોતાના ગ્રૂપ સ્ટેજમાં શાનદાર પરફોર્મન્સ કરવામાં સફળ રહી છે અને પોતાની ત્રણેય મેચ જીતીને ટોપ પર પહોંચી. હવે ભારત સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયાની સાથે ટકરાશે. ૨૦૨૩ની વનડે વર્લ્ડ કપની ફાઈનલમાં ભારતની મેચ ઓસ્ટ્રેલિયાની સાથે થઈ તો કાંગારુએ ભારતને હરાવી દીધા હતાં. હવે તે હારનો બદલો લેવાની તક છે. સેમિ ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાને હરાવીને ભારતીય ટીમ ફાઈનલમાં પહોંચવાનો પ્રયત્ન કરશે. આ મેચમાં બંને ટીમ જીત માટે દમ લગાડશે. જેનાથી તે ફાઈનલ રમી શકે. દરમિયાન મંગળવારે થનારી આ મેચ ખૂબ રસપ્રદ હશે. દરમિયાન જાણો આઈસીસી નોકઆઉટ રાઉન્ડમાં બંને ટીમોનો રેકોર્ડ કેવો રહ્યો.

આ સિવાય આઈસીસી વનડે નોકઆઉટમાં બંને ટીમોની વચ્ચે કુલ ૬ મેચ થયા છે. જેમાં ભારતને ત્રણેય મેચોમાં જીત તો ઓસ્ટ્રેલિયાને ત્રણ મેચોમાં જીત મળી છે એટલે કે નોકઆઉટ મેચમાં બંને ટીમો આ સમયે બરાબરી પર છે.

નોકઆઉટમાં ભારત અને ઓસ્ટ્રેલિયા

1998 CT QF - IND- જીત્યું

2000 CT QF - IND- જીત્યું

2003 WC ફાઈનલ - AUS જીત્યું

2011 WC QF - IND - જીત્યું





2015 WC SF - AUS - જીત્યું

2023 WC ફાઈનલ - AUS જીત્યું

ભારત અને ઓસ્ટ્રેલિયાની વચ્ચે અત્યાર સુધી કુલ ૧૫૧ વનડે મેચ રમાઈ છે જેમાં ભારતને ૫૭ મેચોમાં જીત અને ઓસ્ટ્રેલિયાને ૮૪ મેચોમાં જીત મળી છે. ૧૦ મેચ પરિણામ વિનાની રહી છે.

ઓસ્ટ્રેલિયાએ ભારતને આઈસીસી ઈવેન્ટમાં ત્રણ એવી હાર આપી છે જેને ચાહકો આજ સુધી ભૂલી શક્યાં નથી. સૌથી પહેલા ૨૦૦૩ વર્લ્ડ કપની ફાઈનલમાં ભારતને ઓસ્ટ્રેલિયાએ હરાવી દીધું હતું, ગાંગુલીની કેપ્ટનશિપમાં ભારતને વર્લ્ડ કપ ૨૦૨૩ની ફાઈનલમાં હારનો સામનો કરવો પડ્યો હતો. તે બાદ ૨૦૧૫ની વનડે વર્લ્ડ કપ સેમિ ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને હરાવીને ફાઈનલમાં પહોંચવાની આશાને તોડી દીધી હતી. તે બાદ ફરી ભારતને સૌથી આકરી હાર ૨૦૨૩ વનડે વર્લ્ડ કપની ફાઈનલમાં મળી. ભારતીય ટીમ મેજબાન ટીમ હતી પરંતુ ઓસ્ટ્રેલિયાએ ફાઈનલમાં હરાવીને ભારતનું ત્રીજી વખત વર્લ્ડ કપ જીતવાના સ્વપ્નને તોડી દીધું હતું.

હવે ભારતની પાસે તક છે ઓસ્ટ્રેલિયાને ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલથી બહાર કરવાની. ભારતીય ટીમ બદલો લેવા માટે મેદાન પર ઉતરશે. રોહિત શર્મા અને વિરાટ કોહલી ૨૦૨૩ વનડે વર્લ્ડ કપની હારને ભૂલ્યા નથી. તે હારે ભારતીય ટીમના ખેલાડીઓને ખૂબ નિરાશ કર્યા હતા. હવે તક છે કે ભારતીય ટીમ, ઓસ્ટ્રેલિયાનો ઘમંડ તોડે અને કાંગારુને ફાઈનલની રેસથી બહાર કરી દે.

વિરાટ કોહલી અને રોહિત શર્માથી સેમિફાઈનલમાં ખૂબ આશા રહેશે. બંને ખેલાડીઓનો રેકોર્ડ ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ શાનદાર રહ્યો છે. ૪૫ મેચ રમી છે અને કુલ ૨૩૭૯ રન બનાવવામાં સફળતા મેળવી છે. ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ રોહિતે વનડેમાં અત્યાર સુધી કુલ ૮ સદી ફટકારી છે. બીજી તરફ વિરાટ કોહલીનો રેકોર્ડ ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ કમાલનો રહ્યો છે. કોહલીએ ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ વનડેમાં અત્યાર સુધી ૪૯ મેચ રમી છે જેમાં તેમના નામે ૨૩૬૭ રન નોંધાયા છે. ૮ સદી કોહલીએ પણ વનડેમાં ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ લગાવવામાં સફળતા મેળવી છે.

ભારત : રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગિલ, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર, અક્ષર પટેલ, કેએલ રાહુલ (વિકેટકીપર), હાર્દિક પંડ્યા, રવિન્દ્ર જાડેજા, હર્ષિત રાણા, મોહમ્મદ શમી, કુલદીપ યાદવ, ઋષભ પંત, વોશિંગ્ટન સુંદર, વરુણ ચક્રવર્તી, અર્શદીપ સિંહ.

ઓસ્ટ્રેલિયા : મેથ્યૂ શોર્ટ, ટ્રેવિસ હેડ, સ્ટીવન સ્મિથ (કેપ્ટન), માર્નસ લાબુશેન, જોશ ઈંગ્લિશ (વિકેટ કીપર), એલેક્સ કેરી, ગ્લેન મેક્સવેલ, બેન ડ્વાર્શિસ, નાથન એલિસ, એડમ જમ્પા, સ્પેન્સર જોનસન, જેક ફ્રેજર-મેકગર્ક, આરોન હાર્ડી, સીન એબોટ, તનવીર સંઘા.

### ટ્રમ્પના ટેરિફ વૉર બાદ એક્શનમાં સરકાર

## તમામ બેઠકો રદ કરી અચાનક અમેરિકા રવાના થયા કેન્દ્રીય મંત્રી

નવી દિલ્હી, તા.૩

અમેરિકાએ તાજેતરમાં જ ભારત સાથે ટેરિફ વિવાદ છંછેડ્યા બાદ કેન્દ્ર સરકાર એક્શનમાં આવી ગઈ છે. બે સરકારી અધિકારીઓના જણાવ્યા મુજબ, કેન્દ્ર સરકારે અમેરિકા સાથે વેપાર વાતચીત આગળ વધારવા માટે કેન્દ્રીય મંત્રી પિયૂષ ગોયલને તાત્કાલિક અમેરિકા મોકલ્યા છે. અમેરિકાએ ટેરિફનો મુદ્દો ઉછાળ્યા બાદ ગોયલનો યુએસ પ્રવાસ નિર્ધારિત કરાયો છે. અધિકારીઓએ કહ્યું કે, ઉદ્યોગ મંત્રી ગોયલની યાત્રાનું તાત્કાલીક આયોજન કરવામાં આવ્યું છે. આઠ માર્ચ પહેલા ગોયલની દેશમાં અનેક બેઠકો યોજાવાની હતી, જોકે તેઓ તમામ બેઠકો રદ કરીને અમેરિકા રવાના થયા છે.

કેન્દ્રીય મંત્રી પિયૂષ ગોયલ ટેરિફના કારણે ભારત પર પડનારા પ્રભાવનું આકલન કરવા માટે અમેરિકાની પારસ્પરિક ટેરિફ




વ્યૂહનીતિ પર સ્પષ્ટતા માંગશે. સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ, ગોયલ ટેરિફ ઘટાડવાના તેમજ દ્વિપક્ષીય વેપાર આગળ વધારવાના પ્રયાસોની સાથે સંભવિત ભારતીય છૂટછાટ અને વેપાર ડીલ અંગે ચર્ચા કરી શકે છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકા ભારતનો સૌથી મોટો ભાગીદાર દેશ છે. બંને દેશોનો દ્વિપક્ષીય વેપાર જાન્યુઆરી સુધીના ૧૦ મહિનામાં દર વર્ષે લગભગ ૮ ટકા વધી ૧૦૮ બિલિયન ડૉલર પર પહોંચી ગયો છે. નિષ્ણાતોનું કહેવું છે કે, જો અમેરિકા ટેરિફ વધારશે તો ભારતના કેમિકલ્સ, મેટલ પ્રોડક્ટ્સ, જ્વેલરી, ઓટોમોબાઈલ્સ, ફાર્માસ્યુટિકલ્સ અને ફૂડ પ્રોડક્ટ્સ પર ખરાબ અસર પડી શકે છે. વાસ્તવમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગત મહિને અમેરિકાના પ્રવાસે ગયા હતા, જ્યાં તેમની અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે દ્વિપક્ષીય બેઠક યોજાયા બાદ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં ભારત અને અમેરિકાનો વેપાર ૨૦૩૦ સુધીમાં બેગણો કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત મોદીએ ડોનાલ્ડ ટ્રમ્પને ભારત આવવા માટે પણ આમંત્રણ આપ્યું હતું. ડોનાલ્ડ ટ્રમ્પે એપ્રિલથી ભારત સહિત વેપારી ભાગીદારો પર પારસ્પરિક ટેરિફ લાદવાનો પ્રસ્તાવ કર્યો છે, જેના કારણે ભારતીય નિકાસકારો ખાસ કરીને ઑટો સેક્ટરથી લઈને ખેડૂતો ચિંતિત થયા છે. સિટી રિસર્ચના વિશ્લેષકોએ અંદાજ લગાવ્યો છે કે, આ ટેરિફ વૉરના કારણે વાર્ષિક લગભગ સાત બિલિયન ડૉલરનું નુકસાન થઈ શકે છે.

## સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક નિર્ણયઃ હવે અંધ લોકો પણ ન્યાયાધીશ બની શકે

નવીદિલ્હી,તા.૩

ભારતની સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે અંધ લોકો પણ ન્યાયાધીશ બની શકે છે. કોર્ટે કહ્યું છે કે અંધ લોકોને પણ ન્યાયિક સેવાઓમાં નિમણૂકનો અધિકાર છે. ચાલો જાણીએ કે સુપ્રીમ કોર્ટે આ મામલે બીજું શું કહ્યું છે.

આ મામલે પોતાનો ચુકાદો આપતી વખતે, સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે કહ્યું છે કે અપંગતાના આધારે કોઈને પણ ન્યાયિક સેવાઓમાંથી બાકાત રાખી શકાય નહીં. આ સાથે, સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં મધ્યપ્રદેશ સરકારના શાસનને રદ કરી દીધું છે.

બીજા એક નિર્ણયમાં, સુપ્રીમ કોર્ટે છત્તીસગઢ કોલસા કૌભાંડ કેસમાં સસ્પેન્ડ કરાયેલાં છજી અધિકારીઓ રાનુ સાહુ, સૌમ્યા ચૌરસિયા અને ઉદ્યોગપતિ સૂર્યકાંત તિવારીને વચગાળાના જામીન આપ્યા છે. ભ્રષ્ટાચાર વિરોધી શાખા દ્વારા દાખલ કરાયેલા કેસમાં આ વચગાળાના જામીન મંજૂર કરવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ કેસમાં તપાસમાં ઘણો સમય લાગશે, તેથી સમય માંગી લેતી પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને, અરજદારોને વચગાળાના જામીન પર મુક્ત કરવાનું યોગ્ય માને છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો કોઈ વ્યક્તિ સાક્ષીને પ્રભાવિત કરવામાં, પુરાવા સાથે છેડછાડ કરવામાં અથવા તપાસમાં અવરોધ ઉભો કરવામાં સંડોવાયેલ જણાય તો રાજ્ય સરકાર વચગાળાના જામીન રદ કરવા માટે કોર્ટનો સંપર્ક કરી શકે છે અને તે કિસ્સામાં વચગાળાના જામીન રદ કરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટે માહિતી ટેકનોલોજી (જાહેર જનતા દ્વારા માહિતીની એક્સેસને અવરોધિત કરવા માટેની કાર્યવાહી અને સલામતી) નિયમો, ૨૦૦૯ ની કેટલીક જોગવાઈઓને પડકારતી પીઆઈએલ પર કેન્દ્રને નોટિસ જારી કરી છે. સુપ્રીમ કોર્ટે આ મામલે કેન્દ્ર સરકાર પાસેથી છ અઠવાડિયામાં જવાબ માંગ્યો છે. સોફટવેર ફ્રીડમ લો સેન્ટર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં જણાવાયું છે કે 'એક્સ' જેવા પ્લેટફોર્મ પરથી માહિતી દૂર કરતા પહેલા, તેના મૂળકર્તાને નોટિસ આપવી આવશ્યક છે.

### ૪ માર્ચ સુધી FIR ન નોંધવા આદેશ

## માધબી પુરી બુચને બોમ્બે હાઈકોર્ટમાંથી રાહત મળી

મુંબઈ, તા.૩

બોમ્બે હાઈકોર્ટે કેલ્સ રિફાઈનરી મામલે મંગળવાર ૪ માર્ચ સુધી FIR ન નોંધવાનો આદેશ આપ્યો છે. સાથે જ હાઈકોર્ટ આ મામલે સિક્યોરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI), બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE)ની અરજીઓ પર ૪ માર્ચે સુનાવણી કરવા સંમત થઈ છે. કોર્ટે એક મૌખિક નિર્દેશમાં કહ્યું કે, ૪ માર્ચે સુનાવણી થાય ત્યાં સુધી FIR નોંધવામાં ન આવે. SEBIના અધિકારીઓ વતી સોલિસિટર જનરલ તુષાર મહેતા અને BSEના અધિકારીઓ વતી વરિષ્ટ વકીલ અમિત દેસાઈ કોર્ટમાં પહોંચ્યા હતા.



આપને જણાવી દઈએ કે, મુંબઈની એક સ્પેશિયલ કોર્ટે ૧ માર્ચે એન્ટી કરપ્શન બ્યુરો (ACB)ને SEBIના પૂર્વ ચેરપર્સન માધબી પુરી બુચ અને ૫ અન્ય અધિકારીઓ સામે કથિત શેરબજાર છેતરપિંડી અને નિયમનકારી ઉલ્લંઘનના આરોપમાં FIR નોંધવાનો નિર્દેશ આપ્યો હતો.

સિક્યોરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI)ના પૂર્વ ચેરપર્સન માધબી પુરી બુચ અને અન્ય ૫ અધિકારીઓ સામે કેસ નોંધવાનો મુંબઈની કોર્ટે આદેશ આપ્યો હતો. મુંબઈની સ્પેશિયલ એસીબી કોર્ટના ન્યાયાધીશ કે.શશિકાંત એકનાથરાવ બાંગરે આપેલા આદેશમાં જણાવ્યું હતું કે નિયમનકારી ક્ષતિઓ અને મિલીભગતના પ્રથમદર્શી પુરાવા છે, જેની તપાસની જરૂર છે. કોર્ટે કહ્યું હતું કે, તે તપાસ પર નજર રાખશે અને ૩૦ દિવસની અંદર સ્ટેટસ રિપોર્ટ માંગવામાં આવ્યો છે. કોર્ટે આદેશમાં એમ પણ કહ્યું હતું કે, આરોપો કોગ્નિઝેબલ ગુનો (cognizable offence) દર્શાવે છે, જેના માટે તપાસ જરૂરી છે. તેમાં કહેવામાં આવ્યું હતું કે કાયદા અમલીકરણ એજન્સીઓ (Law enforcement agencies) અને સેબીની નિષ્ક્રિયતાને કારણે, સીઆરપીસીની જોગવાઈઓ હેઠળ ન્યાયિક હસ્તક્ષેપની જરૂર છે.

ફરિયાદી, જે એક મીડિયા રિપોર્ટર છે, તેણે કથિત ગુનાઓની તપાસની માંગ કરી હતી, જેમાં મોટા પાયે નાણાકીય છેતરપિંડી, નિયમનકારી ઉલ્લંઘન અને ભ્રષ્ટાચારનો સમાવેશ થાય છે. ફરિયાદીએ દાવો કર્યો હતો કે, સેબીના અધિકારીઓ તેમની વૈધાનિક ફરજ (Statutory Duty)માં નિષ્ફળ રહ્યા, બજારમાં હેરફેરને પ્રોત્સાહન આપ્યું અને નિયત ધારાધોરણોને પૂર્ણ ન કરતી કંપનીના લિસ્ટિંગને મંજૂરી આપીને કોર્પોરેટ છેતરપિંડીના માર્ગ ખોલ્યા હતા. ફરિયાદીએ જણાવ્યું હતું કે પોલીસ સ્ટેશન અને સંબંધિત નિયમનકારી સંસ્થાનો અનેક વખત સંપર્ક કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. ફરિયાદીની અરજી પર સુનાવણી કરતા મુંબઈની સ્પેશિયલ કોર્ટે આ ફરિયાદ નોંધવાનો આદેશ આપ્યો હતો.

### કોમેડિયન સમય રૈના મુદ્દે સુપ્રીમ કોર્ટની ટિપ્પણી

## આ યંગ જનરેશન પોતાને બહુ ઓવરસ્માર્ટ સમજે છે

નવી દિલ્હી, તા.૩

ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ શોમાં અભદ્ર ટિપ્પણીઓ બદલ ચાલી રહેલા કેસ પર સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે યુ-ટ્યૂબર રણવીર અલ્લાહાબાદિયા, આશિષ ચંચલાની તેમજ સમય રૈનાને ખખડાવ્યા હતાં. તેમજ સમય રૈના કેનેડા ભાગી જતાં તે પોતાની જાતને ઓવર સ્માર્ટ સમજતો હોવાનું નિવેદન આપ્યું હતું. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આ વિવાદ સાથે જોડાયેલા ચાર લોકોમાંથી એક કેનેડા ભાગી ગયો છે, આ યંગ જનરેશન પોતાની જાતને ઓવર સ્માર્ટ સમજે છે.

બાર એન્ડ બેન્ચના રિપોર્ટ અનુસાર, જસ્ટિસ સૂર્યકાંતે સમય રૈનાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, 'તે કેનેડા ભાગી ગયો છે, અને ત્યાં જઈને આ મામલે વાતો કરી રહ્યો છે. આ યંગ જનરેશન ઓવરસ્માર્ટ છે. કદાચ તેમને કોર્ટના અધિકારોની ખબર નથી. તેઓ કોર્ટની તાકાતને પણ ઓળખતા નથી. જસ્ટિસની આ વાત પર સોલિસિટર જનરલ તુષાર મહેતાએ પણ સહમતિ દર્શાવતા કહ્યું કે, 'હા, તે વિદેશ ભાગી ગયો છે અને ત્યાં જઈ કોર્ટની કાર્યવાહીની મજાક ઉડાવી રહ્યો છે.' આ દરમિયાન સુપ્રીમ કોર્ટે કોર્ટે રણવીર અલ્લાહાબાદિયાને પોતાનો શો પ્રસારિત કરવા મંજૂરી આપી છે. તેમજ સલાહ આપી છે કે, શોમાં કોર્ટની વિચારાધીન બાબતોની



ટિપ્પણી કરી શકશે નહીં. તેમજ વાણી સ્વાતંત્ર્યનો દુરૂપયોગ પણ કરી શકશે નહીં. રમૂજ માટે અભદ્ર ભાષાનો ઉપયોગ કરવો જરૂરી નથી.

જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ એન. કોટિશ્વર સિંહની બેન્ચ આ મામલે સુનાવણી કરી રહી છે. જસ્ટિસ સૂર્યકાંતે જણાવ્યું કે, 'આજકાલના યુવાનો પોતાને ઓવર સ્માર્ટ સમજે છે. તેમને લાગે છે. તેમને બધું જ જ્ઞાન છે, પરંતુ અમને તેમના જેવા લોકોને હેન્ડલ કરવા આવડે છે.' જસ્ટિસની આ ટિપ્પણી પર અલ્લાહાબાદિયાના વકીલે કહ્યું કે, 'આ પ્રકારની ટિપ્પણી કરનારા શખસ (સમય રૈના) સાથે તેના અસીલ (રણવીર)ને કોઈ સંબંધ નથી.'

## ઈઝરાયલમાં ઘૂસવાની કોશિશ કરતા ભારતીય યુવકની હત્યાઃ સુરક્ષાદળે ગોળી મારી

જોર્ડન,તા.૩

કેરળના એક વ્યક્તિની જોર્ડન બોર્ડર પર ગોળી મારીને હત્યા કરી દેવાઈ છે. આ સંબંધમાં તેના પરિવારને અમ્માનમાં હાજર ભારતીય દૂતાવાસનો એક પત્ર મળ્યો છે. પત્ર અનુસાર યુવક ત્રણ અન્ય લોકોની સાથે પર્યટક વિઝા પર જોર્ડન ગયો હતો. તેને સુરક્ષા દળોએ ગોળી મારી દીધી છે. આરોપ લાગ્યો છે કે આ ત્રણેય શખ્ય ગેરકાયદેસર રીતે બોર્ડર પાર કરવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં. મૃતકની ઓળખ થૉમસ ગેબ્રિયલ પરેરા તરીકે થઈ. તેની ઉંમર ૪૭ વર્ષની હતી અને તિરુવનંતપુરમની પાસે થુંબાનો રહેવાસી હતો.મૃતકની સાથે હાજર ૪૩ વર્ષીય એડિસન નામની એક અન્ય વ્યક્તિને પણ ગોળી વાગી હતી. જોકે તે ઠીક થઈ ગયો. થુંબાનો જ મૂળ રહેવાસી એડિસન પણ બે દિવસ પહેલા કેરળમાં પોતાના ઘરે પહોંચ્યો. આ ઘટના ૧૦ ફેબ્રુઆરીની છે. થૉમસ અને એડિસન બંને માછીમાર સમુદાયથી હતાં અને ઓટોરિક્ષા ચલાવવાનું કામ કરતાં હતાં.રિપોર્ટ્સ અનુસાર મૃતકના પરિવારજનોને જોર્ડનના અમ્માનમાં ભારતીય દૂતાવાસથી એક પત્ર મળ્યો, જેમાં કહેવામાં આવ્યું છે કે થૉમસ અને એક અન્ય વ્યક્તિ ગેરકાયદેસર રીતે કરકક જિલ્લામાં જોર્ડન બોર્ડર પાર કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા.

## અર્થતંત્રના મોરચે મોટો ઝટકોઃ દેશના ઉત્પાદન ક્ષેત્રમાં ૧૪ મહિનામાં સૌથી મોટો ઘટાડો

નવીદિલ્હી,તા.૩

સરકાર અને દેશને આર્થિક મોરચે મોટો ફટકો પડ્યો છે. આનું કારણ ઉત્પાદન ક્ષેત્રનું પતન છે. આ ક્ષેત્રમાંથી જે આંકડા બહાર આવ્યા છે તે અત્યંત આશ્ચર્યજનક અને ચિંતાજનક છે. ઉત્પાદન ક્ષેત્રના આંકડા ૧૪ મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયા છે. માહિતી અનુસાર, ઉત્પાદનમાં ઘટાડો થવાને કારણે ઉત્પાદન ક્ષેત્રમાં ઘટાડો થયો છે. ચાલો તમને એ પણ જણાવીએ કે કયા પ્રકારના આંકડા જોવા મળ્યા છે.

નવા કરારો અને ઉત્પાદન વૃદ્ધિમાં મંદી વચ્ચે ફેબ્રુઆરીમાં ભારતના ઉત્પાદન ક્ષેત્રનો વિકાસ દર ૧૪ મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયો. ફેબ્રુઆરીમાં મોસમી રીતે સમાયોજિત એચએસબીસી ઈન્ડિયા મેન્યુફેક્ચરિંગ પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (પીએમઆઈ) ૫૬.૩ રહ્યો, જે જાન્યુઆરીના ૫૭.૭ થી ઓછો હતો. જોકે, ઉત્પાદન પીએમઆઈ 'વિસ્તરણ' ક્ષેત્રમાં રહે છે.પીએમઆઈ ભાષામાં, ૫૦ થી ઉપરનો સ્કોર વિસ્તરણ દર્શાવે છે, જ્યારે ૫૦ થી નીચેનો સ્કોર પ્રવૃત્તિમાં સંકોચન દર્શાવે છે.

એચએસબીસીના મુખ્ય ભારતીય અર્થશાસ્ત્રી પ્રાંજુલ ભંડારીએ જણાવ્યું હતું કે ડિસેમ્બર ૨૦૨૩ પછી ઉત્પાદન વૃદ્ધિ તેના સૌથી નબળા સ્તરે ધીમી પડી હોવા છતાં, ભારતના ઉત્પાદન ક્ષેત્રમાં એકંદર ગતિ ફેબ્રુઆરીમાં વ્યાપકપણે હકારાત્મક રહી. સર્વેમાં જણાવાયું છે કે જાન્યુઆરીના ૧૪ વર્ષના ઉચ્ચતમ સ્તરથી નીચે આવવા છતાં વિસ્તરણની ગતિ મજબૂત હતી. સર્વેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ફેબ્રુઆરીમાં નવા નિકાસ ઓર્ડરમાં જોરદાર વધારો થયો હતો, કારણ કે ઉત્પાદકોને તેમના માલની મજબૂત વૈશ્વિક માંગનો લાભ મળતો રહ્યો હતો. રોજગારીના મોરચે, ઉત્પાદકોએ ફેબ્રુઆરીમાં તેમના કાર્યબળનો વિસ્તાર કરવાનું ચાલુ રાખ્યું.

ફેબ્રુઆરીના ડેટા દર્શાવે છે કે નવા વ્યવસાયના વપરાશમાં સતત ૪૪મા દિવસે વધારો થયો છે, જેનું કારણ પેનલિસ્ટોએ મજબૂત ગ્રાહક માંગ અને તેના સ્પર્ધકો કરતાં વધુ સારી કિંમત ઓફર કરવાના પ્રયાસોને આભારી છે. ઘટાડા છતાં, આ ક્ષેત્રે મજબૂત સ્થાનિક અને વૈશ્વિક માંગને કારણે વિસ્તરણ ગતિ જાળવી રાખી. જાન્યુઆરીમાં, મેન્યુફેક્ચરિંગ પીએમઆઈ ૫૭.૭ પર રહ્યો, જે પાછલા મહિનાના ૧૨ મહિનાના નીચલા સ્તર ૫૬.૪ થી નોંધપાત્ર રીતે સુધર્યો. આ વધારો લગભગ ૧૪ વર્ષમાં નિકાસમાં સૌથી મોટો ઉછાળો અને ગયા જુલાઈ પછી નવા ઓર્ડરમાં સૌથી ઝડપી વૃદ્ધિને કારણે થયો છે.નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં ભારતનું કુલ સ્થાનિક ઉત્પાદન ૬.૨ ટકા વધ્યું, જે પાછલા ક્વાર્ટરમાં ૫.૬ ટકા વૃદ્ધિ કરતા વધારે છે.

### ૩૫૦૦ કરોડનું રોકાણ કરવા તૈયારી

## ભારત ભુતાનમાં પ્રથમ રેલવે નેટવર્ક સ્થાપિત કરશે

ભુતાન, તા.૩

ભારત અને ભુતાન બંને દેશોને રેલ નેટવર્કથી જોડવાની વાતો ૨૦૧૮થી થઈ રહી છે.તેને હવે સત્તાવાર રીતે મંજૂરી મળી છે. આ માટે બંને દેશોએ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. જેમાં ૬ સ્ટેશન રેલવે નેટવર્કથી જોડવામાં આવશે. આ રેલવે નેટવર્કથી ચીનને ઝટકો વાગશે.

ભારતીય રેલવે અસમના કોકરાઝરથી ભુતાનના ગેલેફૂ સુધી રેલવે લૌન પાથરવા જઈ રહી છે. ૬૯.૪ કિમીની પ્રસ્તાવિત રેલ લૌન માટે ભારત રૂ. ૩૫૦૦ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે. આ રેલવે લાઈન કોકરાઝાર સ્ટેશનને ભુતાનના ગેલેફૂ સાથે જોડશે.

નોર્થઈસ્ટ ફ્રન્ટિઅર રેલવે હેડક્વાર્ટર્સના ચીફ પબ્લિક રિલેશન ઑફિસર કપિંજલ કિશોર શર્માએ જણાવ્યું હતું કે, 'આ પ્રોજેક્ટમાં ભુતાનના બાલાજન, ગરૂભાસા, રૂનીખાતા, શાંતિપુર, દાદગીરી, અને ગેલેફૂ સહિતના છ સ્ટેશન સમાવિષ્ટ છે. તદુપરાંત ૧૧ મીટર લંબાઈના બે વાયડક્ટ, ૩૯ રોડ અંડર બ્રિજ, એક રોડ ઓવર બ્રિજ, ૬૫ નાના બ્રિજ, ૨૯ મેઈન બ્રિજ, અને બે મહત્ત્વના બ્રિજ પણ તૈયાર કરવામાં આવશે. આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનો ફાઈનલ લોકેશન સર્વે સફળતાપૂર્વક પૂર્ણ થયો છે.'

બંને દેશો વચ્ચે રેલવે નેટવર્ક સ્થાપિત કરાતાં પ્રવાસ અને વેપાર સંબંધો વધુ ગાઢ બનશે. પ્રવાસીઓ સરળતાથી સસ્તા દરે ભુતાનની મુલાકાત લઈ શકશે. રેલવે લિંકનું નિર્માણ ભારત સરકાર તરફથી કરવામાં આવશે.

બંને દેશો વચ્ચે કનેક્ટિવિટીમાં સુધારો થતાં આસામનું બોડોલેન્ડ ટ્રાન્સિટ અને ટ્રેડ હબ તરીકે ઉભરી આવશે. નોર્થ-ઈસ્ટના સ્થાનિક બિઝનેસ અને સમુદાયોને ભુતાનમાં વેપાર સંબંધો સ્થાપિત કરવાની તક મળશે. ઉલ્લેખનીય છે, વર્ષ ૨૦૧૮થી ભારત પોતાના રેલવે નેટવર્કને ભુતાન સાથે જોડવા માગે છે.

ભારતના પાડોશી દેશો પાકિસ્તાન, બાંગ્લાદેશ, મ્યાનમાર, અફઘાનિસ્તાનમાં રાજકીય ઉથલ-પાથલના કારણે કનેક્ટિવિટી નેટવર્ક સંબંધિત સંબંધો અવારનવાર ખોટવાયા છે. નવેમ્બર, ૨૦૨૩માં ભારત-મ્યાનમાર રેલ નેટવર્ક પ્રોજેક્ટ માટે મિઝોરમની રાજધાની એજવાલથી મ્યાનમારની બોર્ડર હિબિછુઆહ સુધી ૨૨૩ કિમી રેલવે લાઈનનો સર્વે હાથ ધરાયો હતો. પરંતુ મ્યાનમારમાં રાજકીય ઉથલપાથલના કારણે આ પ્રોજેક્ટ અધવચ્ચે જ અટકી પડ્યો હતો.

બાંગ્લાદેશમાં પણ સત્તાપલટો બાદ ત્રિપુરાના અગરતલાથી બાંગ્લાદેશના અખોરા માટે ભારત-બાંગ્લાદેશ રેલવે લિંકનો પ્રોજેક્ટ ખોટવાયો છે. આ નવા રેલવે પ્રોજેક્ટનું બજેટ રૂ. ૭૦૮.૭૩ કરોડનું હતું. પરંતુ શેખ હસીનાના પલાયન બાદથી જુલાઈ, ૨૦૨૪થી બંગાળ અને બાંગ્લાદેશ વચ્ચે ટ્રેન સર્વિસ બંધ છે.

CMYK

CMYK

શ્રી નૂતન સૌરાષ્ટ્ર
SINCE 1948
SHRI NUTAN SAURASHTRA

## ગુજરાતી ભાષાની સૌથી વધુ અવહેલના ગુજરાતીઓએ જ કરી !!

કોઈપણ ભાષા તેના કુદરતી ક્રમે વિકસે કે લુપ્ત થાય તે સમજી શકાય, પણ ગુજરાતમાં ગુજરાતીને પરાણે લુપ્ત કરવાના પ્રયત્નો થતા હોવાની વાતો ખુલી રહી છે. ગુજરાત સરકાર ગુજરાતી માધ્યમની સ્કૂલો બંધ કરતી જાય છે ને અંગ્રેજી માધ્યમની સ્કૂલોને લાઈસન્સ આપતી જાય છે. આપણને એનું આશ્ચર્ય થતું નથી કે અંગ્રેજ સરકારે તેની કોઈ ગરજ ન હતી, એ સમયે ગુજરાતી સ્કૂલો શરૂ કરાવી અને ગુજરાત સરકાર ગુજરાતી સ્કૂલો બંધ કરાવીને અંગ્રેજી સ્કૂલો શરૂ કરવાની દિશામાં આગળ વધતી હોવાની ચિંતા દરેક ગુજરાતી અનુભવી રહ્યો છે. પ્રારંભિક શિક્ષણ માતૃભાષામાં જ હોવું જોઈએ, એવું દુનિયા પોકારીને કહે છે, પણ ગુજરાતને એ જાણે કે સંભળાતું નથી. ગુજરાતી વિષયમાં બોર્ડની પરીક્ષામાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ નાપાસ થાય છે. એની સામે અંગ્રેજીમાં નાપાસ થનારની સંખ્યા ઓછી હોવાની ચર્ચા થાય એ શરમજનક છે. એનો અર્થ એ કે ગુજરાતી તરફ અંગ્રેજી કરતાં ધ્યાન ઓછું જ અપાય છે. આવું એટલે કહેવાનું કારણ, ઈઝરાયેલની રચના ૧૯૪૮માં થઈ ત્યારે જ હિબ્રૂને અધિકૃત ભાષા તરીકે જાહેર કરવામાં આવી. એ વખતે હિબ્રૂમાં કોઈ સાહિત્ય ઉપલબ્ધ ન હતું. ઈઝરાયલે સાત વર્ષમાં હિબ્રૂમાં તમામ સામગ્રી તૈયાર કરાવી ને પછી શિક્ષણનો પ્રારંભ કર્યો. કોઈ પ્રજા માતૃભાષા પરત્વે કેવંછ મમત્વ દાખવી શકે તેનું ઈઝરાયેલ વૈશ્વિક ઉદાહરણ છે.

પશ્ચિમનાં આટલાં અનુકરણ પછી પણ, મહારાષ્ટ્રમાં મરાઠી, બંગાળમાં બંગાળી, પંજાબમાં પંજાબી ભાષાને સંસ્કૃતિની અસર જોવા મળે છે. એવી સ્થિતિ ગુજરાતમાં જુદી હોવાની વાત છે. અહીં અંગ્રેજી, અંગ્રેજી એટલે થાય છે, કારણ કે ગુજરાતનો વિદ્યાર્થી અમેરિકા, ઈંગ્લેન્ડ જાય તો ત્યાં અંગ્રેજીમાં ચાલતા વ્યવહારમાં કાચો ન પડે. સરકાર એ ચિંતા કરે તે વાજબી પણ છે, પણ એવા વિ-દેશીઓ માટે સરકાર અંગ્રેજી ભણાવવાની જુદી વ્યવસ્થા કરી શકે ! વિદેશમાં અવદશા ન થાય એટલે સરકાર અંગ્રેજી પર વધારે ધ્યાન આપે ને વધુ અંગ્રેજીની સ્કૂલો ખોલે તો ભલે, પણ આખું ગુજરાત કે તેના ૭ કરોડ ગુજરાતીઓ ઈંગ્લેન્ડ કે અમેરિકામાં વસવાના નથી એ સત્ય માટે બન્ને તરફે ઈરાદાપૂર્વક આંખ આડા કાન થાય છે. સંતાનની અંગ્રેજીની જોડણી ખોટી ન પડે એની કાળજી અભણ માબાપ પણ રાખે છે, પણ ગુજરાતીનો શિક્ષક વર્ગમાં ખોટું ગુજરાતી બોલે કે લખે તેની ચિંતા કોઈને નથી. આજના વેપારી યુગમાં શિક્ષણને સંવેદન જોડે ઝાઝી લેવાદેવા રહી નથી. કમાવી આપે તે શિક્ષણ એ નવી નીતિ છે. માત્ર ધંધાકીય કૌશલ્ય જ કેન્દ્રમાં રહે ને કલા, સાહિત્ય, સંગીત પાછળ નાખવામાં આવે તો માણસ અને યંત્ર વચ્ચે ઝાઝો ફરક નહીં રહે. આજની ભાષા સલાહ, ઉપદેશ કે પ્રચાર પૂરતી જ સીમિત થઈ ગઈ છે.

# પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે તોરખામ ક્રોસિંગ પર અંધાધૂંધ ગોળીબાર

પેશાવર,તા.૩

સોમવારે વહેલી સવારે એક મુખ્ય સરહદ ક્રોસિંગ પોઈન્ટ પર પાકિસ્તાની અને અફઘાન દળો વચ્ચે ગોળીબાર થયો. બે પડોશી દેશો વચ્ચેના વિવાદને કારણે આ સ્થળ એક અઠવાડિયાથી વધુ સમયથી બંધ છે. ગોળીબારમાં તોરખામ ક્રોસિંગની બંને બાજુ કોઈ જાનહાનિના અહેવાલ નથી. રવિવારે બંને દેશોના અધિકારીઓએ સરહદ ખોલવા અને શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે બેઠક યોજી હતી પરંતુ મુદ્દાનો કોઈ ઉકેલ આવ્યો ન હતો.

અફઘાનિસ્તાન દ્વારા ત્યાં નવા બોર્ડર ક્રોસિંગના નિર્માણ સામે પાકિસ્તાને વાંધો ઉઠાવ્યો હોવાથી આ ક્રોસિંગ ૧૧ દિવસથી બંધ છે. ગોળીબારને કારણે બંને દેશોએ અગાઉ તોરખામ અને દક્ષિણપશ્ચિમ ચમન સરહદ ક્રોસિંગ બંધ કરી દીધા હતા. આ ક્રોસિંગ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે વેપાર અને મુસાફરી માટે મહત્વપૂર્ણ છે.

એક પાકિસ્તાની અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે તાલિબાન સુરક્ષા દળોએ સોમવારે વહેલી સવારે કોઈપણ ઉશ્કેરણી વિના પાકિસ્તાની સરહદ ચોકીને નિશાન બનાવીને ઓટોમેટિક હથિયારોથી ગોળીબાર કર્યો હતો. અધિકારીએ જણાવ્યું કે પાકિસ્તાની જવાનોએ પણ વળતો જવાબ આપ્યો. કાબુલમાં તાલિબાન સરકાર તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી.

# માયાવતીએ ભત્રીજા આકાશ આનંદને BSPમાંથી સસ્પેન્ડ કર્યો

લખનૌ,તા.૩

બહુજન સમાજવાદી પાર્ટીના સુપ્રીમો માયાવતીએ પોતાના ભત્રીજા આકાશ આનંદને પાર્ટીમાંથી કાઢી મૂક્યા છે. આ પહેલાં રવિવારે માયાવતીએ આકાશ આનંદને પાર્ટીની તમામ જવાબદારીમાંથી મુક્ત કરી દીધા હતા. આ સાથે જ તેમણે કહ્યું હતું કે, 'હવે મારા છેલ્લા શ્વાસ સુધી પાર્ટીમાં મારો કોઈ ઉત્તરાધિકારી નહીં હોય.' નોંધનીય છે કે, માયાવતીએ આકાશના સસરા અશોક સિદ્ધાર્થને પણ ગત મહિને પાર્ટીમાંથી બરતરફ કરી દીધા હતા.

નોંધનીય છે કે, ૧૭ ફેબ્રુઆરીએ બસપાએ દેશભરના કોઓર્ડિનેટરની બેઠક બોલાવી હતી. આ બેઠકમાં માયાવતીએ જાહેરાત કરી હતી કે, હવે આકાશ આનંદને નેશનલ કોઓર્ડિનેટર નહીં રહે. ત્યારબાદ રવિવારે (બીજી માર્ચ) લખનૌમાં બોલાવવામાં આવેલી બેઠક બાદ આકાશને પાર્ટીના તમામ પદથી મુક્ત કરી દેવાયા હતાં. બાદમાં ૨૪ કલાકની અંદર જ આકાશ આનંદને પાર્ટીમાંથી જ બરતરફ કરી દીધાં છે.

હકીકતમાં, માયાવતીને ઘણાં સમયથી એવું લાગી રહ્યું હતું કે, આકાશ આનંદ જેને તેમણે પોતાની પાર્ટીના ઉત્તરાધિકારી જાહેર કર્યા છે, તે સંપૂર્ણ રીતે પોતાના સસરા અશોક સિદ્ધાર્થના પ્રભાવમાં છે. રાષ્ટ્રીય કોઓર્ડિનેટર રહેતા આકાશ પર અશોક સિદ્ધાર્થનો પ્રભાવ વધારે છે અને અશોક સિદ્ધાર્થ માયાવતીના નાક નીચે પોતાની સમાંતર સિસ્ટમ ચલાવી રહ્યાં છે. જેમાં દેશના મોટા કોઓર્ડિનેટર અને નેતા વિના માયાવતીની જાણકારી વિના જ તેમની સિસ્ટમનો ભાગ બની ચુક્યા હતાં.

# ગુજરાત વિધાનસભા સત્રનું જીવંત પ્રસારણ કરવા કોંગ્રેસની રજૂઆત

અમદાવાદ,તા.૩

ગુજરાત વિધાનસભા સત્ર દરમિયાનની કાર્યવાહીનું જીવંત પ્રસારણ કરવા માંગ ઊઠી છે. આ મામલે વિધાનસભાના વિપક્ષ નેતા અમિત ચાવડાએ વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીને પત્ર લખીને રજૂઆત કરી છે.

આ પત્રમાં લખ્યું છે કે,'ગુજરાતની પ્રજા પોતાના સવાલો, સમસ્યાઓ, સૂચનો, સુવિધાઓ અને સુશાસન માટે પોતાનો અવાજ રજુ કરવા ૧૮૨ વિધાનસભા વિસ્તારોમાંથી પોતાના પ્રતિનિધિને ચૂંટીને લોકશાહીના મંદિર સમા ગુજરાતની વિધાનસભામાં ચૂંટીને મોકલે છે. ત્યારે પોતાના વિસ્તારના લોકો અને ગુજરાતની જનતાનો અવાજ, લાગણી અને માગણીઓ વિધાનસભામાં રજૂ કરે અને સરકારના ધ્યાન પર લાવે છે જે જાણવા, જોવાનો પ્રજાનો હક છીનવી લેવામાં આવ્યો છે.'

કોંગ્રેસ નેતા અમિત ચાવડાએ પત્રમાં લખ્યું કે, 'સંસદની કાર્યવાહીનું જીવંત પ્રસારણ કરવામાં આવે છે. ૨૮ રાજ્યોની વિધાનસભા સત્રની કાર્યવાહીનું પણ જીવંત પ્રસારણ કરવામાં આવે છે.

ગુજરાતની પ્રજાના ટેક્સના પૈસાથી વિધાનસભા સત્રની સમગ્ર કાર્યવાહીનો ખર્ચ કરવામાં આવે છે, પગાર અને સુવિધાઓ પણ પ્રજાના પૈસા ભોગવે છે તે જોવાનો અને જાણવાનો પ્રજાનો પણ અધિકાર બને છે.'વિધાનસભા સત્રની કાર્યવાહીના એક એકતરફી પ્રસારણ અંગે અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, 'સમાચાર માધ્યમોમાં માહિતી વિભાગ દ્વારા જે વિધાનસભાની કાર્યવાહીના અંશો લોકશાહીના ધબકારના સ્વરૂપે મોકલવામાં આવે છે. જે અધૂરા-એકતરફી અને પક્ષપાત પૂર્વકના હોય છે. જેમાં સરકારના ચોક્કસ મંત્રીઓના પ્રવચનોના વીડિયો રાજકીય એજન્ડાઓને ઉજાગર કરવા જાહેર કરવામાં આવે છે.

# અંજારમાં સગી માતા પર પુત્રનો દુષ્કર્મ : માતાનું મોત

## માતાનું મોત થતાં મામલો રેપ વિથ મર્ડરમાં ફેરવાયો

અંજાર,તા.૩

ગુજરાતના અંજારમાંથી માતા-દીકરાના સંબંધને લજવતી ઘટના સામે આવી છે. વાત એમ છે કે, અહીં ૨૭ ફેબ્રુઆરીએ ૫૦ વર્ષના દીકરાએ દારૂના નશામાં ૮૦ વર્ષની માતા પર દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટના બાદ વૃદ્ધાને બ્રેઈન સ્ટ્રોક આવ્યો હતો. બાદમાં તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન ત્રીજી માર્ચે તેમનું મૃત્યુ નિપજ્યું છે. આ મામલે આરોપીના નાના ભાઈની પત્નીએ હવે અંજાર પોલીસ સ્ટેશનમાં સગી માતા સામે દુષ્કર્મ આચરી હત્યાનો ગુનો નોંધાવ્યો હતો. પોલીસે આ નરાધમ દીકરાની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જો કે, હવે માતાનું મૃત્યુ થતા આ કેસમાં હત્યાની કલમ પણ ઉમેરાશે.

મળતી માહિતી અનુસાર, અંજાર તાલુકાના સતાપર ગામે ૨૭મી ફેબ્રુઆરી માનવ જાતને હચમચાવી દેનારી ઘટના સામે આવી હતી. ૫૦ વર્ષીય પુત્રએ ૮૦ વર્ષની માતા પર દુષ્કર્મ આચર્યું હતું. પુત્રએ આચરેલાં પાપના કારણે બ્રેઈન સ્ટ્રોક અને હેમરેજનો શિકાર બનેલી વૃદ્ધાએ બેહોશીની હાલતમાં વેન્ટિલેટર પર દમ તોડી દીધો છે. આ ઘટનાને લઈને નરાધમ પુત્ર સામે સમાજમાં સર્વત્ર ફિટકાર વરસી રહ્યો છે. ત્યારે અંજાર બાર એસોસિએશન સાથે જોડાયેલાં વકીલોએ પણ આ જઘન્ય અપરાધના આરોપી પુત્રનો કેસ નહીં લડવા સંકલ્પ કર્યો છે.

અંજારના પોલીસ ઈન્સ્પેક્ટર એ.આર. ગોહિલે જણાવ્યું કે, 'આ ગુનામાં દુષ્કર્મની સાથે હત્યાની કલમનો ઉમેરો કરીને આગળની તજવીજ હાથ ધરી છે.'જો કે, માતા-પુત્રના સંબંધીઓએ જણાવ્યું હતું કે, 'આ આધેડ કોઈ કામધંધો કરતો નથી અને દારૂ પીવે છે. કેટલીક વખતે તો તે માતા પાસે દારૂ પીવા માટે પૈસા પણ માંગતો હતો. ના મળે તો માતાને ભીખ માંગવા મજબૂર કરતો. આ વ્યક્તિથી આખું ગામ ત્રસ્ત છે.'

# ટેસ્લાના માલિક એલોન મસ્ક ૧૪મા બાળકના પિતા બન્યા

વોશિંગ્ટન, તા.૩

વિશ્વના સૌથી ધનિક વ્યકિત એલોન મસ્ક ૧૪મા બાળકના પિતા બની ગયા છે. મસ્કની કંપની ન્યુરાલિંકની એક્ઝિક્યુટિવ શિવોન જિલિસ ૧૪મા બાળકની માતા છે. આ બાળકનું નામ સેલ્ડન લાઈકર્ગસ રાખવામાં આવ્યું છે. શિવોન જિલિસે શુક્રવારે બાળકના જન્મની માહિતી એક્સ પર આપી છે. શિવોન જિલિસે લખ્યું કે, એલોન સાથે વાતચીત કર્યા પછી અમે અનુભવ્યું કે અમારા અદ્ભૂત અને અવિશ્વસનિય પુત્ર અંગેની જાણકારી શેયર કરવી શ્રેષ્ઠ રહેશે. જોકે, તેમણે એ નથી જણાવ્યું કે પુત્રનો જન્મ ક્યારે થયો છે. આ સાથે શિવોને લખ્યું કે, એ એક શકિતશાળી યોદ્ધાની જેમ મજબૂત છે, અને તેનું હૃદય સોના જેવા નિર્મળ છે. અમે તેને ખૂબ પ્રેમ કરીએ છીએ. શિવોન અને મસ્કને પહેલાથી જ ત્રણ બાળક છે. ઉલ્લેખનીય છે કે એલોન મસ્કે તાજેતરના દિવસોમાં વિશ્વમાં ઘટી રહેલા જન્મદર પર ચિંતા વ્યકત કરી હતી અને આ બાબતને માનવ સંસ્કૃતિ માટે સૌથી મોટો ખતરો ગણાવી હતી. હવે મસ્ક ૧૪મા બાળકના પિતા બન્યા છે, તેની પાછળ આ દર્શન કારણભૂત માનવામાં આવે છે.

# રાજ્યની ચાર વીજ કંપનીને A+ રેટિંગ આપવામાં આવ્યું

અમદાવાદ,તા.૩

રાજ્ય વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં ઊર્જામંત્રી કનુ દેસાઈએ જણાવ્યું કે રાજ્યમાં સરકારી વીજ કંપનીઓ દ્વારા વીજ ઉત્પાદન અને વીજ વિતરણની સુચારુ કામગીરી અને સુદઢ વીજમાળખાને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા દેશની ૪૨ સરકારી વીજ વિતરણ કંપનીઓમાંથી ગુજરાતની ચારેય વીજ વિતરણ કંપનીને A+ રેટિંગ મળ્યું છે. જેમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની, મધ્ય ગુજરાત વીજ કંપની અને ઉત્તર ગુજરાત વીજ કંપનીને અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય જ્યારે પશ્ચિમ ગુજરાત વીજ કંપની પાંચમા ક્રમે આવે છે.

રાજ્યમાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ આપવામાં આવેલાં વીજ જોડાણો અંગેની વિગતો આપતાં મંત્રીએ જણાવ્યું કે વર્ષ ૧૯૯૭થી અમલી થયેલી આ યોજના હેઠળ ડિસેમ્બર, ૨૦૨૪ સુધીમાં રાજ્યમાં આશરે રૂ. ૫૮૩.૩૪ કરોડના ખર્ચે કુલ ૧૦,૯૬,૫૮૧ જેટલા પરિવારોને ઘર વપરાશનાં વીજજોડાણો આપવામાં આવ્યા છે.જે અંતર્ગત કચ્છ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણની માહિતી આપતાં ઊર્જામંત્રીશ્રીએ જણાવ્યું કે તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ની સ્થિતિએ છેલ્લાં ૨ વર્ષમાં જિલ્લાના વિવિધ તાલુકાના ૧૪૧૯ લાભાર્થીઓને કુલ રૂ.૬૫.૪૩ લાખના ખર્ચે વીજજોડાણ આપવામાં આવ્યાં છે.

આ અંગે મંત્રીએ માહિતી આપતાં જણાવ્યું કે, રાજ્યના તમામ વિસ્તારના કોઈ પણ જ્ઞાતિના ગરીબ લાભાર્થીઓ પૈકી શહેરી વિસ્તારમાં રૂ. ૧.૫૦ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતાં તથા ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૧.૨૦ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતાં લાભાર્થીઓ આ યોજના હેઠળ ઘર વપરાશનું વીજજોડાણ મેળવી શકે છે.આ યોજના હેઠળ ઘરવપરાશના વીજ જોડાણ માટે લેવા માટે અરજદારો દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં તાલુકા પંચાયત કચેરીએ, જ્યારે શહેરી વિસ્તારોમાં નગર પાલિકાએ નોંધાવેલી અરજી વીજ વિતરણ કંપનીની સંલગ્ન ક્ષેત્રીય કચેરી દ્વારા અરજદારનો સંપર્ક કરી, જરૂરી દસ્તાવેજો મેળવીને વીજ જોડાણ આપવાની કામગીરી કરવામાં આવે છે. જેના માટેનો તમામ ખર્ચ રાજ્ય સરકાર દ્વારા ભોગવવામાં આવે છે, જ્યારે લાભાર્થીએ ઘરવપરાશના વીજજોડાણ માટે કોઈ જ રકમ ભરપાઈ કરવાની રહેતી નથી તેમ ઊર્જા મંત્રીએ ઉમેર્યું હતું.

# સેન્ટ્રલ બેન્ક વિરુદ્ધ એડ બ્યુરોના કેસમાં સર્વોચ્ચ અદાલતનો ચુકાદો નફા માટે લોન લેનારાઓ કાયદાની દ્રષ્ટિએ 'ગ્રાહક' નથી : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા.૩ઃસુપ્રીમ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં જણાવ્યું હતું કે જો લોનધારકે નફો કમાવવા માટે લોન લીધી હોય તો તે લોનધારકને ગ્રાહક સુરક્ષા ધારા હેઠળ 'ગ્રાહક' ગણી શકાય નહીં. રાષ્ટ્રીય ગ્રાહક વિવાદ નિવારણ પંચ ((દ્ગઝ્રઙ્ઘઈઝ્ર)ના આદેશ સામે સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાએ દાખલ કરેલી અરજીની સુનાવણી કરતાં સર્વોચ્ચ અદાલતે આ ચુકાદો આપ્યો હતો. આ કેસમાં સેન્ટ્રલ બેન્કે રજનીકાંત અભિનીત ફિલ્મ કોચાદૈયાના પોસ્ટ પ્રોડક્શન માટે એડ બ્યુરો એડવર્ટાઈઝિંગને રૂ.૧૦ કરોડની લોન આપી હતી. બ્યુરો ચૂકવણીમાં ડિફોલ્ટ થયા પછી બેન્કે ડેબ્ટ્સ રિકવરી ટ્રિબ્યુનલ સમક્ષ મુકદ્દમા શરૂ કર્યો હતો અને રૂ.૩.૪૬ કરોડમાં વન-ટાઈમ સેટલમેન્ટ થયું હતું. એડ બ્યુરોએ દલીલ કરી હતી કે વન-ટાઈમ સેટલમેન્ટ મુજબ રકમ ચૂકવી હોવા છતાં બેન્કે તેને ઝ્રૈંમ્ન્ સમક્ષ ડિફોલ્ટર જાહેર કરી હતી અને તેનાથી તેની અને બિઝનેસની પ્રતિષ્ઠાને નુકસાન થયું હતું.આ પછી કંપનીએ દ્ગઝ્રઙ્ઘઈઝ્રનો સંપર્ક કર્યો હતો અને બેંકની સેવામાં ખામી હોવાનો આરોપ મૂક્યો હતો. દ્ગઝ્રઙ્ઘઈઝ્રએ એડ બ્યુરોની અરજીને ગ્રાહક ફરિયાદ તરીકે મંજૂર કરી હતી અને બેન્કે રૂ.૭૫ લાખનું વળતર ચૂકવવા અને ડિફોલ્ટર ન હોવાનું પ્રમાણપત્ર આપવાનો આદેશ આપ્યો હતો. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે અમે એ હકીકતથી વાકેફ છીએ કે કંપની એક વેપારી સાહસ હોવાથી તેને ગ્રાહકની વ્યાખ્યામાંથી દૂર કરી શકાય નહીં, પરંતુ આ કિસ્સામાં લોન લેવાનો મુખ્ય હેતુ નફો કમાવવાનો હતો.

# લૂંટ કરે તે પહેલા જ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પંજાબના ચાર શખ્સોની કરી ધરપકડ

અમદાવાદ,તા.૩

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આંતર રાજ્ય ગેંગના ચાર આરોપીને ઝડપીને મોટી લૂંટનો યત્ન નિષ્ફળ બનાવ્યો છે. આ આરોપીઓ હથિયારોથી સજ્જ હતા અને Ahmedabadમાં મોટી લૂંટ કરવા માટે તૈયારીમાં હતા. ઝડપાયેલા આરોપીઓમાં ગગનદીપસિંગ રંધાવા, રનજોધસિંગ બદેસા, મનપ્રિતસિંગ બટ્ટી અને પ્રભજોતસિંગ બટ્ટીનો સમાવેશ થાય છે. ક્રાઈમ બ્રાન્ચે તેમની પાસેથી બે પિસ્તોલ, પાંચ કારતૂસ અને છરા જપ્ત કર્યા.

આ ચારેય આરોપી પંજાબથી અમદાવાદ લૂંટના ઈરાદે આવ્યા હતા. બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચે શાંતિપુરા ચોકડી પાસે તેમની ધરપકડ કરી. આરોપીઓએ માણેકચોક જેવી જગ્યાઓ પર રેકી કરી હતી અને ત્યાં આવેલી આંગડિયા પેઢી પર લૂંટ કરવાની યોજના બનાવી હતી.

મુખ્ય આરોપી ગગનદીપસિંગ રંધાવાએ આખા પ્લાનનું સૂત્રધારપન કર્યું હતું. ગ્રુપમાં સામેલ મનપ્રિતસિંગ બટ્ટી અને પ્રભજોતસિંગ બટ્ટી અગાઉ અમદાવાદમાં ક્રેન ઓપરેટર તરીકે કામ કરતા હોવાથી તેઓ શહેરની હલચાલથી સારી રીતે પરિચિત હતા, જેનાથી તેમની ભૂમિકા આ લૂંટ માટે મહત્વપૂર્ણ બની હતી.

તપાસ દરમિયાન જાણવા મળ્યું કે ગગનદીપસિંગે અમૃતસરના વોન્ટેડ ગુનેગાર હેપ્પી બટ્ટર પાસેથી રૂ. ૩૦,૦૦૦નાં હથિયારો ખરીદ્યા હતા. પરંતુ Ahmedabadમાં લૂંટને અંજામ આપે તે પહેલાં જ ક્રાઈમ બ્રાન્ચે તેમની ધરપકડ કરી લીધી. ગગનદીપસિંગ રંધાવા વિરુદ્ધ પંજાબમા NDPS, હત્યા, ચોરી અને મારામારી જેવા અનેક ગુના નોંધાયેલા છે. તેમ છતાં મ્.ષ્ઠર સુધીનું ભણતર મેળવેલા આ વ્યક્તિએ ભવ્ય જીવનશૈલી માટે ગુનાહિત માર્ગ અપનાવ્યો. હાલ ચારેય આરોપીનો ચાર દિવસનો રિમાન્ડ મેળવવામાં આવ્યો છે અને તેમની વિરુદ્ધ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ઓક્ટોબર-૨૦૨૩ પછી જન્મેલા લોકોના પાસપોર્ટ બર્થ સર્ટિફિકેટ વિના નહીં બને

નવી દિલ્હી, તા.૩

દેશમાં પાસપોર્ટ અંગે એક નવો નિયમ લાગુ કરવામાં આવ્યો છે. ૧ ઓક્ટોબર ૨૦૨૩ પછી જન્મેલા તમામ લોકોએ હવે પાસપોર્ટ માટે અરજી કરતી વખતે જન્મ પ્રમાણપત્ર આપવું પડશે. નવા નિયમો હેઠળ ૧ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ અથવા તે પછી જન્મેલા અરજદારો માટે જન્મ પ્રમાણપત્રને જન્મ તારીખનો એકમાત્ર માન્ય પુરાવો ગણવામાં આવશે. જ્યારે જૂના અરજદારો અન્ય દસ્તાવેજોનો વિકલ્પ પસંદ કરી શકે છે.ગેઝેટ નોટિફિકેશનમાં પ્રકાશિત પાસપોર્ટ (સુધારા) નિયમો ૨૦૨૫ મુજબ આ કટઓફ તારીખ પહેલા જન્મેલા લોકો હજુ પણ જન્મના પુરાવા તરીકે વૈકલ્પિક દસ્તાવેજો સબમિટ કરી શકે છે. જેમાં ટ્રાન્સફર સર્ટિફિકેટ, સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ, મેટ્રિક્યુલેશન સર્ટિફિકેટ, પાન કાર્ડ, સરકારી કર્મચારીઓ માટે સર્વિસ રેકોર્ડ અથવા પેન્શન ઓર્ડર, ડ્રાઈવિંગ લાઈસન્સ, મતદાર ઓળખ કાર્ડ અને LIC અથવા જાહેર કંપનીઓ દ્વારા જારી કરાયેલા પોલિસી બોન્ડનો સમાવેશ થાય છે.ભૂતકાળમાં પણ જન્મ પ્રમાણપત્ર ફરજિયાત સબમિટ કરવા માટે કટઓફ તારીખ ૨૬ જાન્યુઆરી ૧૯૮૯ નક્કી કરવામાં આવી હતી. જોકે, ૨૦૧૬માં આ તારીખ દૂર કરવામાં આવી હતી અને બધા અરજદારો તેમની પાસપોર્ટ અરજી સાથે ઉપરોક્ત કોઈપણ દસ્તાવેજો જન્મના પુરાવા તરીકે જોડી શકે તેના માટે પાસપોર્ટ નિયમોમાં સુધારો કરવામાં આવ્યો હતો.કેન્દ્ર સરકાર દ્વારા આ અઠવાડિયે પાસપોર્ટ નિયમોમાં સુધારાને અસર કરતી એક સત્તાવાર નોંધ જારી કરવામાં આવી હતી. આ નોંધ અંગે અધિકારીઓ દ્વારા કહેવામાં આવ્યું હતું કે સુધારાઓ સત્તાવાર ગેઝેટમાં પ્રકાશિત થયા પછી નવા નિયમો અમલમાં આવશે.

# ઈઝરાયલમાં ઘૂસવાની કોશિશ કરતા ભારતીય યુવકની હત્યા, સુરક્ષાદળે ગોળી મારી દીધી

જોર્ડન,તા.૩ઃકેરળના એક વ્યક્તિની જોર્ડન બોર્ડર પર ગોળી મારીને હત્યા કરી દેવાઈ છે. આ સંબંધમાં તેના પરિવારને અમ્માનમાં હાજર ભારતીય દૂતાવાસનો એક પત્ર મળ્યો છે. પત્ર અનુસાર યુવક ત્રણ અન્ય લોકોની સાથે પર્યટક વિઝા પર જોર્ડન ગયો હતો. તેને સુરક્ષા દળોએ ગોળી મારી દીધી છે. આરોપ લાગ્યો છે કે આ ત્રણેય શખ્ય ગેરકાયદેસર રીતે બોર્ડર પાર કરવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં. મૃતકની ઓળખ થૉમસ ગેબ્રિયલ પરેરા તરીકે થઈ. તેની ઉંમર ૪૭ વર્ષની હતી અને તિરુવનંતપુરમની પાસે થુંબાનો રહેવાસી હતો.મૃતકની સાથે હાજર ૪૩ વર્ષીય એડિસન નામની એક અન્ય વ્યક્તિને પણ ગોળી વાગી હતી. જોકે તે ઠીક થઈ ગયો. થુંબાનો જ મૂળ રહેવાસી એડિસન પણ બે દિવસ પહેલા કેરળમાં પોતાના ઘરે પહોંચ્યો.

## સુડોકુ નં. ૧૮૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | | | 3 | 1 | 7 | | | 9 |
| | 9 | | | 2 | | | 7 | |
| 4 | | | 8 | | 9 | | | 5 |
| | 3 | 9 | | | | 7 | 1 | |
| | | | | | | | | |
| | 8 | 6 | | | | 3 | 9 | |
| 3 | | | 1 | | 5 | | | 6 |
| | 6 | | | 4 | | | 5 | |
| 1 | | | 6 | 8 | 2 | | | 7 |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧)દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨)દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩)પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪)શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૮૨નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 7 | 5 | 2 | 1 | 3 | 8 | 9 | 6 |
| 1 | 2 | 9 | 5 | 8 | 6 | 7 | 4 | 3 |
| 6 | 3 | 8 | 7 | 9 | 4 | 5 | 1 | 2 |
| 2 | 9 | 7 | 3 | 5 | 1 | 4 | 6 | 8 |
| 3 | 1 | 6 | 8 | 4 | 9 | 2 | 7 | 5 |
| 8 | 5 | 4 | 6 | 7 | 2 | 1 | 3 | 9 |
| 5 | 4 | 2 | 9 | 6 | 7 | 3 | 8 | 1 |
| 7 | 6 | 3 | 1 | 2 | 8 | 9 | 5 | 4 |
| 9 | 8 | 1 | 4 | 3 | 5 | 6 | 2 | 7 |

# આપની આજ...

મેષઃ આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ તમને મળશે. સાસરિયા તરફથી પૂરતી રકમ મળી શકે છે.

વૃષભઃ આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે. કર્મચારીઓનો આદર અને સહયોગ પણ પૂરતો રહેશે. સાંજના સમયે કોઈ ઝઘડામાં ના પડો.

મિથુનઃ આજનો દિવસ સંતોષપૂર્ણ અને શાંતિપૂર્ણ બની રહી શકે છે. રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. સરકાર અને સત્તા વચ્ચેના જોડાણનો લાભ તમને મળી શકે છે.

કર્કઃ આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં વિતાવશો. વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલી સમસ્યા સમાપ્ત થઈ જશે. કેટલાક અટકેલા કામ સાંજના સમયે થવાની સંભાવના છે.

સિંહઃ તમારે કડવાશને મીઠાશમાં રૂપાંતરિત કરવાની કળા શીખવી પડશે. તમને તમારા જીવનસાથી તરફથી સહયોગ મળશે. સંતાન તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે.

કન્યાઃ આજે તમારો દિવસ મિશ્રિત રહેશે, પરંતુ સ્વાસ્થ્ય નરમ રહેશે. કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને તમારે અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે. તમારી વાતોને લીધે કોઈની સાથે મતભેદો અને વિવાદ થઈ શકે છે.

તુલાઃ આજે કોઈ કિંમતી વસ્તુની ચોરીનો ભય રહેશે. બાળકોના શિક્ષણમાં અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચારોને લીધે મનમાં આનંદ થશે. કોઈપણ અટકેલા કામ સાંજે પૂર્ણ થશે.

વૃશ્ચિકઃ આજે વૃશ્ચિક રાશિના લોકોએ તેમના સ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખવું પડશે. વાયુ વિકારની ફરિયાદો હોઈ શકે છે. બ્લડ પ્રેશરના દર્દીઓના રોગમાં વધારો થઈ શકે છે. નોકરી-વ્યવસાયની દ્રષ્ટિએ દિવસ મિશ્રિત રહેશે.

ધનઃઆજે તમારી આસપાસ કોઈ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

મકરઃઆજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે. સાંજથી રાત સુધી તમને પ્રિયજનોના દર્શન તેમજ શુભ સમાચાર મળશે.

કુંભઃ આજે તમને ભાગ્યનો સહયોગ મળશે. રોજગાર-વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાત્મક સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી પણ સંતોષકારક સુખદ સમાચાર મળશે. બપોરે કોઈપણ કાયદાકીય વિવાદ અથવા કેસમાં વિજય તમારા માટે ખુશીનું કારણ બની શકે છે.

મીનઃ આજની સ્થિતિમાં મન વિચલિત રહી શકે છે. આવકના નવા સ્રોત સર્જાશે પરંતુ માનસિક મૂંઝવણને કારણે તમે લાભથી વંચિત રહી શકો છો. નમ્રતા- વાણીથી આદર મળશે. તમને શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે. કેટલાંક લોકો આજે વધુ વ્યસ્ત હોઈ શકે છે.

OWNER, EDITOR, PRINTER & PUBLISHER: VIKRAM HASMUKHRAI RAVAL, PLACE OF PRITING PRESS: RASHTRIYA PRINTER,14/B, BHAKTINAGAR IND. ESTATE, DIST-RAJKOT, GUJART, PLACE OF PUBLICATION: SHRI NUTAN SAURASHTRA, MAHENDRA IND. ESTATE, NEAR MAHARANI LAXMIBAI KANYA VIDHYALAYA, TAGORE ROAD, DIST-RAJKOT, GUJARAT

# ગીરના સિંહો જોયા પછી વડાપ્રધાને ઘટતા શેરો તરફ પણ જોવું જોઈતું હતુંઃ કોંગ્રેસ

નવીદિલ્હી,તા.૩

ગુજરાત મુલાકાત દરમિયાન ગીર રાષ્ટ્રીય ઉદ્યાનમાં જંગલ સફારી માટે ગયેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર કોંગ્રેસે કટાક્ષ કર્યો છે. કોંગ્રેસના નેતા પવન ખેરાએ ગીરમાં સિંહોના ફોટા ક્લિક કરતા પીએમ મોદીનો ફોટો ફરીથી પોસ્ટ કર્યો. શેરબજારમાં સતત ઘટાડાનો ઉલ્લેખ કરતા, તેમણે પીએમ મોદીને આ મુદ્દાની ગંભીરતાને સમજવા અને હસ્તક્ષેપ કરીને તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવા અપીલ કરી. સોમવારના કારોબાર પછી પણ શેરબજાર ઘટાડા સાથે બંધ થયું. સેન્સેક્સ ૧૧૨.૧૬ પોઈન્ટ ઘટીને ૭૩,૦૮૫.૯૪ પર બંધ થયો. નિફ્ટી ૫.૪૦ પોઈન્ટ ઘટીને ૨૨,૧૧૯.૩૦ પર બંધ થયો.

શેરબજારમાં ઘટાડા સાથે સંબંધિત એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં, એ જાણવું પણ રસપ્રદ છે કે ૨૯ વર્ષ પછી, નેશનલ સ્ટોક એક્સચેન્જના નિફ્ટીમાં સતત પાંચમા મહિને ઘટાડો જોવા મળ્યો. આ પહેલા ૧૯૯૬માં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. નાણાકીય નુકસાનનો ઉલ્લેખ કરતા, કોંગ્રેસના મીડિયા અને પ્રચાર વિભાગના વડા પવન ખેરાએ ઠ હેન્ડલ પર વિકાસ ભદૌરિયાની પોસ્ટનો સ્ક્રીનશોટ શેર કર્યો. તેમણે લખ્યું, 'ગીરના સિંહો જોયા પછી, તમારે શેર પડતા પણ જોયા હશે સર...' વિકાસ ભદૌરિયા દ્વારા શેર કરાયેલી તસવીરોમાં, પીએમ મોદી કેમેરા સાથે ફોટા ક્લિક કરતા જોઈ શકાય છે અને ગીર રાષ્ટ્રીય ઉદ્યાનમાં સિંહો અને તેમના બચ્ચા જોઈ શકાય છે.

તમને જણાવી દઈએ કે કોંગ્રેસ પહેલા પણ મોદી સરકારની આર્થિક નીતિઓને લઈને આક્રમક રહી છે. ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયામાં, પાર્ટીના સાંસદ રાહુલ ગાંધી, ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી જયરામ રમેશ અને પવન ખેરાએ બજારમાં સતત ઘટાડા અંગે એક પ્રેસ કોન્ફરન્સમાં પીએમ મોદીની આર્થિક નીતિઓ પર પ્રશ્નો ઉઠાવ્યા હતા.

નોંધનીય છે કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી દરમિયાન, અગાઉ વડા પ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહે શેરબજારમાં રોકાણ સંબંધિત નિવેદનો આપ્યા હતા. જોકે, પ્રચંડ બહુમતી સાથે સરકાર બનાવવાનો દાવો કરનાર ભાજપને માત્ર ૨૪૦ બેઠકોથી સંતોષ માનવો પડ્યો. આ પછી વિપક્ષી પાર્ટીઓએ કહ્યું કે પીએમ મોદીના નેતૃત્વવાળી સરકારે જનતા તેમજ રોકાણકારોનો વિશ્વાસ ગુમાવી દીધો છે. શેરબજારમાં સતત ઘટાડા અંગે કોંગ્રેસનો આરોપ છે કે પીએમ મોદી અને શાહના નિવેદનો પછી શેરબજારમાં મોટા પાયે રોકાણ થયું છે. હવે રોકાણકારોના લાખો કરોડ રૂપિયા ખોવાઈ રહ્યા છે પણ સરકાર ચૂપ છે.

## સંસદમાં રાજ્યનું પ્રતિનિધિત્વ ઘટી શકે છે

# સ્ટાલિને રાજ્યના લોકોને શક્ય હોય તેટલા વધુ બાળકો પેદા કરવા અપીલ કરી

ચેન્નાઈ, તા.૩

તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને રાજ્યના લોકોને શક્ય તેટલી વહેલી તકે બાળકો પેદા કરવાની અપીલ કરી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, રાજ્યમાં વસ્તીને સફળતાપૂર્વક નિયંત્રિત કરવાના પરિણામો હવે રાજ્યને ભોગવવા પડી શકે છે. આ ઉપરાંત ચેતવણી આપતાં તેમણે કહ્યું કે, જો જનસંખ્યા આધારે સંસદીય બેઠકોનું સીમાંકન કરવામાં આવે તો તમિલનાડુને ભારે નુકશાન થઈ શકે છે. તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિન પોતાના નિવેદનમાં કહ્યું કે,પહેલા અમે કહેતા હતા કે, તમે આરામથી બાળકો પેદા કરો, પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે અને અમારે કહેવું પડે છે કે, તાત્કાલિક બાળકો પેદા કરો. એટલે જો વસ્તીના આધારે સંસદીય બેઠકોનું સીમાંકન કરવામાં આવે તો તેનું તમિલનાડુ લોકસભાની બેઠકો ઓછી થઈ શકે છે અને સંસદમાં રાજ્યનું પ્રતિનિધિત્વ ઘટી શકે છે. સ્ટાલિને સીમાંકન મુદ્દે ૫ માર્ચના રોજ દરેક પાર્ટીઓની બેઠક બોલાવી છે. મુખ્યમંત્રીએ તમામ રાજકીય પક્ષોને અંદરો-અંદરના મતભેદો ભૂલીને બેઠકમાં હાજરી આપવા અપીલ કરીને કહ્યું કે સીમાંકનનો મુદ્દો તમિલનાડુ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

આ પહેલા ૭૨માં જન્મદિવસના અવસરે તમિલનાડુ મુખ્યમંત્રીએ તેમના પક્ષના કાર્યકરોને અપીલ કરતાં કહ્યું કે, આજે તમિલનાડુ બે મહત્ત્વના પડકારો સામે ઝઝુમી રહ્યું છે. તેમાંથી એક ભાષાની લડાઈ, જે આપણી જીવનરેખા છે. તો બીજી બાજુ સીમાંકનની લડાઈ છે, જે અમારો અધિકાર છે. હું તમને અપીલ કરુ છું કે, લડાઈ વિશે લોકોને સમજાવવામાં આવે. સીમાકંનની સીધી અસર રાજ્યના આત્મ સમ્માન, સામાજીક ન્યાય અને લોકોની કલ્યાણકારી યોજના પર થશે. તમારે આ સંદેશને લોકો સુધી લઈને જવાનો છે, જેથી કરીને દરેક લોકો રાજ્યને બચાવવા માટે દરેક નાગરિક એક થઈ શકે.

નોંધનીય છે કે,વર્ષ ૨૦૨૬માં સીમાંકનની પ્રક્રિયા શરુ થશે. જો વસ્તીના આધારે સીમાંકન કરવામાં આવે તો દક્ષિણ રાજ્યોમાં લોકસભા બેઠકોની સંખ્યામાં ઘટાડો થઈ શકે છે અને ઉત્તર રાજ્યોમાં બેઠકોની સંખ્યામાં વધારો થઈ શકે છે. અને તેનો દક્ષિણના રાજ્યો વિરોધ કરી રહ્યા છે.

# આરોપીના ઘરે દરોડા પાડવા ગયેલી પોલીસે નવજાત બાળકને કચડી નાખ્યું

અલવર, તા. ૩

રાજસ્થાનના અલવર જિલ્લામાં પોલીસ રેડ દરમ્યાન એક નવજાત શિશૂનું દર્દનાક મૃત્યુ થયું છે. પોલીસે અહીં દરોડા સાઈબર ફ્રોડના કેસમાં આરોપીને પકડવા માટે ગઈ હતી. જો કે, પરિવારનો આરોપ છે કે, આ દરમ્યાન પોલીસકર્મીની લાપરવાહીના કારણે શિશૂનું મૃત્યુ થઈ ગયું. આ ઘટના શનિવારના રોજ અલવર જિલ્લાના નૌગાંવા વિસ્તારમાં આવેલા એક ઘરમાં થઈ હતી. જે બાદ પરિવારે બે પોલીસકર્મી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

અધિક પોલીસ અધિક્ષક તેજપાલ સિંહના જણાવ્યા અનુસાર, પોલીસ ટીમ આરોપીની ધરપકડ કરવા માટે પરિવારના ઘરે પહોંચી હતી. આ સમય દરમિયાન, બાળકી અલીસ્બા તેની માતાની બાજુમાં ખાટલા પર સૂતી હતી. પરિવારનો આરોપ છે કે પોલીસે બાળકને કચડી નાખ્યું હતું, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. જ્યારે બાળકીની માતાએ વાંધો ઉઠાવ્યો, ત્યારે પોલીસે કથિત રીતે તેને ઘરમાંથી બહાર કાઢી મૂકી. પરિવારનું એમ પણ કહેવું છે કે દરોડા દરમિયાન કોઈ મહિલા પોલીસ અધિકારી હાજર નહોતી. આ ઘટના બાદ, સ્થાનિક ગ્રામજનોએ રવિવારે અલવર પોલીસ અધિક્ષકના નિવાસસ્થાનની બહાર પોલીસની કથિત બેદરકારી સામે ભારે વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિરોધ કરનારાઓએ આરોપી પોલીસકર્મીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી. તેમનું કહેવું છે કે પોલીસ દ્વારા આ પ્રકારનું વર્તન અસ્વીકાર્ય છે અને આ કેસમાં વહેલી તકે ન્યાય મળવો જોઈએ. પોલીસ અધિકારીએ કહ્યું કે આ મામલાની ગંભીરતાથી તપાસ કરવામાં આવી રહી છે અને યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

# શાળામાં ફોનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી શકાય નહીંઃ કોર્ટ

નવી દિલ્હી, તા.૩

દિલ્હી હાઈકોર્ટે શાળાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા સ્માર્ટફોનના ઉપયોગને લઈને મોટો નિર્ણય સંભળાવ્યો છે. હાઈકોર્ટે કહ્યું છે કે, શાળાઓમાં સ્માર્ટફોનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી શકાય નહીં. શાળાઓમાં સ્માર્ટફોનનો ઉપયોગ કરતા વિદ્યાર્થીઓ અંગે કોર્ટે કહ્યું કે આ ઉપકરણ વિદ્યાર્થીઓ અને પરિવારના સભ્યો વચ્ચે સંકલન જાળવવા સહિત ઘણા હેતુઓ પૂરા કરે છે, જેનાથી બાળકોની સુરક્ષા સુનિશ્ચિત થાય છે. વિશ્વના અન્ય ઘણા દેશોની શાળાઓમાં મોબાઈલ ફોન પર પ્રતિબંધ છે. આવી સ્થિતિમાં ભારત નવા રસ્તા પર આગળ વધી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. કોર્ટે કહ્યું કે નીતિ તરીકે વિદ્યાર્થીઓને શાળાઓમાં સ્માર્ટફોન લઈ જવાથી રોકી શકાય નહીં, પરંતુ તેના ઉપયોગ પર નજર રાખી શકાય છે. વિદ્યાર્થીઓ તેમના ફોનને શાળામાં સુરક્ષિત જગ્યાએ રાખી શકે છે અને જ્યારે તેઓ ઘરે જાય છે ત્યારે તેને પરત લઈ શકે છે. વર્ગખંડમાં શિસ્ત જાળવવા માટે, વર્ગમાં ફોનના ઉપયોગ પર પ્રતિબંધ હોવો જોઈએ અને સામાન્ય વિસ્તારોમાં અને શાળાના વાહનોમાં સ્માર્ટફોન કેમેરા અને રેકોર્ડિંગના ઉપયોગ પર પ્રતિબંધ હોવો જોઈએ.

કોર્ટે પોતાના આદેશમાં એમ પણ કહ્યું કે, શાળાઓએ તેમના વિદ્યાર્થીઓને જવાબદારી પૂર્વકના ઓનલાઈન વર્તન, ડિજિટલ રીતભાત અને ફોનના નૈતિક ઉપયોગ વિશે જાગૃત કરવા જોઈએ. આ સિવાય વિદ્યાર્થીઓને વધુ પડતો સ્ક્રીન ટાઈમ, સાયબર બુલીંગ અને બેચેની વગેરેથી બચવા માટે કાઉન્સેલિંગ આપવું જોઈએ.

અમેરિકા અને ફ્રાન્સ સહિત વિશ્વના ઘણા દેશોમાં વિદ્યાર્થીઓના મોબાઈલ ફોનના ઉપયોગ પર પ્રતિબંધ છે. સ્વીડનમાં, ૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને સ્ક્રીનનો ઉપયોગ કરવાની મંજૂરી નથી. કિશોરાવસ્થામાં પણ, વિદ્યાર્થીઓ મર્યાદિત સમય માટે સ્ક્રીનનો ઉપયોગ કરી શકે છે.

તેવી જ રીતે અમેરિકા પણ શાળાઓમાં ફોનના ઉપયોગ પર નિયમો બનાવવાનું વિચારી રહ્યું છે. ઈટાલીમાં, માધ્યમિક શાળા સુધીના વિદ્યાર્થીઓ ફોનનો ઉપયોગ કરી શકતા નથી.

## આદિત્ય ઠાકરેની માંગ- સપા નેતાની કરો ધરપકડ

# સપના નેતાએ ઔરંગઝેબના વખાણ કરતા I.N.D.I.A. ગઠબંધનમાં તિરાડ!





મુંબઈ, તા.૩

સમાજવાદી પાર્ટીના નેતા અબુ આઝમીએ ઔરંગઝેબના વખાણ કરતા શિવસેના યુબીટીના નેતા આદિત્ય ઠાકરેએ તેમની ધરપકડ કરવાની માંગ કરી છે. આઝમીએ વિવાદાસ્પદ નિવેદન કરી કહ્યું હતું કે, 'ઔરંગઝેબ શ્રેષ્ઠ રાજા હતા, તેમના સમયમાં ભારત 'સોને કી ચિડિયા' હતું. ઔરંગઝેબની કબર ખોદવાનું કહેનારા ભાજપ નેતા સાંપ્રદાયિક સૌહાર્દ બગાડી રહ્યા છે. મુસ્લિમો પર દબાણ કરવામાં આવી રહ્યું છે.'

બીજીતરફ આઝમીના નિવેદન પર ભાજપ નેતા રામ કદમે કહ્યું કે, 'અબુ અસીમ આઝમીએ થિયેટરમાં જઈને છાવા ફિલ્મ જોવી જોઈએ. ઈતિહાસ વાંચવો જોઈએ. તેઓ જેને શ્રેષ્ઠ રાજા કહી રહ્યા છે, તેણે આપણા સંભાજી રાજાને બર્બરતા પૂર્વક માર્યા અને તેમને જેલમાં ધકેલ્યા હતા. અબુ આઝમીને શરમ આવવી જોઈએ.'અબુ આઝમીએ અગાઉ પણ ઔરંગઝેબનું સમર્થન કર્યું હતું. વર્ષ ૨૦૨૩માં ઔરંગઝેબ સમર્થન કરનારા આઝમીને જાનથી મારવાની ધમકી મળી હતી. ત્યારબાદ તેમણે મુંબઈના કોલાબા પોલીસ સ્ટેશનમાં FIR નોંધાવી હતી. ઉલ્લેખનીય છે કે, I.N.D.I.A. ગઠબંધનમાં સાથી પક્ષોમાં સમાજવાદી પાર્ટી અને શિવસેના યુબીટી પાર્ટી સામેલ છે. તેથી શિવસેના યુબીટીના નેતા આદિત્ય ઠાકરેએ વિવાદાસ્પદ નિવેદન કરનાર સપા નેતા આઝમીની ધરપકડની માંગ કરતા ગઠબંધનમાં તિરાડ પડી શકે છે.

વાસ્તવમાં છાવા ફિલ્મ નિહાળનારા લોકો ઔરંગઝેબ પર સંભાજી મહારાજે કરેલા અત્યાચારની વાતો કરી રહ્યા છે અને આ મુદ્દે ઈતિહાસના પાના પલટી રહ્યા છે. સંભાજી મહારાજ છત્રપતિ શિવાજી મહારાજના મોટા પુત્ર હતા. છાવા ફિલ્મમાં વિક્કી કૌશલે સંભાજી મહારાજનાનો રોલમાં છે. સંભાજી મહારાજ મરાઠા સામ્રાજ્યના બીજા શાસક હતા. ઔરંગજેબ છઠ્ઠો મુગલ શાસક હતોઅનેતેણે ૧૬૫૮થી ૧૭૦૭ સુધી શાસન સંભાળ્યુંહતું. એવું કહેવાય છે કે, ઔરંગજેબે ક્રુરતા સાથે કડક શરિયા કાયદો લાગુ કર્યો હતો. ૧૭૦૭માં ઔરંગજેબનું મોત થયુંહતું.

# પુણેમાં અંદાજે ૨૫ કરોડ રૂપિયાની કિંમતના ચંદનના લાકડા સાથે ૨ ઝડપાયા

પુણે,તા.૩

મહારાષ્ટ્રના પુણેમાં ચંદનના લાકડાની દાણચોરીના રેકેટનો પોલીસે પર્દાફાશ કર્યો છે. જેમાં પોલીસે ૨૫ કરોડ રૂપિયાના ચંદનનું લાકડું પણ જપ્ત કર્યું છે. આ કાર્યવાહી રવિવારે બપોરે કરવામાં આવી હતી. આ કેસમાં પોલીસે અર્પિત સિંહ નામના વ્યક્તિ અને કન્ટેનર ડ્રાઈવરની અટકાયત કરી છે. હાલમાં પોલીસ બંનેની પૂછપરછ કરી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, પુણે-મુંબઈ એક્સપ્રેસ વે પર ઉર્સે ટોલ નાકા પર ખંડણી વિરોધી ટુકડીએ મુંબઈ તરફ જઈ રહેલા એક કન્ટેનરને પકડ્યું. પોલીસને બાતમી મળી હતી કે કન્ટેનરમાં મોટા પ્રમાણમાં ચંદનની દાણચોરી થઈ રહી છે. પોલીસને જાણવા મળ્યું છે કે ચંદનના લાકડાને નારિયેળના દોરડા નીચે કન્ટેનરમાં છુપાવીને તેની દાણચોરી કરવામાં આવી રહી છે. પોલીસ આરોપીઓની પૂછપરછ કરી રહી છે પોલીસે અંદાજ લગાવ્યો છે કે દસથી બાર ટન ચંદનનું લાકડું હોઈ શકે છે.

આ ચંદનની કિંમત આશરે ૨૦થી ૨૫ કરોડ રૂપિયા હોવાની શક્યતા છે. આ કેસમાં પોલીસે અર્પિત સિંહ નામના વ્યક્તિ અને કન્ટેનર ડ્રાઈવરની અટકાયત કરી છે.ઉપરાંત, પોલીસ ધરપકડ કરાયેલા આરોપીઓની પૂછપરછ કરી રહી છે અને જાણવાનો પ્રયાસ કરી રહી છે કે ચંદન ક્યાં જઈ રહ્યો હતો? પોલીસે દાવો કર્યો છે કે આરોપીઓની પૂછપરછ દરમિયાન ઘણા મોટા ખુલાસા થઈ શકે છે. હાલમાં આ મામલાની તપાસ ચાલી રહી છે.

# પાકિસ્તાનથી આવેલી સીમા હૈદર પાંચમા બાળકની માતા બનશેઃ સચિનના ઘરે સીમંત વિધિ થઈ



નોઈડા,તા.૩

પાકિસ્તાનથી ભારતમાં આવેલી સીમા હૈદર ટૂંક સમયમાં પાંચમા બાળકની માતા બનવા જઈ રહી છે. રવિવારે ગ્રેટર નોઈડાના રબૂપુરામાં તેમની સીમંત વિધિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ ખાસ અવસર પર સીમાએ ભાઈ માનેલા વકીલ એપી સિંહ પોતાની માતા સાથે ખાસ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં મહિલાઓએ પરંપરાગત ગીત ગાઈને આ કાર્યક્રમને ખાસ બનાવ્યો હતો. આ ખાસ અવસર પર પાડોશની મહિલાઓ પણ આ કાર્યક્રમમાં આવીને ગીતો ગાઈ કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવ્યા હતા.

આપને જણાવી દઈએ કે, સીમા હૈદર કોઈને કોઈ કારણસર ચર્ચામાં બની રહે છે. પછી તે કોઈ તહેવાર હોય કે ખાસ અવસર. તે પોતાનો વીડિયો શેર કરવાનું ભૂલતી નથી. હવે સીમા હૈદર બાળકની માતા બનવા જઈ રહી છે અને નવા મહિનામાં પ્રવેશ કરી ચૂકી છે. આ જ કારણે રવિવારે સીમા હૈદરના માનેલા ભાઈ અને સુપ્રીમ કોર્ટના વકીલ ડો. એપી સિંહે સીમા હૈદરના ઘરે પહોંચી ખોળો ભરાવવાની રસમ પૂરી કરી હતી.

# ૧૫ લોકોને લાઈનમાં ઉભા રાખ્યા અને ગોળી મારી હતી તે ડાકુ સુંદરી કુસુમનું મૃત્યુ



ઈટાવા,તા.૩

ચંબલ ખીણમાં એક સમયે આતંક ફેલાવનાર કુખ્યાત ડાકુ સુંદરી કુસુમા નૈનનું સારવાર દરમિયાન મૃત્યુ થયું. તે ઈટાવા જિલ્લા જેલમાં સજા કાપી રહી હતી. ભૂતપૂર્વ ડાકુ કુસુમા નૈને લખનૌ પીજીઆઈમાં સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા. એક મહિના પહેલા તેમની તબિયત બગડતા તેમને ઈટાવા જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પ્રાથમિક સારવાર બાદ, કુસુમાને સૈફઈ મેડિકલ યુનિવર્સિટીમાં રિફર કરવામાં આવી. ડોકટરોની ટીમે તેમને લખનૌ પીજીઆઈ રેફર કર્યા, જ્યાં તેમની સારવાર સતત ચાલી રહી હતી.

લગભગ એક મહિના સુધી સારવાર લીધા બાદ, કુસુમાનું લખનૌ પીજીઆઈમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું. ઈટાવા જિલ્લા જેલના અધિક્ષકે મૃત્યુની પુષ્ટિ કરી અને કહ્યું કે કુષ્મા લાંબા સમયથી ઈટાવા જિલ્લા જેલમાં બંધ હતી. તેમની બીમારીને કારણે, તેમને સારવાર માટે મોકલવામાં આવ્યા હતા, પરંતુ ગયા શનિવારે લખનૌ પીજીઆઈમાં તેમનું અવસાન થયું.

કુસુમા નૈન લગભગ ૨૦ વર્ષથી ઈટાવા જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહી હતી. કુખ્યાત ડાકુ રામાસારે ઉર્ફે ફક્કડ, જે ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં આતંકનો પર્યાય હતો, અને તેની આખી ગેંગ, જેમાં તેની સહયોગી ભૂતપૂર્વ ડાકુ સુંદરી કુસુમા નૈનનો પણ સમાવેશ થાય છે, તેણે જૂન ૨૦૦૪માં મધ્ય પ્રદેશના ભિંડ જિલ્લાના દમોહ પોલીસ સ્ટેશનની રાવતપુરા ચોકી પર આત્મસમર્પણ કર્યું. ગેંગના તમામ સભ્યોએ તત્કાલીન ભિંડ પોલીસ અધિક્ષક સાજિદ ફરીદ શાપૂ સમક્ષ બિનશરતી આત્મસમર્પણ કર્યું હતું. આ ગેંગે ઉત્તર પ્રદેશમાં ૨૦૦થી વધુ અને મધ્ય પ્રદેશમાં ૩૫ ગુનાઓ કર્યા હતા.ઉત્તર પ્રદેશ પોલીસે કુસુમા નૈન પર ૨૦,૦૦૦ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું, જ્યારે મધ્યપ્રદેશે ૧૫,૦૦૦ રૂપિયાનુંઈનામ જાહેર કર્યું હતું. ફક્કડની સહયોગી, કુસુમા નૈન, જે કાનપુરની રહેવાસી છે, તે જાલૌન જિલ્લાના સિરસાકલરની રહેવાસી છે. આત્મસમર્પણ કરનાર ગેંગના અન્ય સભ્યોમાં મધ્યપ્રદેશના છતરપુર જિલ્લાના રામ ચંદ વાજપેયી, ઈટાવાના સંતોષ દુબે, કમલેશ વાજપેયી, ભૂરે સિંહ યાદવ અને મનોજ મિશ્રા, કાનપુરના કમલેશ નિષાદ અને જાલૌનના ભગવાન સિંહ બઘેલનો સમાવેશ થાય છે, જેના પછી તે ઈટાવા જિલ્લા જેલમાં સજા ભોગવી રહી હતી.

# દંપત્તિના પુત્રની હત્યા કરનાર યુપીની શહેજાદીને UAEમાં અપાઈ ફાંસી

લખનૌ,તા.૩

કેન્દ્ર સરકારે દિલ્હી હાઈકોર્ટને માહિતી આપી છે કે, યુએઈમાં દંપત્તિના પુત્રની હત્યા કરવા બદલ ઉત્તર પ્રદેશની શહેજાદીને ૧૫ ફેબ્રુઆરીએ ફાંસી અપાઈ છે. તેણીએ ફાંસી પહેલા પરિવારજનોને ફોન કર્યો હતો, ત્યારબાદ તેણીના પિતાએ વિદેશ મંત્રાલયને હસ્તક્ષેપ કરવા અરજી કરી હતી. એએસજી ચેતન શર્માએ કહ્યું કે, અધિકારીઓ તમામ સંભવ મદદ કરી રહ્યા છે અને પાંચમી માર્ચે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે.

યુએઈએ શહેજાદીને મોતની સજા આપી હતી, જેના કારણે તેણીના પિતાએ વિદેશ મંત્રાલયને હસ્તક્ષેપ કરવા અરજી કરી હતી. યુએઈ સ્થિત ભારતીય દૂતાવાસને ૨૮ ફેબ્રુઆરીએ યુએઈ સરકાર દ્વારા સત્તાવાર માહિતી મળી હતી કે, શહેજાદીને ફાંસીની સજા અપાઈ છે. વિદેશ મંત્રાલયે દિલ્હી હાઈકોર્ટને માહિતી આપી છે કે, સંયુક્ત અરબ અમીરાતના કાયદા અને નિયમો મુજબ શહેજાદીને ૧૫ ફેબ્રુઆરીના રોજ ફાંસી અપાઈ છે.ઉત્તર પ્રદેશના બાંદાના ગોયરા મુરલીના ગામમાં રહેતી શહેજાદીને વર્ષ ૨૦૨૧માં અબુધાબી મોકલાઈ હતી. એવું કહેવાય છે કે, આગરાના ઉજૈર નામના વ્યક્તિએ શહેજાદીને લક્ઝરી લાઈફ અને ચહેરાની સારવાર કરાવવાની લાલચ આપી હતી અને પછી તેણીને આગરાના દંપત્તીને વેંચી દીધી હતી. આ મામલો સામે આવ્યા બાદ સીજેએમ કોર્ટના આદેશ પર દુબઈમાં રહેતા આગરાના દંપત્તી અને આરોપી ઉજૈર વિરુદ્ધ માનવ તસ્કરીનો કેસ નોંધવામાં આવ્યો છે.શહેજાદી અબુધાબીમાં દંપત્તીના પુત્રની દેખરેખ કરતી હતી. જોકે અચાનક દંપત્તીના પુત્રનું મોત થતા તેઓએ શહેજાદી પર હત્યાનો આક્ષેપ કર્યો હતો. ત્યારબાદ અબુધાબીની કોર્ટે તપાસ કર્યા બાદ શહેજાદીની ધરપકડ કરી મોતની સજા સંભળાવી હતી. શહેજાદીને ફાંસીની સજા મળ્યા બાદ તેણીના પિતા શબ્બીર ખાને જિલ્લા વહિવટી તંત્ર અને સરકારને ફરીયાદ કરી પુત્રીને બચાવવા અપીલ કરી હતી.

-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ – કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ/કેસ/રજી.નં.૧૬/૨૦૨૫

પ્રતિ,
શ્રી સોરઠીયા જુબેદાબેન સીદીભાઈ
રહે.બાવાના પીપળવા,તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ..........અરજદાર

વકીલશ્રી એચ.જી.રાઠોડ તથા જી.કે.રાઠોડ, રહે.કોડીનાર

વિરૂધ્ધ
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, બાવાના પીપળવા,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ..........સામાવાળા

-જાહેર નોટીસ:-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના બાવાના પીપળવા ગામના રહીશ શ્રી સોરઠીયા સીદીભાઈ હાસમભાઈ તથા શ્રી સોરઠીયા જુબેદાબેન સીદીભાઈનો પુત્ર સોરઠીયા સતારભાઈ સીદીભાઈનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૭ ના રોજ કોડીનાર તાલુકાના બાવાના પીપળવા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના બાવાના પીપળવા ગામના સને ૧૯૭૭ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૬/૦૩/૨૦૨૫ના રોજ ૦૪:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૫/૦૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

(ડી.જી.પરમોરા)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# સુરતના ચાર યુવકોની મુંબઈ એરપોર્ટ પર ધરપકડ

## બેંગકોકથી લાવી રહ્યા હતા રૂ.૧૫.૮૫ કરોડનો ગાંજો

મુંબઈ, તા.૩

મુંબઈ એરપોર્ટ કસ્ટમ્સના એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU)એ આજે સોમવારે બેંગકોકથી મેળવેલા ૧૫.૮૫ કરોડ રૂપિયાના હાઈડ્રોપોનિક ગાંજાની દાણચોરી કરવાના આરોપમાં ચાર શખ્સની ધરપકડ કરી હતી. ચારેય આરોપી ગુજરાતના સુરતના હોવાનું સામે આવ્યું છે. કસ્ટમ અધિકારીએ ગાંજો જપ્ત કરીને વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, મુંબઈ એરપોર્ટ ખાતેથી સુરતના ચાર યુવાનોને રૂ.૧૫.૮૫ કરોડ હાઈડ્રોપોનિક ગાંજાની દાણચોરી મામલે કસ્ટમ્સના એર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા ઝડપી પાડવામાં આવ્યા છે. ધરપકડ કરાયેલા વ્યક્તિની ઓળખ સુરતના રહેવાસી ભાવિક પ્રજાપતિ (ઉં.વ. ૨૫), ધાર્મિક મકવાણા (ઉં.વ. ૨૨), રોનિત બલાર (ઉં.વ. ૨૩) અને હિતેનકુમાર કાછડિયા (ઉં.વ. ૨૩) તરીકે થઈ છે. સ્પોટ પ્રોફાઈલિંગના આધારે, AIUના અધિકારીઓએ ગઈકાલે રવિવારે છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર બેંગકોકથી આવેલા ચાર મુસાફરોની અટકાયત કરી હતી.

કસ્ટમ્સના એર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા અટકાયત કરાયેલા શખ્સોના સામાનની તપાસ દરમિયાન દરેક મુસાફર પાસેથી ગાંજાના આઠ પેકેટ મળી આવ્યા હતા. જેમાં ૧૫.૮૪ કિલોગ્રામ વજનનો હાઈડ્રોપોનિક ગાંજો હોવાનું સામે આવ્યું હતું. જેની કિંમત ૧૫.૮૫ કરોડ રૂપિયા છે. અધિકારીએ ઝડપાયેલો સામાન જપ્ત કરીને વધુ તપાસ હાથ ધરી હતી.

સમગ્ર મામલે કસ્ટમ અધિકારીએ જણાવ્યું હતું કે, ભારતમાં દાણચોરી કરીને લાવેલા જપ્ત કર્યો હતો.

જોકે, આરોપીઓ ભારતમાં પ્રતિબંધિત વસ્તુની દાણચોરી કરવાના બદલામાં ઝડપથી અને સરળતાથી મોટી રકમ મેળવી રહ્યા હતા. જ્યારે આ મામલે આરોપીઓએ જણાવ્યું હતું કે, 'તેઓ જાણતા હતા કે હાઈડ્રોપોનિક ગાંજો અને અન્ય ગેરકાયદેસર દવાઓની ભારતમાં દાણચોરી કરવા પર કડક સજા થાય છે.' મળતી માહિતી મુજબ, છેલ્લા થોડા સમયમાં અંદાજે ૫૦ યુવાનો ઝડપાયા છે.

# ૧ કરોડ રૂપિયાના વીમાના પૈસા મેળવવા પત્નીએ પુત્ર સાથે મળીને પતિની હત્યા કરી

સાંગલી,તા.૩

મહારાષ્ટ્રના સાંગલીમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં, ૧ કરોડ રૂપિયાના વીમાના પૈસા માટે, પત્નીએ તેના પુત્ર અને એક જીવનસાથી સાથે મળીને તેના પતિની હત્યા કરી. આ હત્યા તેમના ૧ કરોડ રૂપિયાના વીમાનો દાવો કરવા માટે કરવામાં આવી હતી. માતા અને પુત્ર બંનેની મૃત્યુને અકસ્માત ગણાવવાના આરોપસર ધરપકડ કરવામાં આવી છે.

પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર, આરોપીઓની ઓળખ વનિતા બાબુરાવ પાટિલ, તેનો પુત્ર તેજસ બાબુરાવ પાટિલ અને તેનો મિત્ર ભીમરાવ ગણપતરાવ હલવાન તરીકે થઈ છે, જેમની પોલીસે ૧ માર્ચે સાંગલીથી ધરપકડ કરી હતી. પહેલા માતા અને તેના પુત્રએ દેવા હેઠળ દબાયેલા ખેડૂત પિતા બાબુરાવ પાટિલ (૫૬) ને આત્મહત્યા કરવા મજબૂર કર્યા. જ્યારે તે સંમત ન થયો, ત્યારે તેઓએ તેને મારી નાખ્યો. આ હત્યા ૧૦ ફેબ્રુઆરીના રોજ સવારે ૨ થી ૩ વાગ્યાની વચ્ચે મિરાજ-પંઢરપુર હાઈવે પર લાંડેવાડી નજીક થઈ હતી.

બાબુરાવ પાટિલનો મૃતદેહ હોટલ આર્યા પાસે મળી આવ્યો હતો અને તેમના ભાઈ સાગર પાટિલ તેમને સરકારી હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં શરૂઆતમાં તેને અકસ્માત માનવામાં આવ્યો હતો અને છઠ્ઠઈ દાખલ કરવામાં આવ્યો હતો પરંતુ પોલીસને માતા અને પુત્રના નિવેદનો પર શંકા ગઈ. તેણે બંનેના મોબાઈલ લોકેશન શોધી કાઢ્યા. બંનેએ પોલીસને જણાવ્યું હતું કે ઘટનાના દિવસે તેઓ કરાડમાં હતા પરંતુ મોબાઈલ લોકેશનના આધારે તેમનું નિવેદન ખોટું નીકળ્યું.

પોલીસ પૂછપરછ દરમિયાન, માતા અને પુત્ર બંનેએ પોતાનો ગુનો કબૂલ કર્યો અને જણાવ્યું કે પાટીલ પર લગભગ ૫૦ લાખ રૂપિયાનું દેવું હતું, જેના કારણે લોકો નિયમિતપણે તેમના ઘરે પૈસા માંગવા આવતા હતા અને જ્યારે બેંક તરફથી ઘર હરાજી માટે નોટિસ આવી ત્યારે તેઓએ બાબુરાવ પાટીલને આત્મહત્યા કરવા માટે ઉશ્કેર્યા. પરંતુ જ્યારે આવું ન થયું, ત્યારે બંને (પત્ની અને પુત્ર) એ એક સાથી સાથે મળીને હત્યાનું કાવતરું ઘડ્યું.

# વૃદ્ધોની સમસ્યા અને સમાધાન વિશે આજે રેડિયો વાર્તાલાપ...

રાજકોટ, તા.૩

પ્રસાર ભારતી એફએમ-૧૦૨ ઉપર તા.૪, માર્ચ-૨૦૨૫ મંગળવારે સાંજે ૫:૧૫ વાગ્યે ભરત કરમટા દ્વારા અખિલ હિન્દ મહિલા પરિષદ રાજકોટના પ્રમુખ ડો.ભાવના જોશીપુરાની લીધેલ મુલાકાત પ્રસારીત થશે. આ મુલાકાતનુ ન્યુઝ ઓન એર એપ ઉપર પણ જીવંત પ્રસારણ થશે.

### સમૂહલગ્નના નામે છેતરવાનો ટ્રેન્ડ

# રાજકોટ બાદ હવે પેટલાદનો કિસ્સો, જમવાનું અને કરિયાવર ન આપ્યા

પેટલાદ, તા. ૩

રાજકોટમાંથી તાજેતરમાં એક ઘટના સામે આવી હતી, જ્યાં સમૂહલગ્નના આયોજનના નામ પર આયોજકોએ વર અને કન્યાના સપના પર પાણી ફેરવી દીધા હતા. ત્યારે હવે આવો જ વધુ એક કિસ્સો આણંદના પેટલાદમાંથી સામે આવ્યો છે. જ્યાં સમૂહલગ્નના આયોજનમાં જમવાનું અને કરિયાવર ન મલતા હોબાળો થયો હતો. આખરે આ મામલે પોલીસ મથક સુધી પહોંચ્યો હતો. એટલું જ નહીં આ કપલ્સ પાસેથી ૨૧ હજાર રુપિયા પણ લીધા હતા, જ્યારે વ્યવસ્થાના નામે કંઈ હતું નહીં.

વાત જાણે એમ છે કે, આણંદમાં જનમંગલ ચેટીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત જેએમ ગ્રુપ દ્વારા સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં નગરપાલિકાના કોમ્યુનિટી હોલમાં ૭ કપલનો લગ્નોત્સવ યોજાયો હતો. પણ લગ્ન પ્રક્રિયા પુરી થતાં જમવાની વ્યવસ્થા ન મળતા હોબાળો થયો હતો. બાદમાં આ મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો. હાલ પોલીસ આ કેસમાં તપાસ કરી રહી છે.

અહીં ઉલ્લેખનિય છે કે, થોડા દિવસ પહેલા આવો જ એક કિસ્સો રાજકોટમાંથી પણ સામે આવ્યો હતો. જ્યાં સમૂહ લગ્નનું આયોજન કરી આયોજકો ફરાર થઈ ગયા હતા. જેના કારણે ૨૮ કપલ રઝળી પડ્યા હતા. બાદમાં રાજકોટ પોલીસ અને અગ્રણીઓએ આગળ આવી આ કામ પાર પાડ્યું હતું. બાદમાં સરકારે આ મામલે તપાસ કરવાના આદેશ આપ્યા અને ગણતરીની કલાકોમાં આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા.

## રાજયપાલની તબિયત નાદુરસ્તના કારણે ગીરગંગા પરીવાર ટ્રસ્ટનો કાર્યક્રમ રદ

રાજકોટ તા.૩:

જત જણાવવાનું કે, તારીખ ૪ માર્ચ ના રોજ , મંગળવારના રોજ મહામહીમ રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી ખાતમુર્હુત કરવાના હતા તથા ભારતના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માતૃશ્રીના સ્મરણાર્થે બાલાજી વેફર્સના વિરાણી પરીવારના અનુદાનથી બનાવેલ હીરાબા સરોવરની પણ મુલાકાત લેવાના હતા . ત્યારબાદ કાલાવડ રોડ, કોસ્મોપ્લેક્સ સિનેમાની પાછળ આવેલ પેરેડાઈઝ હોલ ખાતે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો, ઉદ્યોગપતિઓ, દાતાઓ, સમાજ શ્રેષ્ઠીઓને પ્રાકૃતિક ખેતીમાં અને જીવનમાં વરસાદી શુધ્ધ અમૃત સમાન પાણીનું મહત્વ અને પાણીનું યોગ્ય જતન કરવા અંગેનું માર્ગદર્શન આપવાના હતા તેમાં ગુજરાત ના અલગ અલગ જીલ્લા માંથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો અને ગીરગંગા પરિવાર ટ્રસ્ટ ના વરસાદી પાણીના યોગ્ય જતન માટે ચેકડેમ રીપેરીંગ,ઊંડા,ઊંચા તેમજ નવા કરવા અને રીચાર્જ બોર કરવા માટે દાતાઓના આર્થિક સહયોગ છે તેવા ૨૦૦૦ થી વધુ લોકો પધારવાના હતા જે કાર્યક્રમ રદ થતા દરેક લોકોની દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

# યુવા સેના ટ્રસ્ટની માસિક અનુદાન યોજના

રાજકોટ, તા.૩

યુવા સેના ટ્રસ્ટ રાજકોટને અનેક વિધ સેવાકીય પ્રકલ્પો દ્વારા રાજકોટ શહેરમાં છેલ્લા ૧૨ વર્ષથી માનભર્યું સ્થાન પ્રાપ્ત કરેલ છે. જેમાં ખાસ કરીને સંસ્થાનુ હરતુ-ફરતુ અન્નક્ષેત્ર, ડાયાબીટીસ અને બ્લડ પ્રેશરની ફ્રીમાં તપાસ તેમજ વિદ્યાર્થીઓને પુસ્તકોનુ વિતરણ અને વિદ્યાર્થીઓ માટે વિવિધ વિષયો પર એસ.એસ.આઈ., પી.એસ.આઈ. તેમજ અન્ય સરકારી ભરતીઓ માટે પરીક્ષાની તૈયારી કરવા માટે તેઓને બુકસ ફ્રીમાં આપવામાં આવે છે, તેમજ મા-બાપ વિનાની દીકરીના સમુહ લગ્ન કરવા જેમાં ૧૬૦ થી વધુ આઈટમ કરીયાવરમાં આપવામાં આવે છે. અબોલ જીવોની સેવા તેમજ દરેક પ્રકારના મેડિકલ સાધનો ફ્રીમાં આપવામાં આવે છે. તેમજ સર્વજ્ઞાતિ મેરેજ બ્યુરો કાર્યરત છે. જેમાં દર શનિવારે ૧૫૦ થી વધુ બાળકો નાસ્તો આપવામાં આવે છે. તેમજ બહેનો માટે સાડીની લાઈબ્રેરી જેમાં પ્રસંગોમાં હજારોની કિંમતની સાડી ફ્રીમાં આપવામાં આવે છે. જેમાં ૯૦૦ થી પણ વધારે સાડીઓ હાજર સ્ટોકમાં છે. સમયાંતરે રકતદાતાઓ સાથે મળી જરૂરીયાતમંદ પરિવારને રકત પુરૂ પાડવુ. તેમજ ડાયાબીટીશ બીપીના દર્દીઓને ફ્રીમાં તપાસ કરી આપવામાં આવે છે. આ સેવા કરી અદ્વિતિય સ્થાન પ્રાપ્ત કરેલ છે. આ સેવા-કાર્યના બહોળા ખર્ચને પહોંચી વળવા તેમજ દાતાઓના દાન કર્યાનો આત્મસંતોષ મળી શકે તે હેતુસર સંસ્થા દ્વારા માસિક અનુદાન યોજના (મંથલી ડોનેશન સેવા)કાર્યાન્વિત કરેલ છે. જેમાં દાતાઓ રોજના રૂા.૫ ના સીકકાની બચત કરી મહિને રૂા.૧૫૦ થી શરૂ કરીને ગમે તેટલી રકમ દર માસે આપી શકે છે. જેનો ઉપયોગ અન્ન સેવા તથા જીવદયા તેમજ શિક્ષણ સહાય તેમજ મેડીકલ સેવા અને ઉપરોકત આપેલ તમામ સેવામાં તમારૂ અનુદાન ઉપયોગમાં લેવામાં આવશે.

# પીજીવીસીએલ દ્વારા કોટડાસાંગાણી તાલુકામાં સ્માર્ટ મીટરની કામગીરીનો આરંભ

(સલીમ પતાણી દ્વારા)

કોટડાસાંગાણી તા.૩:

ગુજરાત સરકારશ્રીની બહુ મહત્વકાંક્ષી સ્માર્ટ મીટર યોજનાનો સમગ્ર ગુજરાતમાં શુભારંભ થઈ ગયેલ છે જે અંતર્ગત કોટડાસાંગાણી તાલુકામાં પણ સ્માર્ટ મીટર લગાડવાની કામગીરીનો શુભારંભ થઈ ગયેલ છે જે પૈકી સૌપ્રથમ સ્માર્ટ મીટર કોટડાસાંગાણી માં પીજીવીસીએલ કચેરી એટલે કે જીબીની કચેરીએથી કરવામાં આવેલ છે આ બાબતે નાયબ ઇજને શ્રી ડી.એન. પટેલ કોટડા સાંગાણીનો સંપર્ક કરતા તેઓએ જણાવેલ છે કે "હાલ સરકારશ્રી ની યોજના અંતર્ગત સમગ્ર ગુજરાત અને કોટડા સાંગાણી તાલુકામાં પણ સ્માર્ટ મીટર લગાડવાની કામગીરી શરૂ કરવામાં આવેલી છે જેમાં પ્રથમ ચરણમાં કોટડા સ્થિત તમામ સરકારી કચેરીઓમાં આ મીટર લગાડવાની કામગીરી શરૂ કરેલ છે જેમાં કોટડા પીજીવીસીએલ કચેરી, પોલીસી ઇન્સ્પેક્ટરશ્રીની કચેરી, મામલતદાર શ્રી ની કચેરી, તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરી, માધ્યમિક સ્કૂલો, આંગણવાડી કેન્દ્રો સહીત સ્માર્ટ મીટર લગાડવાની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવેલી છે. ટુક સમયમાં આગામી ચરણમાં જેમ જેમ સ્માર્ટ મીટર આવતા જશે તેમ દરેક જગ્યાએ જૂના મીટર બદલી નવા સ્માર્ટ મીટર લગાડવાની કામગીરી હાથ ધરવામાં આવશે. વધુમાં આ તબક્કે નાયબ ઇજને શ્રી ડી.એન. પટેલ દ્વારા જણાવેલ કે "તમામ માનવતા ગ્રાહકોને જણાવવાનું કે સ્માર્ટ મીટર અંગેની જે



કંઈ અફવાઓ સાંભળે છે જે કંઈ ગેર ભ્રમણાઓ છે તેનાથી દુર રહી સ્માર્ટ મોટર અપનાવાનો હકારાત્મક અભિગમ રાખવો. આ સ્માર્ટ મીટરમાં કોઈપણ એવી છેતરપિંડી નથી તમારે કોઈપણ જાતનું એડવાન્સમાં રિચાર્જ કરાવવાનું નથી કે કોઈપણ પ્રકારનું તમારું કનેક્શન એડવાન્સમાં કપાશે નહીં. આ મીટર એ પોસ્ટપેડ મીટર છે એટલે કે તમારે એમાં કોઈ પણ જાતનું એડવાન્સમાં પેમેન્ટ કરવાનું નથી હાલ જે રીતે તમને એક મહિને કે બે મહિને બિલ આપવામાં આવે છે અને આપણે ભરીએ છીએ તે જ રીતે આમાં બિલિંગ પદ્ધતિ ચાલુ રહેશે અને મુખ્ય ફાયદો એ છે કે એમાં વીજ વપરાશના રીડિંગ દર મહિને તમારા મોબાઈલ એપ્લીકેશન અને પીજીવીસીએલની ઓફિસમાં ઓટોમેટિક આવી જશે જેનાથી માનવ કલાકોનો દુર્વ્યય થતો અટકશે સાચા રીડિંગોને ખરાઈ કરશે અને બિલ બાબતોને ફરિયાદોમાં ઘટાડો થશે વધુમાં સદર સ્માર્ટ મીટરમાં અકસ્માત અંગે પણ ખૂબ જ સારી એવી સિસ્ટમ આપેલ છે જેનાથી તમારા મકાનમાં કોઈપણ જાતનું વાયરીંગ શોર્ટ હશે કે મોટર શોર્ટ હશે કે પંખો શોર્ટ હશે તો સ્માર્ટ મીટર તમને સામેથી એપ્લિકેશનમાં એલર્ટ આપશે કે આપના મકાનના વાયરીંગમાં કંઇક ખામી છે જેને આપણે જલ્દીથી જલ્દી દુરસ્ત કરાવો જેથી આપના ઘરમાં બનતા વીજ અકસ્માતો પણ આપણે અટકાવી શકશું અને કિંમતી જીવન બચાવી શકે છે વધુમાં સરકારશ્રી દ્વારા એવી પણ જાહેરાત કરવામાં આવેલી છે કે બપોરે ૧૧ થી ૩ ના સમયગાળા દરમિયાન આપના દ્વારા જે પણ કોઈ વીજ વપરાશ કરવામાં આવેલ હશે તેના યુનિટ પણ સરકારશ્રી ૪૫ પૈસા રિબેટ આપશે એટલે કે જમા આપશે જે હાલના મીટરમાં શક્ય નથી એટલા માટે પણ સ્માર્ટ મીટર લગાવવું ખૂબ જ જરૂરી છે કે જેથી સ્માર્ટ મીટર લગાડ્યા બાદ આપણને ચોક્કસ સમય દરમિયાનમાં કેટલા યુનિટ બળીયા છે તેની સામે આપણને પૈસા પણ જમા મળશે તમે સ્માર્ટ મીટર લગાવ્યા બાદ મોબાઈલ એપ્લિકેશન દ્વારા કલાકે કલાકે દિવસનો અને મહિનાનો તમે ઈચ્છો એ પ્રકારનો તમારો વપરાશ નિયંત્રિત કરી શકો છો જોઈ શકો છો જેથી તમારે ઓફિસે ખોટા ધક્કા ખાવાની એ જરૂર હવેથી રહેતી નથી આમ સ્માર્ટ મીટર ખૂબ જ ઉપયોગી છે અને બદલતા સમય સાથે હવે સમયની માંગ છે કે મોબાઈલ સ્માર્ટ થયા છે અને આપણે હજુ સ્માર્ટ થયા નથી માટે સમય આવી ગયો છે કે સ્માર્ટ બનો અને અપનાવો સ્માર્ટ મીટર.

## વાંકાનેર નગરપાલિકા પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણી ગુપ્ત મતદાન બેલેટ પેપરથી કરાવવા માંગ

### ચૂંટાયેલા સદસ્યો દ્વારા ચુંટણી અધિકારીને લેખિત રજૂઆત

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૩:

વાંકાનેર નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણી ગુપ્ત મતદાનથી બેલેટ પેપર દ્વારા કરાવવામાં આવે તેમજ અન્ય માંગણીઓને લઈને લેખિત રજૂઆત કરવામાં આવી છે વાંકાનેર નગરપાલિકાના ચૂંટાયેલા ૫ સદસ્યો દ્વારા ચુંટણી અધિકારી વાંકાનેર નગરપાલિકા અને પ્રાંત અધિકારી વાંકાનેરને રજૂઆત કરી જણાવ્યું છે કે નગરપાલિકાની મધ્યસત્ર ચુંટણી તાજેતરમાં સંપન્ન થઇ છે જેના પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણી તા. ૦૫ માર્ચના રોજ યોજાનાર છે જે ચુંટણી પ્રક્રિયા ગુપ્ત મતદાન પ્રક્રિયાથી કરાવવામાં આવે મતદારો તરીકે જાહેરમાં મતદાન કરતા અમોને ડર લાગે છે કે મતદાર તરીકે અમારો નિર્ણય જાહેર થતા અમારા પરિવારને શારીરિક કે અન્ય નુકશાન પહોંચી સકે છે જેથી ચુંટણી ગુપ્ત મતદાન પ્રક્રિયાથી કરાવવામાં આવે મતદારોની ગુપ્તતા જળવાય અને મતદારો કોઈપણ પ્રકારના ભય કે લોભ લાલચ વગર સ્વેચ્છાએ મતદાન કરી સકે તે સુનિશ્ચિત કરવાની આપની જવાબદારી છે ચુંટણી અધિકારી તરીકે નિર્ણય લેવાની તમને સત્તા અને અધિકાર છે ચુંટણી સમયે ચુંટણીપંચ દ્વારા અધિકૃત અધિકારીઓ, કર્મચારીઓ અને ચૂંટાયેલા સદસ્યો સિવાય કોઈપણ વ્યક્તિ પરિસરમાં પ્રવેશ ના કરી સકે તેવી માંગ કરી છે તેમજ ચુંટણી પ્રક્રિયાનું વિડીયો રેકોર્ડીંગ કરવામાં આવે તેવી માંગણીઓ કરી છે

# રાજકોટ : ફેમિલી કોર્ટ ખાતે ૮મીએ રાષ્ટ્રીય લોક અદાલત

રાજકોટ, તા.૩

ગુજરાત હાઈકોર્ટ દ્વારા આગામી તા.૮ ને શનિવારના લોક અદાલતનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેના ભાગરૂપે રાજકોટ ફેમિલિ કોર્ટ ખાતે વર્ષ ૨૦૨૫ ની પ્રથમ રાષ્ટ્રીય લોક અદાલત યોજવામાં આવશે. સને ૨૦૨૫ ના વર્ષની લોક અદાલતે સફળ બનાવવા માટે ફેમીલી કોર્ટના પ્રિન્સીપાલ જજ બી.એસ.પરમારની દેખરેખમાં ફેમીલી કોર્ટ અને તાલુકા ફેમીલી કોર્ટોમાં ચાલતા ભરણપોષણને લગતા કેસો તથા લગ્ન જીવનના તકરારી કેસો રાષ્ટ્રીય લોક અદાલતમાં મુકવામાં આવશે. રાષ્ટ્રીય લોક અદાલતમાં વકીલો અને કાઉન્સેલર ફેમિલિ કોર્ટ દ્વારા પક્ષકારોનુ કાઉન્સેલીંગ કરવામાં આવશે અને પક્ષકારો વચ્ચે ચાલતી તકરારોનુ સત્વરે નિરાકરણ લાવવા પુરતા પ્રયત્નો કરવામાં આવશે તથા પક્ષકારોને ઝડપી ન્યાય મળે અને તેમના કેસનો ઝડપથી નિકાલ થાય તેવા પુરતા પ્રયત્નો કરવામાં આવશે.

જેથી રાજકોટ જીલ્લાની ફેમીલી કોર્ટોમાં ચાલતા કેસોના પક્ષકારોને આ રાષ્ટ્રીય લોક અદાલતમાં હાજર રહેવા તથા લોક અદાલત સંબંધી માહીતી મેળવવા માટે લીગલ શાખા ફેમીલી કોર્ટ રાજકોટનો સંપર્ક કરવા જણાવવામાં આવેલ છે.

# સૌરાષ્ટ્ર યુનિ.નો આજે પદવીદાન સમારોહ

રાજકોટ, તા.૩

સૌરાષ્ટ્ર યુનિ.નો ૫૯મો પદવીદાન સમારોહ તા.૪ ને મંગળવારના રોજ બપોરના ૩.૩૦ કલાકે કાનજી ભુટ્ટા બારોટ રંગમંચ ખાતે આયોજીત કરવામાં આવેલ છે.

સમારોહમાં શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા તથા અમદાવાદ ઈસરોના ડાયરેકટર નીલેષ દેસાઈ ઉપસ્થિત રહેનાર છે. આ પદવીદાન સમારોહમાં ૪૨૬૭૭ દિક્ષાર્થીઓને પદવીઓ તેમજ ૧૩૮ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ અને ૨૨૧ પ્રાઈઝ એનાયત કરાશે. યુનિ.ના સોશ્યલ મીડીયામાં આ સમારોહનું લાઈવ પ્રસારણ કરાશે.

સમારોહમાં જામનગરની એમ.પી.શાહ મેડીકલ કોલેજની વિદ્યાર્થીની રામચંદાણી તારીકાને એમ.બી.બી.એસ.માં સૌથી વધુ ૪ ગોલ્ડમેડલ અને ૩ પ્રાઈઝ, જામનગરની એમ.પી.શાહ મેડીકલ કોલેજની વિદ્યાર્થી ગાંધી ઝોહરને એમ.બી.બી.એસ.માં ૩ ગોલ્ડમેડલ અને ૭ પ્રાઈઝ પ્રભાબેન પટેલ કોલેજ, મોરબીની વિદ્યાર્થીની વ્યાસ દેવાંગીનીને એલ.એલ.બી.માં ૩ ગોલ્ડમેડલ અને ૬ પ્રાઈઝ, મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ અમરેલીની વિદ્યાર્થીની ડાભી ભૂમિકાને બી.એ.ગુજરાતીમાં ૩ ગોલ્ડમેડલ તથા ૨ પ્રાઈઝ એનાયત થશે.

# રાજકોટ-ભાવનગર હાઈવે પર રંગુનમાના મંદિરે આજે બોલશે રાસ-ગરબાની રમઝટ

રાજકોટ, તા.૩

રાજકોટ-ભાવનગર હાઈવે પર આજીડેમ ચોકડીથી ૧૭ કિ.મી. આવેલા રંગુનમાના મંદિરે ૨૩૫મી પુણ્યતિથીની ભવ્ય ઉજવણી આવતીકાલે ધાર્મિક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવશે. ભકતો દર્શન, રાસ-ગરબા, ડાક-ભુવા તેમજ મહાપ્રસાદનો લાભ લેશે. આ પ્રસંગમાં દૂર-દૂરથી ભકતો દર્શનનો લાભ લેશે.

આ તકે મહામંડલેશ્વર ઋષિભારતી બાપુ, કોળી સમાજની જગ્યા કાળાસરવાળા મહંત વાલજી ભગત, બિલેશ્વર મહંત નિર્મળબાપુ, કેબીનેટ મંત્રી કુંવરજી બાવળીયા, રાજ્ય કક્ષાના મંત્રી પરસોતમ સોલંકી, ધારાસભ્ય શામજીભાઈ ચૌહાણ, માર્કેટીંગ યાર્ડના માજી ચેરમેન હરદેવસિંહ જાડેજા, રાજુભાઈ અજાણી, વિજય ચાવડા, વાઘજી મેવાસીયા, વલ્લભભાઈ મકવાણા-કાથરોટાવાળા, વિક્રમભાઈ સોરાણી, શિવાજી સેનાવાળા, દિપક ઉપસરપંચ લાખાપર, સાધુ-સંતો ઉપસ્થિત રહેશે. આ ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા મોરવાડીયા વિઠ્ઠલભાઈ, લાખાભાઈ, શીવાભાઈ, પુંજાભાઈ, પરબતભાઈ, બાબુભાઈ, અરવિંદ વિગેરે કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.

### મનપાની રીકવરી ઝુંબેશ

# બાકીદારોની ૮ મિલ્કત સીલ : રૂા.૩૨.૮૭ લાખની રીકવરી



રાજકોટ, તા.૩

રાજકોટ મનપાના કમિશ્નરની સુચના અનુસાર વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ ની રીકવરી ઝુંબેશ અંતર્ગત ૮-મિલકતોને સીલ મારેલ તથા ૧-મિલ્કતને નોટીસ સામે, ૧-નળ કનેકશન કપાત સામે રૂા.૩૨.૮૭ લાખની રીકવરી કરાઈ છે.આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે.નંદાણી, આસી.કમિશ્નર સમીર ધડુક, સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ, સિદ્ધાર્થ પંડયા, ભાવેશ પુરોહિત, વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા, ફાલ્ગુની કલ્યાણી, ઈસ્ટ ઝોન મેનેજર નીલેશ કાનાણી, ગૌરવ ઠક્કર, તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સ્પેકટરો દ્વારા વેરા વસુલાતની સઘન કામગીરી કરવામાં આવેલ છે.

# સેવા અને સુરક્ષાના ગૌરવશાળી ૨૫ વર્ષ રાજકોટ ખાતે પૂર્ણ કરતી સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ

## ૪થી ૧૦ માર્ચ સુધી મીલેટ્સ મેળા, વૃક્ષારોપણ, મેડીકલ કેમ્પ, સાયકલ રેલી સહિતના કાર્યક્રમો યોજાશે

રાજકોટ તા. ૦૩:

દેશના સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રીઅલ સિક્યુરીટી ફોર્સ (કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ )ના જવાનો દેશના મહત્વપૂર્ણ ઔદ્યોગિક સાહસો, એરપોર્ટ, દરિયાઈ બંદરો, પરમાણું અને અંતરીક્ષ અનુસંધાન કેન્દ્રો, સરકારી ભવનો તથા અન્ય સંવેદનશીલ સંસ્થાઓની સુરક્ષા અર્થે ૨૪★૭ ખડેપગે રહે છે. જે સંદર્ભે રાજકોટના એરપોર્ટની સુરક્ષા માટે તૈનાત (સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ) યુનિટની સ્થાપના વર્ષ ૨૦૦૦માં થતાં ૭ માર્ચે ૨૫ વર્ષ પૂર્ણ થશે.

આ ઐતિહાસિક સિધ્ધિને યાદ કરવા સી.આઈ.એસ.એફ.ના ડેપ્યુટી કમાન્ડન્ટશ્રી અમનદીપ શિરસ્વાએ જણાવ્યું હતું કે, તા.૦૪ થી ૧૦ માર્ચ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ રજત જયંતિ ઉજવણી ફક્ત એક ઉત્સવ નહીં, પરંતુ સુરક્ષા, સમાજ સેવા અને સમુદાયની ભાગીદારીનું ઉદાહરણ છે. જે અન્વયે તા.૦૪ માર્ચે રાજકોટમાં સી.આઈ એસ એફ યુનિટ લાઈન એ.એ.આઈ.કોલોની ખાતે સવારે ૮ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી મીલેટ્સ મેળો યોજાશે. તા.૦૫/૦૩/૨૦૨૫ના રોજ હિરાસર બામણબોર ગામ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ







યોજાશે. તા.૦૭/૦૩/૨૦૨૫ના રોજ હીરાસર એરપોર્ટ ખાતે સવારે ૧૦૦૦ થી ૧૧૩૦ સુધી ક્વિક રીએક્શન ટીમના કમાન્ડો દ્વારા વિવિધ કરતબ ઉપરાંત, ડોગ શો પણ યોજાશે. તા.૦૮/૦૩/૨૦૨૫ના રોજ રોટરી કલબના સહયોગથી સી.આઈ.એસ.એફ. યુનિટ લાઈન કોલોની ખાતે સવારે ૮ વાગ્યાથી મેડીકલ કેમ્પનું આયોજન કરાશે. તા.૦૯/૦૩/૨૦૨૫ના રોજ ભારતના ગુજરાત અને પશ્ચિમ બંગાળ એમ બંને તટીય રાજ્યથી કન્યાકુમારી સુધી સાયકલ રેલીનું આયોજન થશે.

# દીવમાં નિવૃત થતા શિક્ષકનો વિદાય સમારોહ યોજાયો



(શકીલ કાશમાણી દ્વારા)

દીવ, તા.૩

દીવ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષણાધિકારી અરવિંદ સોલંકીના અધ્યક્ષસ્થાને સિનિયર શિક્ષક જયંતિ પટેલની વયમર્યાદા પૂર્ણ થતા ભવ્ય વિદાય કાર્યક્રમમાં પુષ્પગુચ્છથી સ્વાગત બાદ શાલ ઓઢાડી, ગીફ્ટ આપી સન્માન કર્યું હતુ. આ પ્રસંગે શિક્ષણાધિકારી અને શાળાના પ્રાચાર્ય દ્વારા વિદાય લઈ રહેલા સિનિયર શિક્ષક જયંતિ પટેલની ભરપુર પ્રશંસા કરી, શાંત સરળ સ્વભાવના અને સતત હસમુખા એવા સિનિયર શિક્ષક જયંતિ પટેલે ૩૪ વર્ષ પ્રમાણિકતાથી ફરજ બજાવી જીલ્લાની તમામ શાળાઓમાં અભ્યાસ કરાવી ચૂકેલા શિક્ષક વિદ્યાર્થીઓમાં ખૂબજ પ્રિય રહયા હતા.

# રાજકોટ સરકારી હોસ્પિટલના કામોમાં ભ્રષ્ટાચાર મામલે કોંગ્રેસના ધરણા

રાજકોટ, તા.૩

રાજ્યમાં હોસ્પિટલો તેમજ જાહેર સ્થળોની મિલ્કતના બાંધકામમાં રાજ્ય સરકાર દ્વારા ફાયર સેફટી અનિવાર્ય બનાવાયેલ હોવાથી સરકાર દ્વારા તેમના હસ્તકની તમામ હોસ્પિટલમાં ફાયર સેફ્ટીનો અમલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ પરંતુ કેટલાક કિસ્સાઓમાં અગત્યની આ કાર્યવાહીમાં લેભાગુ તત્વો તેમજ અમલદારો દ્વારા ભ્રષ્ટાચાર આચરાયેલ હોવાનુ બહાર આવી રહેલ છે. રાજકોટની સરકારી હોસ્પિટલમાં ફાયર સેફ્ટી લગાવાયા બાદ મેન્ટનન્સના નામે મોટી રકમનો ભ્રષ્ટાચાર થયાનુ જણાતા શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીની આગેવાનીમાં હોસ્પિટલ ખાતે ધરણા યોજી તપાસની માંગ ઉઠાવેલ.

રાજકોટની સરકારી હોસ્પિટલમાં વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૪ દરમ્યાન ફાયર સેફટી મેન્ટનન્સના નામે એક સંસ્થાને તગડી રકમનુ ચુકવણું અંદાજે રૂા.સાડા ત્રણ કરોડનુ કૌભાંડ આચરાયાનુ શહેર કોંગ્રેસના ધ્યાને આવતા અતુલ રાજાણી, જવસંતસિંહ ભટ્ટી, કલ્પેશ કુંડલીયા, તુષાર નંદાણીયા, અજીત વાંક, મયુરસિંહ પરમાર તેમજ અન્ય આગેવાનો દ્વારા સરકારી હોસ્પિટલના અધિક્ષક ડો.મોનાલી માકડીયાને વિસ્તૃત આવેદનપત્ર પાઠવી થયેલા ભ્રષ્ટાચારની તપાસ યોજી કામગીરીમાં બેદરકારી દાખવવા બદલ કસુરવાનો સામે પગલા ભરવા માંગ ઉઠાવેલ.

આવેદનપત્રમાં તત્કાલિન અધિક્ષક દ્વારા ફાયર સેફ્ટીના સાધનોની જાળવણી અંગેનુ કામ વિશ્વા ગ્રુપ ઓફ કંપનીને ફાળવાયેલ જેમાં હોસ્પિટલના કેટલાક અધિકારીઓ તેમજ સંસ્થાએ વ્યાપક ગેરરિતી આચરેલ હોવાનુ જણાવી સમગ્ર મામલે તટસ્થ તપાસની માંગ ઉઠાવવામાં આવેલ છે.



### આવેદન વડી કચેરીમાં મોકલાશે ડો.મોનાલી માકડીયા

રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા ફાયર સેફ્ટી જાળવણીની કામગીરીમાં આચરાયેલા રૂા.૩.૫ કરોડના ભ્રષ્ટાચાર સંદર્ભે અપાયેલ આવેદન મામલે સરકારી હોસ્પિટલના અધિક્ષક ડો.મોનાલી માકડીયાએ આવેદનપત્ર સ્વિકારેલ છે. આવેદનના સ્વિકાર બાદ તેને અધિક નિયામક તબીબી શિક્ષણ (આરોગ્ય વિભાગ)ને મોકલી આપવામાં આવશે તેમ જણાવી વધુમાં જણાવેલ કે વડી કચેરીમાંથી જે આદેશ આવે તેનો અમલ કરવામાં આવશે.

# હત્યા નીપજાવાના ગુનામાં આશિષ ઉર્ફે પુગો ટાંકના જામીન મંજૂર

## પ્રેમ સંબંધની આશંકાએ બે શખ્સોએ છરીના ઘા ઝીકી યુવકને મોતને ઘાટ ઉતારયો તો

રાજકોટ તા.૩:શહેરના મવડી પ્લોટ વિસ્તારમાં આવેલા ચંદ્રેશ નગર શેરી નંબર ૨માં પ્રેમ સંબંધની શંકાએ યુવકની છરીના ઘા ઝીંકી હત્યા નીપજવાના ગુનામાં જેલ હવાલે રહેલા આશિષ ઉર્ફે પુગો ટાક નામના શખ્સની ચાર્જશીટ બાદની જામીન અરજી અદાલતે મંજૂર કરી છે. વધુ વિગત મુજબ શહેરના ચંદ્રેશ નગર વિસ્તારમાં આવેલ ચામુંડા નગર શેરી નંબર ૨ માં રહેતા કમલેશભાઈ વિનોદભાઈ રાઠોડ નામના યુવાનની નિલેશ વાઘેલા અને આશિષ ઉર્ફે પુગો ટાંક સહિત બંને શખ્સે છરીના ઘા ઝીંકી કરપીણ હત્યા નીપજાવીયાની માલવીયા નગર પોલીસ મથકમાં મૃતક કમલેશભાઈ ના માતા પારૂલબેન વિનોદભાઈ રાઠોડની ફરિયાદ પરથી બંને શખ્સ સામે હત્યા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી હતી. બાદ નિલેશ વાઘેલાની પત્નીને મૃતક કમલેશભાઈ સાથે પ્રેમ સંબંધ હોવાની આશંકાએ ઢીમ ઢાળી દીધું હતું .તપાસ પૂર્ણ થતા પોલીસે બંને શખ્સ જેલ હવાલે કર્યા હતા. બાદ તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું હતુ બાદ જેલ હવાલે રહેલા આશિષ ઉર્ફે ફુંગો ટાંક નામના શકશે જામીન પર છૂટવા અદાલતમાં અરજી કરી હતી જે જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચ્ચાઓ પક્ષના એડવોકેટ પરેશભાઈ ચંદારાણા દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાકેલા ચુકાદાને ધ્યાને અદાલતે આરોપી આશિષ ઉર્ફે પુગો ટાકની જામીન અરજી મંજૂર કરતો હુકમ કર્યો છે બચાવ પક્ષે એડવોકેટ તરીકે ધારાશાસ્ત્રી પરેશ કનૈયાલાલ ચંદારાણા રોકાયા છે.

# રાજકોટઃ મહીકા ગામે વીજ બિલ ભરવાના મુદ્દે પીજીવીસીએલ કર્મચારી પર હુમલો

## આજીડેમ પોલીસમાં ફરજમાં રુકાવટ સહીતની કલમો હેઠળ ફરિયાદ

રાજકોટ

રાજકોટ શહેરની ભાગોળે આવેલ મહિકા ગામે વીજ બિલની બાકી રકમ ભરવાનું કહેતા પીજીવીસીએલના કર્મચારીને મકાન માલિકે બેફામ ગાળો આપીને લાફો મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ઘટના સામે આવી છે. મામલામાં આજીડેમ પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. પીજીવીસીએલનાના ત્રંબા સબ ડિવિઝનમાં જુનિયર એન્જિનિયર તરીકે નોકરી કરતા ભગીરથભાઈ મારુએ મહિકા ગામે આવેલા શ્યામ કિરણ પાર્કમાં ઘર નંબર-૫૦૦માં બાકી વીજ બીલના રૂ. ૮,૪૪૪ ભરપાઇ કરવા કહ્યું હતું. જો વીજ બીલ નહી ભરે તો જોડાણ કાપવું પડશે એવુ કહેતા મકાન માલિક અમિત વાઘેલા ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો ભાંડી લાફો મારી દીધો હતો અને ફરજમાં રુકાવટ કરી હતી. જેથી, આ કર્મચારીએ આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે અને પોલીસે પણ મકાન માલિક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

હું તથા જીનુભાઇ મકવાણા (ઈલેક્ટ્રિક આસિસ્ટન્ટ) અમારી ત્રંબા સબ ડિવિઝનની ઓફિસથી મહીકા ગામ ખાતે અમારી ફરજના ભાગરૂપે વીજબીલના બાકી પૈસાના કલેક્શન કરવા માટે નીકળ્યા હતા અને ૧૦.૩૦ વાગ્યાની આસપાસ ત્યાં પહોંચેલ અને અને મહીકા ગામના વીજ બિલના કલેક્શનની કામગીરી શરૂ કરી હતી. આશરે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ શ્યામકીરણ પાર્ક સોસાયટીમાં પહોંચતા રોહિતભાઇ કાપડીયા અમને ત્યાં મળ્યા હતા. જેઓ પહેલેથી મહીકા ગામ શ્યામકીરણ પાર્ક સોસાયટીમાં હાજર હતા.જે બાદ આ સોસાયટીમાં ઘર નંબર-૫૦૦માં રહેતા જમનાબેન અમીત વાઘેલાના ઘરના વીજબીલનાં રૂ. ૮,૪૪૪ બાકી હોય આથી મારા સાથી કર્મચારી રોહીતભાઈએ જમનાબનને જણાવેલ કે, તમારા વીજબીલના રૂ.૮,૪૪૪ બાકી છે. આથી, જમનાબેને કહ્યુ કે, મારા પતિ અમિતભાઈ સાથે વાત કરી લ્યો. જેથી જમનાબેને અમિતભાઇનો મોબાઈલ નંબર આપ્યો અને રોહિતભાઈએ તેમના ફોનમાંથી અમિતભાઈને ફોન કરી કહ્યુ કે, તમારા વીજ બિલના પૈસા બાકી છે. જે ભરપાઇ કરી આપો નહીતર તમારું વીજ જોડાણ કાપવાની ફરજ પડશે. જે બાદ અમિતભાઈએ જણાવેલ કે હાલ મારી પાસે પૈસા નથી. રાજય સેવક તરીકેની કાયદેસરની ફરજમાં અડચણરૂપ થઈને મારો કોલર પકડી લીધો હતો અને મને બિભત્સ ગાળો આપવા લાગ્યા હતા. ગાળો આપતા આપતા મને ગાલ પર એક લાફો મારી દીધો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ મારા સાથી કર્મચારી જીતુભાઈ અને રોહિતભાઈ વચ્ચે આવી આ અમિતભાઈને રોક્યા હતા અને ત્યારબાદ અમે ત્યાંથી નીકળી ગયા હતા. આજીડેમ પોલીસે પીજીવીસીએલના કર્મચારીની ફરજમાં રૂકાવટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ઓખા ટ્રેનમાંથી મળી આવ્યો મૃતદેહ

(વિજય ધ્રુણા દ્વારા)

મીઠાપુર, તા.૩



દેવભૂમી દ્વારકા જીલ્લાના છેવાડાના ઓખા ગામે ગોરખપુર-ઓખા રૂટની ટ્રેન પ્લેટફોર્મ નંબર ત્રણ ઉપર આવી ત્યારે ટ્રેનમાં સફાઈકામ કરનાર સ્ટાફને ટ્રેનના એક કોચમાંથી અંદાજે ૫૦ વર્ષના એક વૃધ્ધની લાશ જોવા મળેલ હતી. જેની જાણ આર.પી.એફ.ને થતા લાશને દ્વારકા સરકારી દવાખાનામાં મોકલી આપી હતી. આ વ્યકિતની માહીતી મેળવવા તપાસ હાથ ધરાઈ છે. આ શબને કોલ્ડરૂમમાં રાખવામાં આવેલ છે.

# અકસ્માતમાં મૃત્યુ પામેલા યુવકનાં પરિવારને રૂપિયા ૩૫ લાખનું વળતર ચૂકવવા હુકમ

## ઘુટું-ઉંચી માંડલ પાસે ટ્રેલરે બાઈકને ઠોકરે લેતા યુવકનું મોત નીપજ્યું 'તું

રાજકોટ તા.૩:

અકસ્માતમાં મૃત્યુ પામેલા માતા-પિતાના આધાર સ્થંભ યુવકનાં કલેઈમ કેસમાં વ્યાજ સહીત રૂ.૩૫ લાખનું જંગી વળતર મંજુર કરવામાં આવ્યું છે.વધુ વિગત મુજબ કોઠારીયા રોડ શ્રીનગર સોટ્રેલરસાયટીમાં રહેતા અને હાલ મોરબી જિલ્લાનાં ઘૂંટુ ગામમાં કંપનીમાં ડીજીટલ ઓપરેટર તરીકે નોકરી કરતા કુલદિપસિંહ જીતેન્દ્રભાઈ વાઘેલા (ઉ.વ.૨૧) પોતાનું મોટર સાયકલ ચલાવીને જતા હતા ત્યારે ઘુટું-ઉંચી માંડલ જતા રસ્તામાં કારખાના ગોડાઉન સામે રોડ ઉપર પહોંચતા ટ્રેલર નં. આરજે-૧૯-જીએફ-૯૧૯૨ના ચાલકે હડફેટે લેતાં સર્જાયેલા જીવલેણ અકસ્માતમાં મૃત્યુ નીપજ્યું હતું. માતા-પિતાના આધાર સ્થંભ એકના એક પુત્રના મોતથી નિરાધાર બનેલા પરિવાર દ્વારા ટ્રેલરનાં માલિક અને વીમા કંપની સામે રાજકોટ ટીબ્યુનલમાં તેમના વકીલ મારફત કલેઇમ કેસ દાખલ કર્યો હતો. જે કેસ ચાલી જતા અરજદાર વકીલ દ્વારા મૃતકની આવક સાબિત કરવા કંપનીનાં જવાબદાર અધિકારીને તપાસવામાં આવેલ તેની સામે વીમા કંપની દ્વારા એવી દલીલ કરવામાં આવેલ કે મૃતકને જે પગાર મળતો હતો તેમાંથી અન્ય ભથ્થાઓની રકમ મળતી હતી તે મળી શકે નહી અને તેથી મૃતકની બેઝીક સેલેરી જ ધ્યાનમાં લેવી જોઈએ. તેની સામે મૃતકનાં વકીલ દ્વારા સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટના ચુકાદાઓ રજુ કરી દલીલ કરવામાં આવેલ કે, મૃતકને મળવાપાત્ર કુલ પગારની નુકશાની તેમનાં વારસદારોને ગયેલ છે અને તે તમામ ભથ્થાઓ મૃતકની આવક જ ગણાય તે મુજબની દલીલો કરેલ. જે ધ્યાને લઇ ટ્રીબ્યુનલ દ્વારા મૃતકની ઉમર ધ્યાને લઈને ૪૦ ટકા ફયુચર પ્રોસ્પેકટીવ આવક ધ્યાનમાં લઈને મૃતક કુલદીપસિંહ વાઘેલાનાં કલેઈમ કેસમાં વ્યાજ સહીત રૂા.૩૫ લાખથી વધારે વળતરની રકમ માત્ર ૩ વર્ષનાં ટુંકા ગાળામાં મંજુર કરવામાં આવી છે.આ કેસમાં અરજદાર વતી રાજકોટ કલેઈમ કેસનાં નિષ્ણાંત વકીલ રવીન્દ્ર ડી. ગોહેલ, સંદિપ એમ. રાઠોડ, વિવેક વી. ભાંસળીયા (ગઢવી), આસીસ્ટન્ટ દિનેશ ડી. ગોહેલ, જતીન પી. ગોહેલ અને જયેશ મકવાણા રોકાયા હતાં.

# રીઢા તસ્કરની પાસા હેઠળ અટકાયત

રાજકોટ તા.૩:

શહેરમાં વાહન ચોરીનો તરખાટ મચાવનાર પુનિત નગર વિસ્તારના વૃંદાવન સોસાયટીમાં રહેતા જયદીપ કિશોર મોરી નામના રીઢો તસ્કર ની પાસા હેઠળ અટકાયત કરી વડોદરા જેલમાં ધકેલવામાં આવ્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ આર્થિક ગુનાઓ અટકાવવા માટે ગુનેગારો સામે કડક સાથે કામગીરી કરવા પોલીસ કમિશનર બ્રજેશ ઝાએ આપેલી સૂચનાને પગલે ભક્તિનગર પોલીસ મથકના પીઆઇ મયુરધ્વજસિંહ સરવૈયા સહિતના સ્ટાફ દ્વારા ઇ ગુજકોપ પ્રોજેક્ટમાં ગુનાહિત ઇતિહાસ ચેક કરતા જેમાં પુનિત નગર વિસ્તારમાં આવેલી વૃંદાવન સોસાયટીમાં રહેતો જયદીપ કિશોર મોરી નામના શખ્સ સામે તાલુકા ,આજીડેમ અને ભક્તિનગર પોલીસ મથકના ચોપડે ચોરીના ગુનામાં ચડી ચૂક્યો હોવાથી તેની સામે પીસીબી દ્વારા કરવામાં આવેલી પાસાની દરખાસ્તને પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા એ મંજૂરીની મહોર માનતા જે વોરંટની ભક્તિનગર પોલીસ મથકના પીઆઇ મયુરધ્વજસિંહ સરવૈયા, એ.એસ.આઇ નિલેશભાઈ મકવાણા , હેડ કોન્સ્ટેબલ નરેન્દ્રભાઈ ગઢવી અને હિતેન્દ્રસિંહ ઝાલા સહિતના સ્ટાફે વોરંટ ની બજવણી કરી જયદીપ મોરી ની અટકાયત કરી વડોદરા જેલ હવાલે ધકેલવામાં આવ્યો છે.

# જેતપુરઃ તે હાર્દિકની પત્નીને મેસેજ કર્યો છે કહી કારખાનેદારને મારમાર્યો

## ઈન્સ્ટાગ્રામ આઇડીમાંથી મેસેજ આવ્યાનું જણાવી હુમલો કરનાર ચાર શખ્સો વિરુદ્ધ ગુનો

રાજકોટ

તે ઇન્સ્ટાગ્રામમાં હાર્દિકની પત્નીને મેસેજ કર્યો છે તેમ કહી જેતપુરમાં સાડીના કારખાનેદાર પર ચાર શખ્સોંએ હુમલો કરી ઢીકાપાટુનો માર માર્યાનો બનાવ સામે આવ્યો છે. બેફામ ગાળો આપી, માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપનાર ચારેય શખ્સોં વિરુદ્ધ જેતપુર પોલીસમાં નોંધાયો છે જેતપુરના પટેલ ચોક નજીક રહેતા અને નવાગઢ ઇલાહી ચોક નજીક નંદ ગોપાલ નામે સાડીનું કારખાનું ચલાવતા અંકિતભાઇ જીતેન્દ્રભાઇ રાદડીયા (ઉ.વ.૩૦)એ જેતપુર સીટી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા. ૨૩/૦૨/૨૦૨૫ ના રાત્રીના સાડા અગીયાર વાગ્યે મને મારા મિત્ર રાજભાઈ કોરાટના સસરા ભુપતભાઇ ભુવાના વોટસઅપથી કોલ આવેલ કે હતો કે, તારૂ ઇન્સ્ટાગ્રામ આઇડીમાંથી હાર્દિકભાઇ ગોંડલીયાની પત્નિને મેસેજ આવેલ છે જેથી તેને તારી સાથે પાંચ મીનીટ રૂબરૂ મળીને વાત કરવી છે. જેથી હું રાત્રીના બાર વાગ્યાં આસપાસ સરદાર ચોક નજીક આવેલ ગીતા બેટરી ખાતે મળવા પહોંચ્યો હતો. ત્યારે મારી સાથે કૃતિક કોટડીયા અને સારાંશ શુક્લા હાજર હતા.

જ્યાં ભુપતભાઈ તથા તેની સાથે હાર્દીકભાઈ ભરતભાઈ ગોંડલીયા, આશીષભાઈ ભરતભાઈ ગોંડલીયા અને દીવ્યાંગભાઇ કીશોરભાઇ ગોંડલીયા આવેલ હતા. જ્યાં ભુપતભાઇએ વાત કરેલ કે, હાર્દીકભાઈની પત્નિ લીઝાને અંકીતના ઇન્સ્ટાગ્રામ આઇ.ડી. પરથી મેસેજ થયેલ છે. જેથી મે કહેલ કે આવો કોઇ મેસેજ કરેલ નથી તેમ છતા તમારે મારો મોબાઇલ ફોન જોવો હોય તો જોય લો. જેથી દિવ્યાંગભાઈએ મારો મોબાઇલ ફોનમાંથી ઇન્સ્ટાગ્રામ એપ જોયેલ પરંતુ આ ઇન્સ્ટાગ્રામમા કોઇ મેસેજ મળેલ ન હતો. જેથી આ બધા લોકો ઉશ્કેરાઇ ગયેલ અને મને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગેલ અને ઢીકા પાટુનો માર મારવા લાગેલ હતા. તેમજ જાનથી મારી નાખવાની ધમકી પણ આપેલ હતી. હુમલાખોરો જતાં રહેલ હતા. મામલામાં જેતપુર સીટી પોલીસે વેપારીની ફરિયાદ પરથી ભુપત ભુવા, હાર્દિક ભરત ગોંડલીયા, આશિષ ભરત ગોંડલીયા, દિવ્યાંગ કિશોર ગોંડલીયા વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે. મામલાની તપાસ હેડ કોન્સ્ટેબલ ડી એન ગાજીપરા ચલાવી રહ્યા છે.

# લોધિકાઃ કાંગશિયાળી નજીક ડમ્પર અડફેટે વૃદ્ધનું મોત

## ગોંડલ હાઇવે પર ખોડિયાર હોટેલ નજીક રસ્તો ઓળંગતા કોઠારીયા સોલવન્ટના દેવાભાઈ ગમારા કાળનો કોળિયો

,રાજકોટ

રાજકોટ શહેરની ભાગોળે આવેલ કાંગશિયાળી ગામ નજીક રસ્તો ઓળંગી રહેલા કોઠારીયા સોલવન્ટના ૬૩ વર્ષીય વૃદ્ધ દેવાભાઇ ગમારાનું ડમ્પર અડફેટે મોત નીપજ્યું છે. અકસ્માતની પ્રાપ્ત વિગત અનુસાર શહેરના કોઠારીયા સોલવન્ટમાં રહેતા દેવાભાઇ હીરાભાઈ ગમારા(ઉ.વ.૬૨) ગઈકાલે રાત્રે કાંગશિયાળી નજીક ગોંડલ હાઇવે પર ખોડિયાર હોટેલ પાસે રસ્તો ઓળંગી રહ્યા હતા. દરમિયાન માતેલા સાંઢની જેમ ધસી આવેલા ડમ્પરે ઠોકર મારતા વૃદ્ધને જીવલેણ ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે હાઇવે પર ટ્રાફિક જામ જેવી સ્થિતિ સર્જાઈ ગઈ હતી. બાદમાં રાહદારીએ ૧૦૮ને ફોન કરતા એમ્બયુલન્સ ઘટનાસ્થળે દોડી આવ્યું હતું પણ ફરજ પરના તબીબે ઘટનાસ્થળે જ વૃદ્ધને મૃત જાહેર કરતા અરેરાટી મચી ગઈ હતી. ઘટનાને પગલે મૃતક ના પુત્ર મનીષભાઈ દેવાભાઈ ગમારાએ શાપર પોલીસમાં ડમ્પર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. શાપર પોલીસે ડમ્પર કબ્જે કરી ચાલકની શોધખોળ શરૂ કરી છે. મામલાની તપાસ પીએસઆઈ આર ડી સોલંકી ચલાવી રહ્યા છે.

# કાર લોન કૌભાંડમાં એક શખ્સના આગોતરા જામીન રદ

## વિજય કોમર્શિયલ બેંક પાસેથી ૧૦ કાર પર લોન મંજુર કરાવી રૂ.૯૩ લાખની ઉચાપત કરી હતી

રાજકોટ તા.૩:

વિજય કોમર્શિયલ કો.ઓ. બેંક પાસેથી ૧૦ કાર પર લોન મંજુર કરાવી રૂ. ૯૩ લાખની રકમની ઉચાપત કરવાના ગુનામાં સંડોવાયેલા આરોપી લક્ષ્યાંક વિઠ્ઠલાણીની આગોતરા જામીન અરજી કોર્ટે ફગાવી દીધી છે.

આ કેસની હકીકત વિજય કોમર્શિયલ કો.ઓ. બેંકમાં બ્રાંચ મેનેજર તરીકે ફરજ બજાવતા દેવિકાબેન વસાએ શ્રુજય વોરા અને લક્ષ્યાંક વિઠ્ઠલાણીએ સાથે મળી બે અલગ અલગ પેઢીઓના નામે રૂ. ૯૩.૧૫ લાખની લોન મંજુર કરવી હતી. આ લોન મેળવવા બન્નેએ કાવતરૂ રચી પોતાના સગા વ્હાલાઓ અને ઓળખીતાઓ તેમજ અન્ય લોકોના નામની આર.સી. બુક, ઈન્સ્યોરન્સ પોલીસી, મોટરકારના કોટેશનો તથા બીલો વિગેરે ખોટા ડોકયુમેન્ટસ રજુ કરી ૧૦ મોટર કારો માટે રૂ. ૯૩.૧૫ લાખની લોન મેળવી લીધી હતી. આ કૌભાંડ બહાર આવતા એ-ડીવીઝન પોલીસે પાંચ આરોપીઓ સામે ફરિયાદ દાખલ કરી હતી. જે કેસમાં સંડોવાયેલા આરોપી લક્ષ્યાંક વિઠ્ઠલાણીએ પોલીસ ધરપકડની દહેશતે સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા આરોપીના બચાવ પક્ષે અરજદાર લક્ષ્યાંક વિઠ્ઠલાણીની જામીન અરજીના સમર્થનમાં રજુઆત કરેલ હતી કે તેઓ આ બેંકમાં કોઈ હોદો ધરાવતા નથી તેથી તેઓએ આવા કોઈપણ કૌભાંડમાં કોઈ ભાગ ભજવેલ નથી.જ્યારે સરકાર તરફે જીલ્લા સરકારી વકીલ એસ.કે. વોરાએ રજુઆત કરતા જણાવેલ હતુ કે, વિજય બેંકના આસીસ્ટન્ટ મેનેજરે ફરીયાદમા જણાવેલ છેકે રૂ. ૯૩.૧૫ લાખની લોન મેળવી લેવા માટે આરોપીઓએ જે દસ્તાવેજો રજુ કરેલ છે તે દસ્તાવેજો બનાવટી હોવાનું જાણવા છતા બ્રાંચ મેનેજર તરીકે આરોપી દેવિકાબેન વસાએ લોન મંજુર કરેલ છે. આ લોન મંજુર કરતા પહેલા તેણીની ફરજ હતી કે આ દસ્તાવેજો વાળા વાહન નંબરો આર.ટી.ઓ.માં નોંધાઈ આવે છે. આ અંગે ફરીયાદીએ તપાસ કરતા જાણવા મળેલ કે બેંકમાં રજુ થયેલ નંબરોવાળા વાહનોના દસ્તાવેજો આર.ટી.ઓ.માં જુદા વ્યકિતઓના નામે છે. આ રીતે આરોપીઓએ સંયુકત રીતે કાવતરૂ રચી એક વ્યકિતના નામે લોન મંજુર કરાવી બીજા વ્યકિતઓના નામે વાહનો ખરીદેલ છે. આ મુજબનો ગુનો ફકત પુર્વઆયોજીત કાવતરાથી જ આચરી શકાય છે તેથી અરજદારની આગોતરા જામીન અરજી રદ થવી જોઈએ. સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ કોઈ આરોપીને આગોતરા જામીન આપવામાં આવે તો આવા આરોપીને પોલીસ રીમાન્ડ ઉપર સોંપી શકાતા નથી. જો પોલીસને આરોપીની રીમાન્ડ મળે નહી તો ગુના અંગેની કોઈ અસરકારક તપાસ થઈ શકે નહી જેનો સીધો લાભ આરોપીને ગેરવ્યાજબી રીતે મળે છે જેથી આરોપીને આગોતરા જામીન આપી શકાય નહી. જે સરકાર તરફેની રજુઆતોના અંતે સેશન્સ જજ ડી.એસ. સિંઘે આરોપી લક્ષ્યાંક શૈલેષભાઈ વિઠ્ઠલાણીની આગોતરા જામીન અરજી રદ કરતો હુકમ કર્યો છે.આ કેસમાં જીલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે. વોરા રોકાયેલ છે.

# ચાર ચેક રિટર્ન કેસમા ખોડીયાર ઈન્ડ.ના સંચાલકને ૧ વર્ષની સજા

રાજકોટ તા.૩:

શહેરમા રહેતા યુવાનને કારખાનામાં ભાગીદારી કરવાનું કહી મિત્રતાના દાવે આપેલી રકમ ૩૩ લાખ પરત કરવા આપેલા ચાર ચેક બેંકમાંથી વગર વસૂલાતે પરત ફરવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે ખોડીયાર ઇન્ડસ્ટ્રીઝના સંચાલક હસમુખભાઈ પાંભરને એક વર્ષની સજા અને ચેક મુજબનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં રહેતા અને શ્રી ખોડીયાર ઇન્ડસ્ટ્રીઝના માલિક હસમુખભાઈ ભીમજીભાઈ પાભંરને ધંધામાં આર્થિક જરૂરિયાત ઉપસ્થિત થતા પારિવારિક અને મિત્રતાના દાવે અશોકભાઈ જાદવભાઈ લુણાગરિયાને મેન્યુફેકચરિંગ એકમમાં ભાગીદારી બનાવવાનું કહી રૂપિયા ૩૩ લાખ લીધા હતા. બાદ ભાગીદારી દસ્તાવેજ બનાવી આપેલ નહીં તેમજ શ્રી ખોડીયાર ઇન્ડસ્ટ્રીઝ માં નવું એકાઉન્ટ શરૂ કરવાની કામગીરી નહીં કરતા આપેલ રકમ ની માંગણી કરતા હસમુખભાઈ પામ ભરે ૩૩ લાખ ચૂકવવા ચાર ચેક આપ્યા હતા જે ચેકો બેંકમાં ફી વગર વસુલાતે પરત ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ વકીલ મારફતે હસમુખભાઈ પાંભરને નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ચૂકવવાની દરકાર કરી ન હતી બાદ રાજકોટની અદાલતમાં અશોકભાઈએ હસમુખભાઈ પાંભર સામે ફોજદારી ફરિયાદ દાખલ કરી હતી.આ કેસ કોર્ટમાં ચાલી જતા તેમાં ફરીયાદીના વકોલ દવારા કરવામાં આવેલ રજુઆતો , હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટના ચુકાદાઓ રજુ રાખી કોર્ટમાં ધારદાર દલીલો કરેલી તે ધ્યાને લઈ ચીફ જયુડી મેજીસ્ટ્રેટ વાય. બી. ગામીત દ્વારા હસમુખભાઈ ભીમજીભાઈ પાંભરને ૧ વર્ષની સાદી કેદની સજા અને ફરીયાદીને ચેકો મુજબની રકમ રૂા. ૩૩ લાખ નું વળતર ૧ માસમાં ચુકવવું અને જો વળતર ૧ માસમાં ચુકવે નહી તો વધુ ૬ માસની સાદી કેદની સજાનો હુકમ ફરમાવામાં આવેલો છે.

# દુષ્કર્મ અને અડપલા કરનાર શખ્સના જામીન રદ

## પીડિતાના પતિ ગુનાના કામે જેલમાં હોય ત્યારે એકલતાનો લાભ લઈ માતા - પુત્રી સાથે આચર્યું કૃત્ય

રાજકોટ તા.૩:

શહેરમાં રહેતી પરણીતા ઉપર દુષ્કર્મ ગુજારી અને તેની ત્રણ વર્ષની પુત્રીને અડપલા કરવાના ગુનામાં જેલ હવાલે રહેલા શખ્સની જામીન અરજી અદાલતે નામંજૂર કરતો હુકમ કર્યો છે.વધુ વિગત મુજબ ગાંધીગ્રામ પોલીસ મથક વિસ્તારમાં રહેતી પરણીતાનો પતિ ગુનાના કામે જેલમાં હતો. ત્યારે કરણ બાદલભાઈ ડબગીર (રહે ઘંટેશ્વર ૨૫ વારીયા જામનગર રોડ રાજકોટ) વાળાએ ગત તારીખ ૨-૨-૨૦૨૫ ના રોજ દુષ્કર્મ ગુજારી અને તેની ત્રણ વર્ષની પુત્રી ને અડપલા કર્યા અંગેની ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.પોલીસે કરણ બાદલભાઈ ડબગીર ની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યો હતો. જેલમાં રહેલ કરણ ડબગીરએ જામીન ઉપર છૂટવા સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જામીન અરજી સુનાવણી પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર તરફે સરકારી વકીલ મુકેશ પીપળીયા હાજર રહેલો અને જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરેલી કે આરોપી સામે સમાજ વિરોધી ગુનો છે અને આરોપીએ સ્ત્રી ઉપર દુષ્કર્મ તથા બાળકી સાથે અડપલા કર્યા નો ગંભીર ગુનો આરોપી સામે નોંધાયેલા છે. ગંભીર ગુનામાં આરોપીને જામીન આપવા જોઈએ નહીં. જો તેને જામીન આપવામાં આવશે તો તેને કાયદાનો કોઈ ડર રહેશે નહીં અને ફરી આવા ગુના આચરશે તેથી આરોપીની જામીન અરજી રદ કરવા દલીલ કરી હતી.તે રજૂઆત ધ્યાને લઈ સેશન્સ જજ પી જે તમાકુવાળા જામીન અરજી રદ કરી છે.

# આશ્રમ માટે જમીન ખરીદવાના બહાને રૂ.૩ કરોડની ઠગાઇમા સૂત્રધારના જામીન મંજૂર

## ગૌશાળા - આશ્રમ બનાવવા માટે જમીનના બહાને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો દ્વારા કરોડો રૂપિયાનું કૌભાંડ કર્યું હતું

રાજકોટ તા.૩:

જમીન - મકાનના બ્રોકરને આશ્રમ માટે જમીન ખરીદવાના બહાને રૂ.૩ કરોડની છેતરપિંડી આચર્યાની સ્વામી સાધુ આણી ટોળકીના આઠ શખ્સો સામે ફરિયાદ નોંધાઈ હતી. જે ગુનામાં ઝડપાયેલા સૂત્રધાર સુરેશ ઘોરીને કોર્ટે જામીન મુક્ત કરવા હુકમ કર્યો છે.આ કેસની હકીકત મુજબ મહિલા પીએસઆઇના પતિ અને એડવોકેટ અને જમીન મકાનના ધંધાર્થી સાથે છ માસ પૂર્વે વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયમાંથી હાંકી કાઢેલા ચાર સાધુઓ સહીત આઠ શખ્સોની ટોળકીએ મંદિર બનાવવા જમીન ખરીદવી છે તેવું કહી રૂ. ૩ કરોડની છેતરપિંડી આચરી હતી. જે અંગે જૂનાગઢ શ્રીધામ ગુરુકુળ ઝાલણસરના વિજયપ્રકાશ સ્વામી ઉર્ફે વીપી સ્વામી, જૂનાગઢ તળેટી રોડ સ્વામિનારાયણ મંદિરના જયકૃષ્ણસ્વામી ઉર્ફે જેકે સ્વામી, અંકલેશ્વર રૂષીકુલ ગૌધામના માધવપ્રિય સ્વામી ઉર્ફે એમપી સ્વામી, આણંદ સિદ્ધેશ્વર ગૌશાળાના દેવપ્રકાશ સ્વામી ઉર્ફે દેવપ્રિય સ્વામી, સુરતના લાલજી બાવભાઈ ઢોલા, સુરેશ ઘોરી, પીપળજના ભુપેન્દ્ર શનાભાઈ પટેલ અને લિંબના વિજય આલુંસિહ ચૌહાણ સહિત ૮ શખ્સ વિરુદ્ધ ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી સહિતની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. જેમાં સીઆઇડી ક્રાઇમે મુખ્યસૂત્રધાર સુરેશ ઘોરીની ધરપકડ કરી જેલ જવાલે કર્યો હતો. જેલ હવાલે રહેલા આરોપી સુરેશ તુલસી ઘોરી (પટેલ)એ રાજકોટ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજીની સુનાવણી પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ચુકાદાઓ ધ્યાને લઇ કોર્ટ દ્વારા આરોપી સુરેશ ઘોરીની જામીન અરજી મંજુર કરતો હુકમ કર્યો છે.આ કેસમાં આરોપી સુરેશ ઘોરી વતી રાજકોટના યુવા એડવોકેટ જે.ડી. બરદાના અને એ.એન. રાઠોડ રોકાયા હતા.

# રાજકોટઃ શાકમાર્કેટમાં પ્રૌઢાના ગળામાંથી સોનાના ચેઈનની ચોરી

## નજર ચૂકવી રૂ. ૩૦ હજારનો ચેઈન સેરવી જનાર શકમંદની ઓળખ કરી લેવાઈ, ધરપકડ કરવા તજવીજ

રાજકોટ

શહેરના ઓમ નગર ચોક નજીક આવેલ શાક માર્કેટમાં ખરીદી કરી રહેલા પ્રૌઢાના ગળામાંથી ગઠીયો નજર ચૂકવી રૂ. ૩૦ હજારની કિંમતનો સોનાનો ચેન સેરવી ગયાનો બનાવ સામે આવ્યો છે. મામલામાં તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસની ટીમે સીસીટીવી સહિતના રિસોર્સની મદદથી શકમંદની ઓળખ મેળવી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

શહેરના ઓમનગર મેઈન રોડ પર આવેલ ગિરનાર સોસાયટી શેરી નંબર-૧માં રહેતા ૫૫ વર્ષીય પ્રૌઢાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલે સાંજે આશરે છ વાગ્યે તેઓ ઘરની નજીક આવેલ ઓમનગર સર્કલ પાસે આવેલ ધરમનગર ૪૦ ફૂટ રોડ શાકમાર્કેટમાં ખરીદી કરવા ગયાં હતા. ખરીદીમાં વ્યસ્ત પ્રૌઢાની વ્યસ્તતાનો લાભ ઉઠાવી અજાણ્યો શખ્સ નજર ચૂકવી પ્રૌઢાએ ગળામાં પગેરેલો સોનાનો એક તોલા વજનનો ચેઇન જેની કિંમત રૂ. ૩૦ હજાર સેરવી ગયો હતો.

બાદમાં પ્રૌઢાને પોતાના ગળામાં ચેઇન નહિ મળી આવતા તેમણે તપાસ કરી હતી પણ ચેઇન નહિ મળી આવતા ઘરે જઈ પરિજનોને આ બાબતે જાણ કર્યા બાદ તાલુકા પોલીસ મથકમાં અજાણ્યા ગઠીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જે બાદ તાલુકા પોલીસે ગુનો નોંધી સીસીટીવી સહિતના સર્વેલન્સ મારફત શકમંદની ઓળખ મેળવી લીધી હતી. હાલ તાલુકા પોલીસની ટીમે શકમંદની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે. મામલાની તપાસ એએસઆઈ જી કે પરમાર ચલાવી રહ્યા છે.

# દીવમાં પાંચ વર્ષની બાળકીએ રોઝુ રાખ્યું

(શકીલ કાશમાણી દ્વારા)

દીવ, તા.૩



દીવમાં ઝારા પરવેઝે પવિત્ર રમઝાન માસનુ રોઝુ રાખી ખુદાની ઈબાદત કરી પહેલુ રોઝુ રાખતા પરિવારે શુભેચ્છા આપી હતી.

# પડધરીમાં સેન્ટ્રીંગ સામાનના ગોડાઉનની ઓફિસમાંથી રૂપિયા ૨૦ હજારની ચોરી

## ટેબલના લોક તોડી રોકડ ઉઠાવી જનાર બુકાનીધારી તસ્કરની શોધખોળ

રાજકોટ :રાજકોટની ભાગોળે આવેલ તડઘરી નજીક બાંધકામનો સામાન ભાડે આપવાનો વેપાર કરતા વેપારીની ઓફિસમાં તસ્કર ત્રાટક્યાનો બનાવ સામે આવ્યો છે. ઓફિસનું તાળું તોડી લોકરમાંથી રૂ. ૨૦ હજારની રોકડ ઉઠાવી જનાર તસ્કરની પડધરી પોલીસે શોધખોળ હાથ ધરી છે.

પડધરીના તડઘરીમાં રહેતા અને ભગવતીકૃપા સેન્ટ્રીંગ નામે બાંધકામનો સામાન ભાડે આપતાં વેપારી રણજીતભાઈ સુરેશભાઈ ગોહેલ (ઉ.વ.૩૭)એ પડધરી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, બાદમાં મારા કાકાએ ઓફીસ ખોલવા જતા ઓફીસનું તાળુ તુટેલ અને નીચે પડેલ જોવામા આવ્યું હતું. ઉપરાંત વંડાની દીવાલમાંથી ઈંટો હટાવી બાકોરું પાડવામાં આવ્યું હોય તેવું પણ જોવા મળ્યું હતું. કાકાએ મને ફોન કરતા હું તાત્કાલિક ઓફિસ ખાતે દોડી ગયો હતો અને ઓફિસની અંદર જોતા ટેબલના ખાનાના લોક ખુલ્લા જોવા મળ્યા હતા. જેમાંથી કુલ રૂ. ૨૦ હજારની રોકડ મળી આવી ન હતી. બાદમાં ઓફિસના સીસીટીવી જોતા એક શખ્સ મોઢે રૂમાલ બાંધી ઓફિસમાં પ્રવેશ કરી ચોરી કરતો જોવા મળ્યો હતો. જેથી વેપારીએ આ મામલે પડધરી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# મોરબી મહાનગરપાલિકામાં જન્મ-મરણનો દાખલો કઢાવવો એટલે માથાના દુખાવા સમાન, વહેલી સવારથી લાઈનો લાગે છે

### ટોકન સંખ્યા વધારી, વધુ આઈડી માટે ડીમાંડ કરવામાં આવી, ઈન્ચાર્જ અધિકારી

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૩:

મોરબીને મહાનગરપાલિકા બનાવ્યા બાદ પણ લોકોની તકલીફ ઘટવાનું નામ નથી લઇ રહી આજે પણ જન્મ અને મરણના દાખલા કઢાવવા માટે વહેલી સવારથી લાંબી લાઈનો જોવા મળી હતી અને નાગરિકોને જન્મ-મરણ દાખલા જેવા કામ માટે કલાકોનો સમય વેડફવો પડી રહ્યો છે જેથી રોષ ભભૂકી રહ્યો છે

મોરબીને મહાનગરપાલિકા બનાવ્યા બાદ રેલ્વે સ્ટેશન રોડ પરના રેન બસેરા ખાતે સીટી સિવિક સેન્ટર શરુ કરવામાં આવ્યું છે જ્યાં હાલ જન્મ અને મરણના દાખલા જેવી કામગીરી કરવામાં આવી રહી છે પરંતુ વહેલી સવારે ચાર પાંચ વાગ્યાથી અરજદારોની લાંબી લાઈનો લાગે છે અને બપોર સુધી લાઈનમાં ઉભા રહ્યા બાદ અરજદારોના કામ થાય છે તેમજ એક ધક્કે કામ થઇ જાય તેની કોઈ ગેરંટી નહિ અરજદારોના જણાવ્યા અનુસાર બે-ત્રણ ધક્કા ખાધા પછી કામ થઇ રહ્યા છે કલાકોનો વેડફાટ થતો હોય છે જેથી શ્રમિક પરિવારોની રોજગારી પર અસર પડી રહી છે.



**બીજું લોગીન આઈડી મળી ગયું છે, ટોકન સંખ્યા વધારવામાં આવશે : મ્યુનીસીપલ કમિશ્નર**

મ્યુનીસીપલ કમિશ્નર સ્વપનીલ ખરેએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારના સહયોગથી બીજું લોગીન આઈડી પ્રાપ્ત થયું છે અને બંને આઈડીથી કામકાજ શરુ કરી દેવામાં આવ્યું છે ટોકન સંખ્યા ૧૦૦ થી વધારી ૧૨૫ કરવામાં આવી છે અને ધીમે ધીમે ટોકન સંખ્યા વધારવામાં આવશે તેમજ રાજ્ય સરકાર પાસે બીજા ૨ લોગીન આઈડી માટે માંગ કરવામાં આવી છે જે મળ્યા બાદ કામગીરી ઝડપી બનશે અને અરજદારોને ઝડપી દાખલા મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા પ્રયાસ કરવામા આવી રહ્યા છે

# અમરેલીઃ વિદ્યાર્થીનીને દારૂ પીવડાવી દુષ્કર્મ આચરનારા શિક્ષકને ફાંસીના માંચડે લટકાવવા આવેદન

ચિત્તરંજન છાટબાર

બાબરા તા.૩



અમરેલી ખાતે ભારતનગર પ્રાથમિક શાળા ના નરાધમ શિક્ષક દ્વારા બે વિદ્યાર્થી ને દારૂ પીવડાવી દુષ્કર્મ આચાર નારા મહેન્દ્ર કાવઠીયા સામે બાબરા તાલુકા સુન્ની મુસ્લિમ જુમાત દ્વારા વિરોધ દર્શાવી અને તાલુકા મામલતદાર કચેરી ખાતે આવેદન આપ્યું હતુંપત્ર માં જણાવ્યા મુજબ શિક્ષક મહેન્દ્ર કાવઠીયા દ્વારા દારૂ નો નશો કરી શાળા માં આવવું અને વિદ્યાર્થી બાળા ઓને દારૂ પીવડાવી દુષ્કર્મ આચરવા ના બનાવે માનવતા ની હદ વટાવી છે અને સમાજ માં શિક્ષકો ઉપર નો વિશ્વાસ ઊડી જાય તેવી શર્મશાર ઘટના બની છે ગુનેગાર શિક્ષક સામે ની તપાસ એસ.આઇ.ટી મારફત કરવા માં આવે અને ૩૦ દિવસ માં ચાર્જશીટ કરી સ્પે.પીપી ની નિમણુંક તળે તાત્કાલિક ટ્રાયલ ચાલી ગુન્હેગાર શિક્ષક ને કડક સજા ફાંસી ની સજા કરવા માંગ ઉઠાવી છેઆવેદન આપવા માટે બાબરા શહેર તાલુકા માંથી ૩૦૦ થી વધુ મુસ્લિમ બિરાદરો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીના દલવાડી સર્કલ પાસે કાર અને બુલેટ વચ્ચે અકસ્માત, ફોર્ચ્યુંનર કારના કાચમાં ધોકા મારી નુકશાન

### બુલેટ ચાલક, બાઈક ચાલક સહીત ચાર વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૩:



દલવાડી સર્કલ નજીક આગળ જતા બુલેટને પાછળ આવતી ફોર્ચ્યુંનર કાર ભૂલથી અડી જતા અકસ્માત સર્જાયો હતો જે અકસ્માત બાદ બુલેટના ચાલક સહિતના ચાર ઇસમોએ ઝઘડો કરી કારમાં ધોકા મારી નુકશાન કર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે

મોરબીના લીલાપર કેનાલ રોડ પર રહેતા પાર્થ કૌશિકભાઈ ફેફર નામના યુવાને બુલેટ જીજે ૦૩ એ ૮૭૩૬ ના ચાલક, તેની પાછળ બેસેલ અજાણ્યો ઇસમ તેમજ બાઈક ચાલક અને તેની પાછળ બેસેલ ઇસમ એમ ચાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે ગત તા. ૦૨ ના રાત્રીના સાડા નવેક વાગ્યે અવની ચોકડીથી મામા ખોડુભાઈની ફોર્ચ્યુનર કાર લઈને ફરિયાદી પાર્થ, તેના મિત્રો સિદ્ધ મોરડીયા, આદિત્ય ધમાસણા અને કૌશિક ઝાલરીયા બધા વાવડી ગામ ક્રિકેટ રમવા જતા હતા કાર ફરિયાદી પાર્થ ચલાવતો હતો અને ઉમિયા સર્કલથી દલવાડી સર્કલ ચાર રસ્તા પહોંચતા રોડ પર બુલેટ આગળ જતું હતું અને રોડ ક્રોસ કરવા માટે ઉભા હતા ત્યારે આગળનો ભાગ બુલેટના પાછળના ભાગે અડી જતા બુલેટ ચાલક અને તેની પાછળ બેસેલ ઇસમ બોલાચાલી અને ઝઘડો કરવા લાગ્યા હતા ગાડી સાઈડમાં ઉભી રાખી બુલેતમાં થયેલ નુકશાની બાબતે વાતચીત કરી હતી અને નુકશાનીના રૂપિયા દશથી પંદર હજાર આપવા સહમત થયા હતા પરંતુ બુલેટ ચાલકને અકસ્માત ખર્ચના વધારે રૂપિયાની માંગણી કરતા ના પાડી હતી અને બુલેટ ચાલકે ગાડીની ચાવી કાઢી લીધી હતી દરમીયાન બે ઈસમો બાઈક લઈને આવી ધોકા વડે ફોર્ચ્યુનર કારમાં આડેધડ ધોકા મારવા લાગ્યા હતા ગાડીમાં બંને સાઈડના અરીસા અને આગળના ભાગનો મેઈન કાચ તેમજ ખાલી સાઈડના આગળ પાછળના બંને કાચ તોડી નાખ્યા હતા મોરબી સીટી એ ડીવીઝન પોલીસે આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધી તપાસ ચલાવી છે

# માળિયાના પ્રાણ પ્રશ્નો અંગે ઉપવાસ કરતા આંદોલનકારીની તબિયત લથડી, બપોર બાદ બજાર સજ્જડ બંધ

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૩:





માળિયા (મી.) શહેરમાં વિકાસના કાર્યો થતા ના હોય અને પ્રજા અનેકવિધ સુવિધાઓથી વંચિત હોવાથી સામાજિક આગેવાન ઝુલ્ફીકાર સંધવાણી દ્વારા ગત ૨૪ ફેબ્રુઆરીથી ઉપવાસ આંદોલન શરુ કરવામાં આવ્યા હતા અને રવિવારે સાંજે ઉપવાસીની તબિયત લથડતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા

માળિયાના પ્રશ્નો અંગે આમરણાંત ઉપવાસ શરુ કરનાર ઝુલ્ફીકાર સંધવાણીની તબિયત લથડતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા પ્રાણ પ્રશ્નો અંગે ઉપવાસ કરવા છતાં તંત્રએ કોઈ દરકાર લીધી ના હતી જેથી નગરમાં રોષ ભભૂક્યો હતો અને વેપારીઓ ઉપવાસ કરનારના સમર્થનમાં ઉતરી આવ્યા હતા જેને પગલે આજે બપોર બાદ માળિયાની બજારો સજ્જડ બંધ રહી હતી માળિયાની બજારોમાં કર્ફ્યુ જેવો માહોલ જોવા મળ્યો હતો આઝાદીના આટલા વર્ષો બાદ હજુ પણ માળિયા તાલુકો પછાત જોવા મળે છે મોરબી જીલ્લો ઓદ્યોગિક રીતે વિકસિત હોવા છતાં જીલ્લાનો માળિયા તાલુકો વર્ષોથી અન્યાય થતો હોય તેવું લાગી રહ્યું છે અને નેતાઓએ ક્યારેય માળિયાના વિકાસ માટે ધ્યાન ના આપ્યું હોવાના આક્ષેપો પણ નગરજનો કરી રહ્યા છે

# મોરબીના રણછોડનગરના રહેણાંક મકાનમા રેડ, દારૂ સહીત ૧.૨૬ લાખનો મુદામાલ જપ્ત

### ૧૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ સહિતના મુદામાલ સાથે બે ઝડપાયા

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૩:

શહેરના રણછોડનગર વિસ્તારના રહેણાંક મકાનમાં રેડ કરી પોલીસે ઈંગ્લીશ દારૂની ૧૨૦ બોટલ સાથે બે આરોપીને ઝડપી લઈને દારૂ, મોબાઈલ, મોપેડ સહીત ૧.૨૬ લાખનો મુદામાલ જપ્ત કર્યો છે અન્ય એક આરોપીનું નામ ખુલતા વધુ તપાસ ચલીવ છે

સીટી બી ડીવીઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન રણછોડનગર જલારામ પાર્ક પાછળ મોરબી ૨ માં રહેતા આરોપી મેહબૂબ ઉર્ફે મેબલો સુલેમાન સુમરાના મકાનમાં રેડ કઈ હતી જ્યાં આરોપીના મકાનમાંથી ઈંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલ નંગ ૧૨૦ કીમત રૂ ૮૧,૨૦૭ નો જથ્થો મળી આવતા પોલીસે દારૂનો જથ્થો તેમજ મોપેડ કીમત રૂ ૩૫,૦૦૦, મોબાઈલ સહીત કુલ રૂ ૧,૨૬,૨૦૭ ની કિમતનો મુદામાલ જપ્ત કર્યો છે સ્થળ પરથી આરોપી મેહબૂબ ઉર્ફે મેબલો સુલેમાન સુમરા અને સંજય ચંદુભાઈ પરેસા એમ બે આરોપીને ઝડપી લીધા હતા અન્ય આરોપી સાગર કાંતિલાલ પલાણ રહે જલારામ એપાર્ટમેન્ટ, સેન્ટ મેરી સ્કૂલ પાછળ મોરબી વાળાનું નામ ખુલતા પોલીસે વધુ તપાસ ચલાવી છે

# વાંકાનેરના તીથવા ગામે મહિલા સહીત સાત ઈસમોએ યુવાન પર તલવાર-છરી વડે હુમલો કર્યો

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૩:

તીથવા ગામે ગાળો બોલવાની ના પાડતા મહિલાઓ સહિતના સાત ઇસમોએ યુવાનને માર મારી તલવાર વડે માથામાં મારી તેમજ છરી વડે ઈજા કરી લાકડાના ધોકા વડે માર માર્યાની ફરિયાદ નોંધાઈ છે વાંકાનેર તાલુકા પોલીસે ફરિયાદ નોંધી તપાસ ચલાવી છે

વાંકાનેર તાલુકાના તીથવા ગામના રહેવાસી આરીફ દિલાવરશા શામદાર નામના યુવાને આરોપી માહિર, નસીમબેન, કરિશ્માબેન, સુનેહરાબેન, અયુબ ગામેતી રહે બધા ગોંડલ ધાર તા. ગોંડલ તેમજ બે અજાણ્યા ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે આરોપીઓ ફરિયાદીના મોટાભાઈના ઘરમાં રહેતા વસીમશા અકબરશા સાથે ગાળા ગાળી કરતા હતા અને આરીફ બાજુમાં રહેતો હોય જેથી ગાળો બોલવાની ના પાડી હતી જેથી આરોપીઓએ યુવાનને ગાળો અપાઈ જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહ્યા હતા જે વાતનો ખાર રાખી રાત્રીના દોઢેક વાગ્યાના અરસામાં આરોપીઓ આરીફના ઘરે આવી દરવાજો ખખડાવ્યો હતો જેથી યુવાન બહાર આવતા આરોપીઓએ ફરિયાદીના મોટાભાઈના ઘરમાં રહેતા વસીમશા અને મહમદશા ક્યાં છે પૂછ્યાં યુવાને કાઈ ખબર નથી કહ્યું હતું

જેથી આરોપી અયુબે તલવાર વડે માથામાં ઘા મારી તેમજ માહીરે છરી વડે યુવાનને એક ઘા હાથમાં અને એક ઘા સાથળમાં મારી તેમજ અજાણ્યા આરોપીઓએ ધોકા વડે ઈજા કરી હતી અને ફરિયાદીના બહેનને લાકડીના ધોકા વડે મારી ઢીકા પાટું મારી ઈજા કરી હતી જેથી યુવાન ભાગીને મસ્જીદ તરફ જતા આરોપીઓએ પાછળ દોડીને ફરિયાદીને પકડી વશીમશા અને મહમદશા ક્યાં છે કહી દે નહીતર જાનથી મારી નાખશું તેવી ધમકી આપી હતી અને આરોપીઓએ થાર ગાડી અને ઇકો ગાડી તેમજ સ્કૂટર લઈને જતા હતા ત્યારે ફરિયાદીના કાકા કાકી સામે આવતા કાકીને લાકડાના ધોકાનો ઘા મારી જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી વાંકાનેર તાલુકા પોલીસે ફરિયાદ નોંધી તપાસ ચલાવી છે

# મોરબીના કોયલી ગામે પૈસાની લેતીદેતી મામલે ફોનમાં ગાળો બોલવા બાબતે મારામારી, ચાર વિરુદ્ધ ફરિયાદ

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૩:

કોયલી ગામે ડેમની પાળ પર પૈસાની લેતીદેતી મામલે ગાળો બોલવાની ના પાડતા ચાર ઇસમોએ યુવાનને માર મારી ઈજા પહોંચાડી હતી મોરબી તાલુકા પોલીસે ફરિયાદ નોંધી તપાસ ચલાવી છે મોરબી તાલુકાના રામગઢ (કોયલી) ગામે રહેતા મહેશ ગેલાભાઈ ડડેચા (ઉ.વ.૩૬) નામના યુવાને આરોપીઓ વિકાસ મુળજી રાણવા, અનીલ લાલજી પરમાર ડેનીસ રાઠોડ અને મયુરસિંહ એમ ચાર આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે ગત તા. ૦૧ નારોજ સાંજના સુમારે આરોપીઓ ફરિયાદી મહેશની વાડીએ બેસવા આવ્યા હતા ત્યારે પૈસાની લેતીદેતી મામલે ફોનમાં ગાળો બોલતા હતા જેથી ગાળો બોલવાની ના પાડી હતી જે સારું નહિ લાગતા આરોપી ડેનિસે યુવાનને ગાળો આપી પેટના ભાગે પાટું માર્યું હતું અને વિકાસે છુટા પાડી આરોપીઓ જતા રહ્યા હતા બાદમાં આરોપી વિકસે ફોન કરી કોયલી ગામના ડેમની પાળ પાસે બોલાવ્યો હતો જેથી યુવાન ત્યાં જતા આરોપીઓએ ઢીકા પાટું માર મારી લાકડીઓ વડે માર મારી ઈજા કરી હતી મોરબી તાલુકા પોલીસે ફરિયાદ નોંધી તપાસ ચલાવી છે

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારી ગ્રાહક ધિરાણ સહકારી મંડળી દ્વારા કુલપતિનું અભિવાદન

રાજકોટ તા.૩:



સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારી ગ્રાહક ધિરાણ સહકારી મંડળીની ખાસ સાધારણ સભા તા.૨૭-૨-૨૦૨૫ને ગુરુવારના રોજ સાંજે ૪૩૦ કલાકે ગુજરાતી ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ડોલરરાય માંકડ સભાગૃહમાં યોજાઈ હતી. આ કાર્યક્રમના અધ્યક્ષ પદે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિપ્રોફે. ઉત્પલ જોશી અને મુખ્ય મહેમાન તરીકે શ્રી રાજકોટ લોધિકા સહકારી ખરીદ વેચાણ સંઘના અધ્યક્ષ નરેન્દ્રસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં વેદમંત્રોનું ગાન કરીને ગુજરાતી ભવનના વડા પ્રોફે. મનોજ જોશીએ પ્રાર્થના રજૂ કરી હતી. ત્યારબાદ કાર્યક્રમના અધ્યક્ષ મહોદયશ્રી અને મુખ્ય મહેમાનશ્રી તેમજ મંડળીના હોદ્દેદારો દ્વારા દીપપ્રાગટ્ય કરીને કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. મંડળીના પ્રમુખ પ્રોફે. જયદીપસિંહ ડોડિયાએ મંચસ્થ મહાનુભાવોનું ઉષ્માપૂર્ણ શાબ્દિક સ્વાગત કર્યું હતું તેમજ મંડળીની કામગીરી વિશે ટૂંકમાં વિગતો આપી સમગ્ર કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી હતી.

મંડળીના હોદ્દેદારો દ્વારા કુલપતિ પ્રોફે. ઉત્પલ જોશી તથા મુખ્ય મહેમાન નરેન્દ્રસિંહ જાડેજાનું પુષ્પગુચ્છ, શાલ અને સ્મૃતિચિહ્ન દ્વારા ગરીમાપૂર્ણ અભિવાદન કરવામાં આવ્યું હતું. સમારોહના મુખ્ય મહેમાન શ્રી નરેન્દ્રસિંહ જાડેજા અને સહકારી મંડળીના હોદ્દેદારોએ કુલપતિ પ્રોફે. ઉત્પલ જોશીને સન્માન પત્ર અર્પણ કર્યું હતું.આ પ્રસંગે કુલપતિએ અધ્યક્ષસ્થાનેથી બોલતાં જણાવ્યું હતું કે ''આપણી યુનિવર્સિટીની શૈક્ષણિક કર્મચારી ગ્રાહક અને ધિરાણ મંડળી ખૂબજ ઉત્તમ કામગીરી કરી રહી છે. જેની સરાહના કરું છું. આ મંડળી ઉત્તરોત્તર પ્રગતિ કરે સેવા સંપ અને સહકારના ધ્યેયમંત્રને વિશેષરીતે ઉજાગર કરે એવો રાજીપો વ્યક્ત કરું છું'' મુખ્ય મહેમાન નરેન્દ્રસિંહ જાડેજાએ સહકારી માળખાના પોતાના બહોળા અનુભવને આધારે કહ્યું હતું કે ''આ મંડળીની કામગીરીને હું બિરદાવું છું તેમજ મંડળીના સભાસદોને જરૂરી માર્ગદર્શન આપતાં જણાવ્યું કે કોઈપણ સહકારી સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ તેના સભાસદોને મહત્તમ લાભ આપી અને તેમની આર્થિક સદ્ધરતા જાળવવી એ હોવો જોઇએ. સભા સદોના હિતને કેન્દ્રમાં રાખીને સહકારી સંસ્થા કાર્યરત રહેતોજ સહકારી માળખુ મજબૂત રીતે આગળ વધે અને કાયમી ટકી રહે તેમજ વધુમાં વધુ લોકો આ સહકારની પ્રવૃત્તિમાં સામેલ થાય.''નરેન્દ્રસિંહ જાડેજાએ કુલપતિનો આગામી પાંચ વર્ષનો કાર્યકાળ ખૂબ જ યશસ્વી રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સર્વાંગી વિકાસમાં આ યુનિવર્સિટીની કાયદા વિદ્યાશાખાના એક ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે યુનિવર્સીટીને ઉપયોગી થવા માટે પ્રતિબદ્ધતા અને તત્પરતા દાખવી હતી. ત્યારબાદ ભૌતિકશાસ્ત્ર ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રો. હિરેન જોશીએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં શૈક્ષણિક સહકારી મંડળી સાથેનાં પોતાનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં. આ પ્રસંગે ભૌતિકશાસ્ત્ર ભવનના ભૂતપૂર્વ પ્રોફે. અને અધ્યક્ષ મિહીર જોશી પણ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્વાનની પ્રભુભક્તિઃ દ્વારકાના પદયાત્રીઓ સાથે ૧૩ દિવસમાં ૩૪૦ કી.મી.નું અંતર કાપ્યું

(નયના દવે દ્વારા)

જામનગર તા.૩:



દ્વારકામાં ધુળેટીના ફૂલડોલ મહોત્સવમાં હાજરી આપવા માટે સમગ્ર ગુજરાત ભરમાંથી અનેક પદયાત્રીઓ દૂર દૂરથી પદયાત્રા કરીને જામનગર જિલ્લામાંથી પસાર થઈને દેવભૂમિ દ્વારકા તરફ પ્રયાણ કરે છે, ત્યારે આજે એક પદયાત્રી સંઘમાં શ્વાનની પણ પ્રભુભક્તિ જોવા મળી હતી.

ગાંધીનગર ના ઉનાવા ગામ થી કેટલાક પદયાત્રીઓનો એક સંઘ જામનગર શહેરમાંથી પસાર થયો હતો, અને દ્વારકા તરફ પ્રયાણ કર્યું છે. જે પદયાત્રા સંઘમાં એક શ્વાન પણ જોડાયો છે. છેલ્લા ૧૩ દિવસથી શ્વાન પણ પદયાત્રીઓના સંઘની સાથે સાથે ચાલીને અંદાજે ૩૪૦ કિલોમીટર જેટલું અંતર કાપ્યું છે, અને પદયાત્રીઓના સંઘ સાથેની સાથે જ દ્વારકા તરફ જવા માટે તેણે પ્રયાણ કર્યું છે. જામનગરમાં એક સેવા કેમ્પ માં જ્યારે આ શ્વાન આવી પહોંચ્યું, ત્યારે કેટલાક સેવા કેમ્પ માં હાજર રહેલા સેવાદાર લોકોએ તેનો વિડીયો પણ બનાવ્યો છે, અને તે વિડીયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. અને શ્વાનની પણ પ્રભુ ભક્તિ જોવા મળી રહી છે.

# અદાણી ગ્રીન એનર્જીએ તેની મૂડી સંચાલનની કૂનેહમાં મુખ્ય લક્ષ્ય હાંસલ કર્યું

અમદાવાદ તા.૩ઃ

ભારતની સૌથી મોટી નવીનીકરણીય ઉર્જા કંપની અદાણી ગ્રીન એનર્જી લિ.એ તેની મૂડી વ્યવસ્થાપનની કૂનેહમાં બીજું સીમાચિહ્ન હાંસલ કર્યું હોવાની ગૌરવભેર જાહેરાત કરી છે.રાજસ્થાનમાં ભારતના સૌથી મોટા સોલર-વિન્ડ હાઇબ્રિડ રિન્યુએબલ ક્લસ્ટરના વિકાસ માટે ૨૦૨૧ માં લેવામાં આવેલા ૧.૦૬ બિલિયનની બાકી સાથે કંપનીએ સૌ પ્રથમ તેની બાંધકામ સુવિધાને સફળતાપૂર્વક પુનઃધિરાણ કરી છે. તેની નિર્માણ સુવિધાને ફરીથી ધિરાણ કરવા માટે લાંબા ગાળાના ધિરાણમાં ૧૯ વર્ષની સમયાવધિ સાથે સંપૂર્ણ ઋણમુક્ત દેવાના માળખા અંતર્ગત અસ્ક્યામતોની આવરદાને કંપની અનુસરે છે

આ પ્રગતિ સાથે એ તેના અસ્કયામતોના પોર્ટફોલિયો માટે પોતાના મૂડી વ્યવસ્થાપન કાર્યક્રમ સફળતાપૂર્વક સંપ્પન કર્યો છે. આ આયોજન હેઠળ લાંબા ગાળાની સુવિધાઓ સુરક્ષિત કરવા સાથે પોર્ટફોલિયોના રોકડ પ્રવાહના જીવનચક્ર સાથે સંપૂર્ણ રીતે સંલગ્ન છે. આયોજનનું આ માળખું લાંબા ગાળા સાથે મસમોટી રકમ સુરક્ષિત કરીને મૂડીના વિવિધ સેતુની ઉંડાઇથી એક્સેસ મારફત નોંધપાત્ર લાભ પૂરા પાડે છે.આ અભિગમ માત્ર નાણાકીય સ્થિરતામાં વધારો જ નહી પરંતુ તેના વિકાસ તરફના પ્રયાણને ચાલુ રાખવા સાથે તેના હિસ્સેદારોને ટકાઉ મૂલ્ય ઉપલબ્ધ કરાવવાની કંપનીની ક્ષમતાને પણ સુનિશ્ચિત કરે છે.



સુરત શહેરના અતિ પ્રાચીન ચમત્કારી શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી જૈન દેરાસર શાહપોરમાં પરમાત્માની ભવ્યા થી ભવ્ય સોના હીરા ઝવેરાતની આંગી કરવામાં આવેલ તેમજ સંપૂર્ણ જિનાલય ને સુશોભિત કરવામાં આવ્યું હતું આ પ્રસંગે જાણીતા વિશ્વવિખ્યાત ઉદ્યોગપતિ શ્રી ગૌતમભાઈ અદાણી પોતાના પરિવાર સાથે દર્શન અર્થે પધાર્યા હતા..શ્રી ગૌતમભાઈ અદાણીએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે આશરે ૩૫ વર્ષ પછી ફરી શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુજીના દર્શન કર્યા અને આરતી ઉતારી ધન્યતા અનુભવી.શ્રી ચિંતામણી જૈન દેરાસરના ટ્રસ્ટીઓ એ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

### શરણાઈના સૂર-માંગલિક ગીતો-વેદોકત મંત્રોચ્ચાર વચ્ચે

# ગોંડલ બાલાશ્રમની પાંચ દિકરીઓનો શાહી લગ્નોત્સવ

### ફ્રીઝ, ટીવી, એસી સહિત ૨૫૧થી વધુ વસ્તુઓનો કરિયાવર અપાયો

રાજકોટ, તા.૩

ગોંડલના ભગવતસિંહ બાલાશ્રમ ખાતે આશ્રમમાં પનાહ લઈ ઉછરેલી પાંચ દિકરીઓના યોજાયેલા લગ્ન શાહી ઠાઠમાઠ સાથે થયા હતા. ગઈકાલે સવારે જાનના રૂડા સ્વાગત કરાયા હતા. લગ્નવિધિ અને ભોજન બાદ દિકરીઓને માવતર બનેલા ગોંડલે ભીની આંખે વિદાય અપાઈ હતી.

નગરપાલિકા દ્વારા સંચાલીત બાલાશ્રમ ખાતે પાંચ દિકરીઓના લગ્ન પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાની દેખરેખ હેઠળ યોજાયા હતા. સવારે ટાઉનહોલ પાસે મુખ્ય બજારથી જાનના સામૈયા સાથે દબદબાભેર વરઘોડો નિકળ્યો હતો. અને બાલાશ્રમ પહોંચ્યો હતો. લગ્નોત્સવને લઈને સુશોભિત કરાયેલા બાલાશ્રમમાં રંગેચંગે લગ્નવિધિ સંપન્ન થઈ હતી. લગ્નોત્સવમાં જયરાજસિંહ જાડેજા, પૂર્વ સાંસદ રમેશ ધડુક, યાર્ડના ચેરમેન અલ્પેશ ઢોલરીયા, નાગરીક બેંકના મેનેજીંગ ડિરેક્ટર પ્રફુલ ટોળીયા, નગરશ્રેષ્ઠીઓ, ઉધોગપતિઓ, પુ.જેરામદાસબાપુ, પુ.ચંદુબાપુ, પુ.રવિદર્શનજી, પુ.સીતારામબાપુ સહિત સંતો-મહંતો, ગોંડલ રાજવી હિમાંશુસિંહજી, રાજમાતા કુમુદકુમારીજી, કુમાર જ્યોતિર્મયસિંહજી હવામહેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. દિકરીઓને કન્યાદાન અનુક્રમે ધારાસભ્યના પુત્ર ગણેશભાઈ, ઉદ્યોગપતિ ધનસુખ નંદાણીયા, નીતિન ગાજીપરા, વિજય વાડોદરીયા તથા સાગર દેસાઈએ કન્યાદાન આપ્યા હતા.

શરણાઈના સુર, માંગલીક ગીતો અને વેદોક્ત મંત્રોચ્ચાર વચ્ચે લગ્નવિધિ સંપન્ન થયા બાદ દિકરીઓને વિદાય અપાઈ હતી. લગ્ન પ્રસંગે યોજાયેલ ભોજન સમારોહમાં જાનૈયા, માંડવીયા સહિત અંદાજે દશ હજાર લોકોએ ભોજન ગ્રહણ કર્યું હતુ. બાલાશ્રમ ખાતે છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલા લગ્નોત્સવનું માઈક્રો પ્લાનિંગ અશોક પીપળીયાએ કર્યુ હતુ. જેને કારણે બાલાશ્રમના આંગણે પાંચ-પાંચ જાન આવી હોવા છતા અદભુત વ્યવસ્થા જળવાઈ હતી. અશોક પીપળીયાની સાથે ગણેશભાઈ જાડેજા, ડો.નૈમિષ ધડુક, મનસુખ સખીયા, પાલીકા પ્રમુખ અશ્વિન રૈયાણી, ક્રીપાલસિંહ જાડેજા, ઉપપ્રમુખ પરીતા ગણાત્રા, બાલાશ્રમ ચેરમેન અનિતા રાજ્યગુરૂ સહિતની વ્યવસ્થા કમીટી અને નગરપાલિકાના સદસ્યો, કાર્યકરોએ ટીમવર્ક દાખવી લગ્નોત્સવને સફળ બનાવ્યો હતો.

# વેસ્ટર્ન રેલ્વેના એ.જી.એમ પ્રકાશ બુટાણી વેરાવળ રેલવે સ્ટેશનની મુલાકાતે

વેરાવળ તા.૩:



હાલ વિશ્વપ્રસિદ્ધ સોમનાથ ખાતે રેલ્વે સ્ટેશન નું કામ ગતિમાં હોય તેનું નિરીક્ષણ તેમજ વેરાવળ રેલવે સ્ટેશનપર રિનોવેશન ચાલુ હોય તેમજ વેરાવળ સ્ટેશન પર અનેક સુવિધાઓ શરૂ કરવાના સંકેતો હોય જેનું નિરીક્ષણ કરી ઉચ્ચ કક્ષાએ રિપોર્ટ કરવા અર્થે વેસ્ટન રેલવેના એ જી એમ પ્રકાશ બુટાણી સાહેબ તેમજ ભાવનગર ડિવિઝન ના કલ્પેશ દવે વેરાવળ પોહચતા મેમ્બર્સ અનિષ એન રાચ્છ તેમજ સ્થાનિક રેલ્વે કમિટીના મુકેશ ચોલેરાએ રૂબરૂ મળી વેરાવળ સ્ટેશન પર તાજેતરમાં પાર્કિંગ સંદર્ભે થયેલ ફરિયાદના સ્થળ પર નિરીક્ષણ કરાવા તેમજ એન્ટ્રી ગેટ અને એક્સીટ ગેટ નું કાર્યે તુરંતમાં પૂર્ણ કરવા સાથે વેરાવળ સ્ટેશન પર લિફ્ટ, એસ્કીલેટર સીડી સહિતના ના ઘણા પડતર પ્રશ્નો સંદર્ભે પણ ચર્ચા કરી વિવિધ પ્રશ્નોનું નિવાકરણ લાવવા સહયોગ આપવા રજૂઆત કરેલ.આ તકે ભાવનગર ડિવિઝનના કલ્પેશભાઈ દવે તેમજ વેરાવળ સ્ટેશન માસ્તર મોહાપત્રા, રાજેશ ઠાકોર,મુખ્ય ટીટી મારુ સાહેબ, હેલ્થ ઓફિસર પરશુરામ, રેલ્વે પોલીસ ઇન્સ્પેક્ટર રમેશ યાદવ સાહેબ સહિતના મુખ્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### 'ફ્લો' એ એનિમેટેડ ફીચર ફિલ્મ કેટેગરીમાં જીત મેળવી

# ૯૭મા ઓસ્કાર એવોર્ડ્સની જાહેરાત



લોસ એન્જલસ, તા.૩

એકેડેમી ઓફ મોશન પિક્ચર્સ આર્ટ્સ એન્ડ સાયન્સિસે ૨૦૨૫ માટે ઓસ્કાર વિજેતાઓના નામ જાહેર કર્યા છે. ફિલ્મ 'ફ્લો' એ એનિમેટેડ ફીચર ફિલ્મ કેટેગરીમાં જીત મેળવી છે. ચાલો ૯૭મા ઓસ્કાર એવોર્ડ વિજેતાઓની સંપૂર્ણ યાદી જોઈએ. ૯૭મો ઓસ્કાર એવોર્ડ ૩ માર્ચે ભારતીય સમય મુજબ સવારે ૫:૩૦ વાગ્યે અમેરિકાના લોસ એન્જલસમાં યોજાયો હતો. એકેડેમી ઓફ મોશન પિક્ચર્સ આર્ટ્સ એન્ડ સાયન્સિસે શ્રેષ્ઠ એનિમેટેડ ફીચર ફિલ્મ, શ્રેષ્ઠ અભિનેતા, શ્રેષ્ઠ અભિનેત્રીઓ સહિત અનેક શ્રેણીઓમાં પુરસ્કારો આપ્યા. હોલીવુડ અભિનેતા કિરન કલ્કિનને શ્રેષ્ઠ સહાયક અભિનેતાનો એવોર્ડ મળ્યો છે.ફિલ્મ 'ફ્લો' એ એકેડેમી એવોર્ડ્સના મંચ પર પણ પોતાનો જાદુ બતાવ્યો છે અને શ્રેષ્ઠ એનિમેટેડ ફીચર ફિલ્મ શ્રેણીમાં એવોર્ડ જીત્યો છે. તમે વિજેતાઓની સંપૂર્ણ યાદી અહીં જોઈ શકો છો.

ઓસ્કાર ૨૦૨૫ વિજેતાઓ

શ્રેષ્ઠ મુખ્ય અભિનેતા – એડ્રિયન બ્રોડી (ફિલ્મ: ધ બ્રુટાલિસ્ટ)
શ્રેષ્ઠ દિગ્દર્શક – સીન બેકર (ફિલ્મ: અનોરા)
શ્રેષ્ઠ એક્શન લાઈવ શોર્ટ ફિલ્મ – આઈ એમ નોટ અ રોબોટ
શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ફીચર ફિલ્મ – આઈ એમ સ્ટિલ હીયર
શ્રેષ્ઠ સિનેમેટોગ્રાફી – ધ બ્રુટાલિસ્ટ
મૂળ સ્કોર – ધ બ્રુટાલિસ્ટ
ડોક્યૂમેન્ટ્રી ફીચર ફિલ્મ – નો અધર લેન્ડ
ડોક્યૂમેન્ટ્રી ટૂંકી ફિલ્મ – ઓર્કેસ્ટ્રામાં એકમાત્ર છોકરી
શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી – ઝો સલ્ડાના (ફિલ્મ: એમિલિયા પેરેઝ)
શ્રેષ્ઠ મૂળ ગીત – એલ માલ (ફિલ્મ: એમિલિયા પેરેઝ)
શ્રેષ્ઠ સહાયક અભિનેતા – કિઅરન કલ્કિન (ફિલ્મ: ધ રીયલ પેઈન)
શ્રેષ્ઠ એનિમેટેડ ફીચર ફિલ્મ – ફ્લો
શ્રેષ્ઠ એનિમેટેડ શોર્ટ ફિલ્મ – ઈન ધ શેડો ઓફ ધ સાયપ્રસ
શ્રેષ્ઠ કોસ્ચ્યુમ ડિઝાઈન – પોલ ટેઝવેલ (ફિલ્મ: વિકેટ)
શ્રેષ્ઠ પટકથા – અનોરા
શ્રેષ્ઠ અનુકૂલિત પટકથા – પીટર સ્ટ્રોઘન (ફિલ્મ: કોન્ક્લેવ)
ફિલ્મ એડિટિંગ – અનોરા
શ્રેષ્ઠ અવાજ – ડ્યુન: ભાગ ૨
શ્રેષ્ઠ VFX – ડ્યુન: ભાગ ૨

ઓસ્કાર એ ફિલ્મ જગતનો સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કાર છે. આ પુરસ્કાર દર વર્ષે એકેડેમી ઓફ મોશન પિક્ચર્સ આર્ટ્સ એન્ડ સાયન્સ દ્વારા આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૩ માં, નિર્માતા ગુનીત મોંગાની ફિલ્મ 'ધ એલિફન્ટ વ્હિસ્પરર્સ' એ શ્રેષ્ઠ દસ્તાવેજી શોર્ટ ફિલ્મ શ્રેણીમાં એવોર્ડ જીત્યો. આ વખતે પણ ગુનીત મોંગાની ફિલ્મ 'અનુજા' આ એવોર્ડ જીતવાની રેસમાં હતી. તે શ્રેષ્ઠ એક્શન લાઈવ ફિલ્મ શ્રેણીમાં નામાંકિત થઈ હતી. આ શ્રેણીમાં 'આઈ એમ નોટ અ રોબોટ' ફિલ્મે એવોર્ડ જીત્યો છે.

# સુરેન્દ્રનગર જિલ્લાના ૪૯ ગામોને સિંચાઈ માટે નર્મદાના પાણીનો લાભ મળશે

સુરેન્દ્રનગર, તા. ૩

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ, મુળી અને સાયલા વિસ્તાર આજથી ૨૫-૩૦ વર્ષ પહેલા સુકો ભઠ્ઠ હતો. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મા નર્મદાના વધારાના વહી જતા નીરને 'સૌની યોજના' થકી સૌરાષ્ટ્રને આપવાનો મહત્વનો નિર્ણય કર્યો હતો. ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર 'જે બોલે છે તે કરે છે' તે મંત્રને ચરિતાર્થ કરતા સુરેન્દ્રનગરના વઢવાણ, મુળી તથા સાયલા તાલુકાના ૩૮ ગામોને સૌની યોજના થકી સિંચાઈનો લાભ આપવામાં આવશે, આ માટેની ટેન્ડરની પ્રક્રિયા પણ પૂર્ણ થઈ ગઈ છે.

આ સિવાય હળવદના ૧૧ ગામોને પણ આ યોજના હેઠળ પાણી આપવા માટે રૂ. ૪૧ કરોડના વર્ક ઓર્ડર આપી દેવામાં આવ્યા છે?, આમ કુલ ૪૯ ગામોને નર્મદાના પાણીનો લાભ મળશે તેમ?, આજે વિધાનસભા ગૃહમાં ધારાસભ્યશ્રી દ્વારા પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતાં જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું.મંત્રી કુંવરજીભાઈએ વધુ વિગતો આપતા કહ્યું કે, આ સિવાય સૌની યોજના હેઠળ વઢવાણ, મૂળી અને ધ્રાંગધ્રા વિસ્તારમાં રૂ. ૨૯૩ કરોડના કામો મંજૂર કરીને તેના વર્ક ઓર્ડર પણ આપી દેવામાં આવ્યા છે. ઉપરાંત વધુમાં આ વિસ્તારના ૪૪ ગામોને સૌની યોજના હેઠળ પાણી મળી રહે તે માટે અગાઉ શરૂ કરાયેલી રૂ. ૨૬૫ કરોડની યોજના અંતિમ તબક્કામાં છે જેના પરિણામે અંદાજે ૨૭૦૭ હેક્ટર વિસ્તારને પિયતનો લાભ મળશે

# રમઝાનમાં ભાજપ શાસિત વડોદરા મનપાની શાળાનો સમય બદલવા મુદ્દે વિવાદ: સરકારે આપ્યા તપાસના આદેશ

વડોદરા,તા.૩

મુસ્લિમોના પવિત્ર માસ રમઝાન દરમિયાન વડોદરા મહાનગરપાલિકા શાસિત શાળાઓના સમયમાં ફેરફાર કરવાના નિર્ણયના પડધા રાજ્યમાં પડ્યાં છે. ભાજપ શાસિત મહાનગરપાલિકા સંચાલિત સ્કુલ બોર્ડ દ્વારા, જે શાળાઓમાં લઘુમતી વિદ્યાર્થીઓની સંખ્યા સવિશેષ હોય તેવી શાળાઓના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. આ અંગેની જાણ વિશ્વ હિંદુ પરિષદને થતા વ્યાપક દેખાવ યોજવામાં આવ્યા હતા. વડોદરા મહાનગરપાલિકાના આ નિર્ણય સામે સરકારે પણ તપાસના આદેશ આપ્યા છે.

ભારતીય જનતા પાર્ટી શાસિત વડોદરા મહાનગરપાલિકા હસ્તકની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ રમઝાન મહિનાને લઈને એક પરિપત્ર બહાર પાડ્યો છે. આ પરિપત્રમાં જે વિસ્તારની શાળામાં લઘુમતીકોમના વિદ્યાર્થીઓની સંખ્યા સવિશેષ હોય તેવી શાળાઓના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના આ નિર્ણયના ઘેરા પડઘા અન્ય શહેરોમાં પણ પડ્યાં છે. રમઝાન માસમાં શાળાના સમયમાં ફેરફાર બાબતે વીએચપી દ્વારા સંબધિત અધિકારી સામે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

વિશ્વ હિંદુ પરિષદના ક્ષેત્રિય મંત્રીએ જણાવ્યું હતું કે, એક તરફ કેન્દ્ર અને રાજ્ય સરકાર સમાન નાગરિક ધારો અમલમાં લાવવા માંગે છે. તેના માટે દેશભરમાં એકમત ઊભો કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જ્યારે બીજી બાજુ વડોદરામાં ભાજપ શાસિત મનપાના નગર પ્રાથમિક શાળાઓમાં રમઝાન માસને લઈને સમયમાં ફેરફાર કરીને તૃષ્ટિકરણની નીતિ અપનાવવામાં આવી રહી છે.

વડોદરાની આ ઘટનાના પડધા રાજ્યના અન્ય શહેરોમાં પડી રહ્યાંની જાણ થતા જ સરકાર એક્શનમાં આવી છે. ગુજરાતના શિક્ષણ પ્રધાને જાહેરાત કરી હતી કે, વડોદરામાં રમઝાન માસને લઈને શાળાના સમયમાં ફેરફાર કરવાના મામલે રાજ્ય સરકારે આપ્યા તપાસના આદેશ આપ્યા છે. સમગ્ર ઘટના અને પરિપત્ર અંગે તપાસ હાથ ધરાશે. ગઈ કાલે આ ઘટના ધ્યાન પર આવી હતી અને કાલે જ સમગ્ર મામલે સ્થાનિક અધિકારીઓ સાથે વાત થઈ હતી તેમ પ્રફુલ્લ પાનસેરિયાએ જણાવ્યું હતું. આજે પણ વિગતવાર માહિતી માટેની સૂચના આપવામાં આવી છે.

# જલારામ બાપા પર વિવાદિત ટિપ્પણી બાદ સ્વામિનારાયણ સ્વામીએ માંગી માફી

અમદાવાદ,તા.૩

વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના ફરી એક અન્ય સ્વામીએ બફાટ કરતાં વિવાદ ઊભો થયો છે. વડતાલના સ્વામી જ્ઞાનપ્રકાશ સુરતના અમરોલી ખાતે એક સત્સંગ દરમિયાન જલારામ બાપા વિશે વિવાદાસ્પદ ટિપ્પણીના કારણે વિવાદ વકર્યો છે. વિવાદિત નિવેદનના કારણે રઘુવંશી સમાજના લોકો ઉગ્ર પ્રતિક્રિયા સાથે રોષ વ્યક્ત કરી રહ્યા છે. નોંધનીય છે કે, વિવાદ વકરતા જ્ઞાનપ્રકાશ સ્વામીએ માફી માંગીને વિવાદિત વીડિયો ડિલીટ પણ કરી દીધો છે.

વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાય સાથે સંકળાયેલા જ્ઞાનપ્રકાશ સ્વામી સુરતના અમરોલીમાં સત્સંગમાં હાજરી આપવા પહોંચ્યા હતાં. જ્યાં તેમણે કહ્યું કે, 'જલારામ બાપાનો ઈતિહાસ ગુણાતિત સ્વામી સાથે જોડાયેલો છે. ગુણાતિત સ્વામીએ જલા ભગતને આશિર્વાદ આપ્યા હતાં. જલારામ બાપાએ સદાવ્રત માટે ગુણાતિત સ્વામી પાસે આશિર્વાદ માંગ્યા હતાં કે, સ્વામી મારૂ એક માત્ર લક્ષ્ય છે કે, અહીં કાયમ માટે સદાવ્રત ચાલે અને જે કોઈ અહીં આવે તેમને પ્રસાદ મળે. જલા ભગતે ગુણાતિત સ્વામીને બાટી અને દાળ જમાડ્યાં. બાદમાં સ્વામીએ જલા ભગતને આશિર્વાદ આપ્યાં કે, તમારો ભંડાર કાયમ ભર્યો રહેશે.'

જ્ઞાનપ્રકાશ સ્વામીના આ નિવેદનને લઈને જલારામ બાપાના ભક્તોમાં રોષ ભભુક્યો છે. આ વીડિયો વાઈરલ થતાં રઘુવંશી સમાજે જ્ઞાનપ્રકાશ સ્વામી સામે રોષ વ્યક્ત કરી વિરોધ નોંધાવ્યો હતો. જોકે, વિવાદ વકરતાં જ્ઞાન પ્રકાશ સ્વામીએ અન્ય એક વીડિયો શેર કરી માફી માંગી છે. માફી માંગતા વીડિયોમાં જ્ઞાનપ્રકાશ સ્વામીએ કહ્યુ કે, 'સંત શિરોમણી જલારામ બાપાના ચરણોમાં સત્-સત્ વંદન કરી મારી વાત રજૂ કરૂ છું. થોડા સમય પહેલાં મેં એક પુસ્તકમાં પ્રસંગ વાંચ્યો હતો. એ જ પ્રસંગ મેં અન્ય એક મેગેઝિનમાં પણ વાંચ્યો. મને લાગ્યું કે, આમાં જલારામ બાપાની ખૂબ સારી વાત કરવામાં આવી છે. અયોધ્યામાં જલારામ બાપાએ જે કામ કર્યા અનેસ ભગવાસનના થાળ અંગે જે વાતો છે, તે અંગે મેં વાત કરી હતી. તેમ છતાં જો કોઈપણ સમાજ કે વ્યક્તિને મારી વાતનું દુઃખ લાગ્યું હોય તો હું ખરા દિલથી તમામની માફી માંગુ છું. તેમજ આ વીડિયો પણ અમે તુરંત હટાવી દીધો છે

# પાટણમાં કોલેજના વિદ્યાર્થીએ ચાલુ પરીક્ષાએ રીલ બનાવી

પાટણ,તા.૩

પાટણ જિલ્લાના સમી તાલુકાની મહર્ષી દયાનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં આજે સોમવારે સમાજશાસ્ત્રનું પેપર લેવામાં આવ્યું હતું. કોલેજની ચાલુ પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીએ વીડિયો ઉતાર્યો હતો અને પછી પોતાના સોશિયલ મીડિયા માધ્યમ પર અપલોડ કર્યો હોવાનું સામે આવ્યું છે. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં સત્તાધીશો સામે અનેક સવાલો ઉઠ્યા હતા.

મળતી માહિતી મુજબ, પાટણ જિલ્લામાં આવેલી મહર્ષી દયાનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીએ ઈન્સ્ટાગ્રામમાં રીલ બનાવી હતી અને પછી તેને બિન્દાસ રીતે અપલોડ પણ કરી હતી. આ મામલે વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ પોતાના સોશિયલ મીડિયા માધ્યમ 'X' પર પોસ્ટ શેર કરીને જાણકારી આપી હતી. યુવરાજસિંહે પોસ્ટમાં જણાવ્યું હતું કે, 'કોલેજની ચાલુ પરીક્ષામાં વિદ્યાર્થી વીડિયો બનાવે છે. આ કોઈ કોલેજની બેદરકારી કે લાપરવાહી નથી. પરંતુ વિદ્યાર્થીઓનું સારું રિઝલ્ટ આવે અને આવનાર વર્ષમાં વધારે વિદ્યાર્થીઓના એડમિશનના ધંધા ચાલે તે માટે દરેક જગ્યાએ આવું જ ચાલે છે. ચાલુ પરીક્ષામાં બેફામ ચોરી અને ગેરરીતિ ચાલે છે. અહીંયા તો આ એક રીલ સામે આવી હતી, બાકી બધું બંધ દરવાજામાં ચાલે છે. જ્યારે તકેદારી કે ધ્યાન રાખવાની જવાબદારી તો HNGU યુનિવર્સિટીના નેજા હેઠળ આવે છે, પરંતુ તે પણ બધું જાણતા હોવા છતાં આંખ આડા કાન કરે છે. કોલેજના સત્તાધીશોને વિનંતી કે ક્રાંતિકારી અને સમાજસુધારક મહર્ષિ દયાનંદના નામને તો ન લજવો. જોવાનું રહ્યું કે, શિક્ષણ વિભાગ અને યુનિવર્સિટી આ વીડિયો બહાર આવ્યા પછી શું એક્શન લે છે?

# ગુજરાતમાં છેલ્લા બે વર્ષથી ફિક્સ પગારમાં કોઈ વધારો નહીં

અમદાવાદ,તા.૩

ગુજરાત વિધાનસભા સત્ર દરમિયાનની કાર્યવાહીનું જીવંત પ્રસારણ કરવાની માંગ ઊઠી રહી છે, ત્યારે ગુજરાત વિધાનસભામાં આજે સોમવારે તારાંકીત પ્રશ્નોતરીમાં કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે સરકારની ફિક્સ પગારની નીતિ મુદ્દે સવાલો કર્યા હતા. જેને લઈને નાણાં મંત્રી કનુ દેસાઈએ જવાબમાં ફિક્સ પગારના કર્મચારીઓના પગાર વધારા અને સરકારને મળેલી અરજીઓ મામલે જણાવ્યું હતું.

ગુજરાત વિધાનસભામાં ધારાસભ્ય શૈલેષ પરમારે ફિક્સ પગારની નીતિ મામલે સરકારને સવાલો કર્યા હતા. જેમા તેમણે કહ્યું હતું કે, 'રાજ્યમાં ફિક્સ પગારની નીતિ ક્યારથી અમલમાં છે? ફિક્સ પગાર હેઠળના કર્મચારીઓના ફિક્સ પગારમાં છેલ્લે ક્યારે વધારો કરવામાં આવ્યો? અને છેલ્લા બે વર્ષમાં ફિક્સ પગારમાં વધારો કરવાને લઈને કેટલી રજૂઆત આવી છે?'ધારાસભ્યના સવાલો સામે નાણાં મંત્રીએ જવાબ આપતા કહ્યું કે, 'રાજ્યમાં ૧૫ ફેબ્રુઆરી ૨૦૦૫ની સ્થિતિથી ફિક્સ પગારની નીતિ અમલમાં છે. નાણાં વિભાગના ૧૮ ઓક્ટોબર, ૨૦૨૩ના ઠરાવથી ૦૧ ઓક્ટોબર ૨૦૨૩ની અસરથી ફિક્સ પગારના કર્મચારીઓના પગારમાં વધારો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ફિક્સ પગારમાં વધારો કરવા ૫૨૨૮ અરજીઓ સરકારને મળી છે.

# ડીસા તાલુકામાં એક જ દિવસમાં વિવિધ અકસ્માતમાં ત્રણ લોકોના મોત

બનાસકાંઠા,તા.૩

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાં એક જ દિવસમાં વિવિધ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થતાં સમગ્ર પંથકમાં અરેરાટી પ્રસરી હતી. ડીસામાં રવિવારે (બીજી માર્ચ) જુદા-જુદા સ્થળોએ એક જ દિવસમાં ત્રણ અકસ્માતની ઘટના બની છે. ત્રણેય અકસ્માતમાં કુલ ત્રણ લોકોના મોત નિપજ્યા છે. એક જ દિવસમાં ત્રણ અકસ્માતની ઘટના બનતાં પોલીસ તંત્ર પણ દોડતું થયું હતું.

ડીસા તાલુકામાં ઝેરડા હાઈવે પર એક્ટિવા અને કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે, એક્ટિવાનો ભુક્કો બોલાઈ ગયો અને કારની બોનેટનો પણ ઘણો ભાગ તૂટી ગયો હતો. આ અકસ્માતમાં એક્ટિવા ચાલક યુવાનનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. બીજી બાજું ડીસાના સમૌમા વિસ્તારમાં પણ બાઈક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બાઈક સવાર સાઈડમાંથી નીકળવાનો પ્રયાસ કરતો હતો, ત્યારે અચાનક કાર ચાલકે ગાડીમાં બાજુમાં લેતા અકસ્માત સર્જાયો હતો. કારની સ્પીડ વધારે હોવાના કારણે બાઈકનો ભુક્કો બોલાઈ ગયો હતો, તેમજ બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. આ સિવાય ડીસાના કુચાવાડ વિરોણા રોડ પર પણ બે ટ્રેલર વચ્ચેના અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું. ડીસામાં એક જ દિવસમાં અકસ્માતની ત્રણ ઘટના બનતાં પોલીસ તંત્ર દોડતું થયું હતું. ત્રણેય ઘટનામાં પોલીસે મૃતદેહોને પોસ્ટ મોર્ટમ ખાતે મોકલી અકસ્માતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# લાંબા સમયથી ધમધમતા સરખેજમાં હુક્કાબાર પર ફરી PCBના દરોડા

અમદાવાદ,તા.૩

અમદાવાદમાં ફરીથી હુક્કાબારનું દૂષણ શરૂ થઈ ગયું છે ત્યારે જ સરખેજ મહંમદપુરા રોડ પર ફાલ્કન મોટર્સની ગલીમાં આવેલા બ્રૂ રોસ્ટ કેફેમાં પીસીબીની ટીમે દરોડા પાડીને ચાલતા હુક્કાબરનો પર્દાફાશ કર્યો છે. પીસીબીની ટીમે જુદા જુદા ફલેવરના ૪૧ પેકેટ અને ૩૦ હુક્કા મળી આવ્યા છે. હુક્કાબારના સંચાલકો ચોક્કસ લોકોને જ એન્ટ્રી આપતા હતા. ઉલ્લેખનીય છે કે શહેરના ઘણા વિસ્તારોમાં પોલીસની રહેમનજર હેઠળ હુક્કાબાર ધમધમતા થઈ ગયા છે. જે ચિંતાનો વિષય છે.

પોલીસ કમિશનરના સીધા તાબામાં કામ કરતી પીસીબીના ઈન્સ્પેક્ટર જે.પી. જાડેજાની ટીમને બાતમી મળી હતી કે સરખેજ -મહંમદપુરા રોડ ઉપર આવેલા બ્રૂ રોસ્ટ કેફેમાં સંચાલક અને મેનેજર પોતાના મળતિયા માણસો મારફતે બહારથી માણસો બોલાવી પોતાના આર્થિક ફાયદા માટે ગેરકાયદે હુક્કાબાર ચલાવે છે. તેમા જુદાજુદા હર્બલ ફલેવરની બદલે નિકોટીનયુક્ત ફલેવરના તમાકુવાળા હુક્કા ભરી ગ્રાહકોને પીવડાવવામા આવે છે. સ્થાનિક પોલીસને જાણ હોવા છતાં આ દિશામાં કોઈ જ પગલાં લેવાતા નથી. જેને પગલે પીસીબીની ટીમે કેફેમાં દરોડા પાડ્યા હતા. પોલીસને હુકકાબારમાંથી ૩૦ હુક્કા અને ફલેવર્સના ૪૧ પેકેટ મળી આવ્યા હતા. જે પોલીસે જપ્ત કર્યા હતા. ફ્લેવર હર્બલવાળી હતી કે નિકોટીન તેમાં રાખવામાં આવ્યું હતું કે કેમ તે અંગે તપાસ માટે એફએસએલની મદદ લેવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં હુક્કબારના સંચાલકો દિવ્યરાજસિંહ તથા અબ્દુલહમીદ છે જ્યારે મેનેજર તરીકે આમીર ફીરોજખાન પઠાણ કામ કરે છે

# ઓસ્ટ્રેલિયાની ટીમમાં ઈજાગ્રસ્ત મેથ્યુ શોર્ટના સ્થાને યુવા સ્પિન ઓલરાઉન્ડર કૂપર કોનોલીનો સમાવેશ

દુબઈ, તા.૩

ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની સેમી ફાઈનલ મેચ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આવતીકાલે એટલે કે મંગળવારે દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાશે. સેમિફાઈનલ પહેલા ઓસ્ટ્રેલિયાની ટીમમાં અચાનક મોટો ફેરફાર થયો છે. ઓસ્ટ્રેલિયન ટીમમાં ઘાતક ઓલરાઉન્ડરનો પ્રવેશ થયો છે, જે ઈજાગ્રસ્ત મેથ્યુ શોર્ટનું સ્થાન લેશે. ચેમ્પિયન્સ ટ્રોફીની નોકઆઉટ મેચ માટે ઓસ્ટ્રેલિયાની ટીમમાં ઈજાગ્રસ્ત મેથ્યુ શોર્ટના સ્થાને યુવા સ્પિન ઓલરાઉન્ડર કૂપર કોનોલીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

મેથ્યુ શોર્ટને અફઘાનિસ્તાન સામેની મેચ દરમિયાન ઈજા પહોંચી હતી. ગયા વર્ષે ઈંગ્લેન્ડ સામે વનડે ક્રિકેટમાં ડેબ્યૂ કરનાર ૨૧ વર્ષીય કૂપર કોનોલીને ટૂર્નામેન્ટમાં ટ્રાવેલ રિઝર્વમાં રાખવામાં આવ્યો હતો. ICC ટૂર્નામેન્ટની ટેકનિકલ કમિટીએ આ ફેરફારને સોમવારે મંજૂરી આપી હતી. કોનોલીએ અત્યાર સુધી ઓસ્ટ્રેલિયા માટે ૬ ઈન્ટરનેશનલ મેચ રમી છે, જેમાંથી ત્રણ વનડે છે. ઓસ્ટ્રેલિયાએ મંગળવારે પ્રથમ સેમીફાઈનલમાં ભારત સામે રમવાનું છે.

ભારતીય ટીમ ચેમ્પિયન્સ ટ્રોફીની સેમીફાઈનલમાં મંગળવારે ઓસ્ટ્રેલિયા સામે ટકરાશે ત્યારે તેનો ઈરાદો ICC ટુર્નામેન્ટની નોકઆઉટ મેચોમાં લાગેલા તમામ ઘાને રુઝાવવાનો હશે. પેટ કમિન્સ, જોશ હેઝલવુડ અને મિચેલ સ્ટાર્ક વિના પણ ઓસ્ટ્રેલિયન ટીમ ઘણી મજબૂત છે. ભારતને ઓસ્ટ્રેલિયાએ ૨૦૧૫માં ODI વર્લ્ડ કપ સેમિફાઈનલ અને ૨૦૨૩માં ODI વર્લ્ડ કપ ફાઈનલમાં હરાવ્યું હતું. આ સિવાય વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ ૨૦૨૩માં પણ ભારતને હરાવીને ટાઈટલ જીત્યું હતું.

ભારતીય કેપ્ટન રોહિત શર્માએ ન્યૂઝીલેન્ડ સામેની મેચ બાદ કહ્યું હતું કે, આ એક સારી મેચ હશે. ઓસ્ટ્રેલિયાનો આઈસીસી ટૂર્નામેન્ટમાં સારો દેખાવ કરવાનો ઈતિહાસ રહ્યો છે અને હવે અમારે બધું બરાબર કરવાનું છે. આશા છે કે અમે આ કરવામાં સફળ થઈશું. ટીમ ઈન્ડિયા ટ્રેવિસ હેડ અને કેપ્ટન સ્ટીવ સ્મિથને જલ્દી પેવેલિયન મોકલવા પર નજર રાખશે. ખાસ કરીને ટ્રેવિસ હેડે છેલ્લા કેટલાક વર્ષોમાં ટીમ ઈન્ડિયા માટે મોટો ખતરો સાબિત થઈ રહ્યો છે.

### રોહિત શર્મા પર વિવાદિત ટિપ્પણી

# BCCIએ કહ્યું આવા અપમાનથી ટીમ પર નકારાત્મક અસર થશે

### શમા મોહમ્મદે ભારતીય કેપ્ટનની ફિટનેસ પર સવાલ ઉઠાવતાં સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી

નવી દિલ્હી, તા.૩

ભારતીય કેપ્ટન રોહિત શર્માને જાડિયો કહીને કોંગ્રેસ નેતા શમા મોહમ્મદ વિવાદોમાં ફસાઈ ગઈ છે. શમા મોહમ્મદે ભારતીય કેપ્ટનની ફિટનેસ પર સવાલ ઉઠાવતાં સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી અને ભારતીય કેપ્ટનને વજન ઘટાડવાની સલાહ આપી દીધી હતી.

એટલું જ નહીં, શમા મોહમ્મદે તો એટલે સુધી કહી દીધું હતું કે 'રોહિત ભારતીય ક્રિકેટના ઈતિહાસનો સૌથી અપ્રભાવી કેપ્ટન પણ છે.' ખૂબ ટ્રોલ થયા બાદ તેમણે પોતાની પોસ્ટને ભલે ડિલિટ કરી દીધી પરંતુ તેને લઈને હોબાળો મચી ગયો છે અને હવે તો બીસીસીઆઈએ પણ શમા મોહમ્મદને જડબાતોડ જવાબ આપ્યો છે.

બીસીસીઆઈ સેક્રેટરી દેવજીત સૈકિયાએ શમા મોહમ્મદને જવાબ આપતાં કહ્યું કે 'આ પ્રકારના નિવેદનથી ખોટો પ્રભાવ પણ પડી શકે છે. આ ખૂબ દુર્ભાગ્યપૂર્ણ છે કે એક જવાબદાર વ્યક્તિએ આ પ્રકારની કમેન્ટ કરી છે, જે એક આવા ખેલાડી માટે ખૂબ અપમાનજનક અને નુકસાનકારક છે, જે એક મહત્ત્વની આઈસીસી ટુર્નામેન્ટ રમી રહ્યો છે.

ટીમના તમામ ખેલાડી ખૂબ શાનદાર પ્રદર્શન કરી રહ્યાં છે અને આ પ્રકારના બિનજવાબદાર નિવેદનોનો ખોટો પ્રભાવ પડી શકે છે. મને આશા છે કે કોઈ પણ મહત્ત્વના સંગઠનની કોઈ પણ જવાબદાર વ્યક્તિ પોતાની અંગત લોકપ્રિયતા માટે ટુર્નામેન્ટ દરમિયાન આ પ્રકારની ટિપ્પણી કરશે નહીં, જે ટીમના પ્રદર્શનને નુકસાન પહોંચાડે.'

શમા મોહમ્મદે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતાં કહ્યું, 'ખેલાડી તરીકે રોહિત શર્મા જાડિયો છે. તેને વજન ઘટાડવાની જરૂર છે અને ભારતનો સૌથી અપ્રભાવી કેપ્ટન પણ છે. ગાંગુલી, તેંડુલકર, દ્રવિડ, ધોની, કોહલી, કપિલ દેવ, શાસ્ત્રી અને અન્યની તુલનામાં તેમાં એવો કયો વર્લ્ડ ક્લાસ છે. તે એક સરેરાશ કેપ્ટન હોવાની સાથે-સાથે એક સરેરાશ ખેલાડી પણ છે. જેને ભારતનો કેપ્ટન બનવાનું સૌભાગ્ય મળ્યું.'

રોહિત શર્મા અત્યારે ચેમ્પિયન્સ ટ્રોફીમાં વ્યસ્ત છે. તેની અધ્યક્ષતામાં ટીમ ઈન્ડિયા સેમિફાઈનલમાં પહોંચી ગઈ છે. જ્યાં ભારતનો સામનો ચાર માર્ચે ઓસ્ટ્રેલિયાથી થશે.

# અમદાવાદમાં કેડીલા બ્રિજ પાસે યુવકની લાશ મળી

### હત્યા કરનાર મૃતકની પત્નીનો પ્રેમી, ધરપકડ

અમદાવાદ,તા.૩

અમદાવાદ શહેરના કેડીલા બ્રિજ પાસે ત્રણ સંતાનોના પિતાની ફિલ્મીઢબે હત્યા કરી દેવાતા સનસનાટી મચી જવા પામી છે. અજાણ્યા શખ્સે યુવકનું અડધું ગળું કાપીને કરપીણ હત્યા કરી નાખી હતી. ઈસનપુર પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે રમજાન માસ શરૂ થયો હોવાથી મૃતક યુવક તેના બાળકો માટે નવા કપડાં અને પત્નીને ઘરખર્ચના રૂપિયા આપીને નરોડા પરત ફરી રહ્યો હતો. ત્યારે રસ્તામાં અજાણ્યા શખ્સોએ તેનું અડધું ગળું કાપીને હત્યા કરી નાખી હતી. વધુ તપાસ કરતા હત્યા કરનાર અન્ય કોઈ નહિ પરંતુ મૃતકની પત્નીનો પ્રેમી જ હોવાનું સામે આવતા તેની ધરપકડ કરાઈ છે. મૃતક યુવક અને તેની પત્ની વચ્ચે સમાધાન થતાં બંને રમજાન બાદ ફરી ઘર વસાવવાના હતા. જેથી પ્રેમિકાથી વિખૂટા પડવાની ચિંતામાં આરોપીએ હત્યા કરી હોવાની કબૂલાત કરી છે. નરોડા પાટિયા પાસે આવેલી નુરાની મસ્જિદ નજીક રહેતા ૩૪ વર્ષીય અજીજખાન પઠાણના વર્ષ ૨૦૦૯માં લગ્ન થયા હતા. લગ્ન બાદ અજીજખાન નરોડા પાટિયા પાસે ભાડાના રૂમમાં પત્ની અને ત્રણ બાળકો સાથે રહેતો હતો.

ત્રણેક વર્ષ અગાઉ અજીજખાનને પત્ની સાથે મનમેળ નહીં આવતા છૂટાછેડા લીધા હતા. અજીજખાનની પત્ની ત્રણ સંતાનો સાથે વટવામાં ભાડેથી રહેવા જતી રહી હતી. પરંતુ બે મહિના પહેલા અજીજખાનની માતાના મૃત્યુ બાદથી દંપતી વચ્ચે ફરી સંબંધો કેળવાયા હતા. રમજાન બાદ અજીજખાન પત્ની સાથે ફરીથી નિકાહ કરવાનો હતો. રવિવારે રાત્રે અજીજખાન નરોડાથી પત્ની અને બાળકો માટે નવા કપડાં લઈને વટવા આપવા ગયો હતો. બાદમાં વટવાથી નરોડા ઘરે જતો હતો, જોકે રસ્તામાં કેડીલા બ્રિજ પાસે અવાવરુ જગ્યાએ અજીજખાનનું અડધું ગળું કાપીને હત્યા કરી દેવામાં આવી હતી. આ મામલે ઈસનપુર પોલીસે મૃતકના ભાઈ સાબીરખાન પઠાણની ફરિયાદ નોંધી હત્યા કરનાર આરોપી રાજુ સિંધીને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડ્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી રાજુ સિંધીને મૃતક અજીજખાનની પત્ની સાથે પ્રેમ સંબંધ હતો. પ્રેમિકાને પતિ સાથે સમાધાન થઈ જતા પતિ સાથે જતી રહેવાની હતી. જેથી પ્રેમિકાથી વિખૂટા પડી જવાની ચિંતામાં આરોપી રાજુ સિંધીએ પ્રેમિકાના પૂર્વ પતિ અજીજખાનનું અડધું ગળું કાપીને કાસળ કાઢી નાખ્યું હતું.

# ડેકીમાં મૂકેલા ૨૫ લાખ રોકડ સાથે એક્ટિવાની ચોરી

અમદાવાદ,તા.૩

કાલિકા ગ્રૂપના સાઈટ બિલ્ડરના ત્યાં કામ કરતો સાઈટ ઈન્ચાર્જ ઘરેથી ૨૫ લાખ રોકડા લઈને નીકળ્યો હતો. તેણે ૨૫ લાખ કંતાનના થેલામાં મૂકીને એક્ટિવાની ડેકીમાં મૂક્યા હતા. સવારથી તે અલગ અલગ જગ્યાએ કામ પતાવીને સાંજે આઈઆઈએમ રોડ પર આવેલા થર્ડ આઈ વિઝન બિલ્ડિંગ ખાતેની ઓફિસે પહોંચ્યો હતો. ત્યાં કામ પતાવીને ઘરે જવા નીકળ્યો ત્યારે એક્ટિવા પાર્કિંગમાંથી ગાયબ હતું. જેથી ત્યાં તપાસ કરતા એક્ટિવા ચોરી થયું હતું. સીસીટીવી કેમેરામાં એક શખ્સ ચોરી કરતો નજરે પડ્યો હતો. આ મામલે પોલીસને જાણ કરાતા ગુજરાત યુનિ. પોલીસે ૨૫ લાખ રોકડા અને એક્ટિવાની ચોરી મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભાડજમાં આવેલા અવધ હાઈલેન્ડમાં નિતેશભાઈ પટેલ રહે છે. નિતેશભાઈ કાલિકા ગ્રૂપના સાઈટ બિલ્ડર અમરીશભાઈના ત્યાં ૧૭ વર્ષથી સાઈટ ઈન્ચાર્જ તરીકે નોકરી કરે છે. અમરીશભાઈએ તેમના મિત્ર વિપુલભાઈ શાહ પાસેથી દોઢ માસ પહેલા ૨૫ લાખ નિતેશભાઈને અપાવ્યા હતા. જે પરત આપવાના હોવાથી ગત તા. ૨૮ ફેબ્રુઆરીએ ઘરેથી ૨૫ લાખ ભરેલો કંતાનનો થેલો એક્ટિવાની ડેકીમાં મૂકીને નીકળ્યા હતા. પહેલા તે સાબરમતી કન્સ્ટ્રક્શન સાઈટ પર ગયા હતા. ત્યાંથી નીકળીને એક વ્યક્તિને ચેક આપવા ગયા હતા. બાદમાં સાંજે આઈઆઈએમ રોડ પર આવેલા થર્ડ આઈ વિઝન કોમ્પલેક્સમાં આવેલી ઓફિસમાં ગયા હતા. જ્યાં કોમ્પલેક્સના પાર્કિંગમાં એક્ટિવા પાર્ક કરીને ઓફિસમાં કોસ્ટિંગનું કામ કરીને રાત્રે સાડા દસેક વાગ્યે ઘરે જવા નીકળ્યા હતા. ઘરે જતી વખતે તેમણે પાર્કિંગમાં જોયું તો તેમનું એક્ટિવા ગાયબ હતું. જેથી આસપાસમાં તપાસ કરવા છતાંય એક્ટિવા મળ્યું નહોતું. જેથી કોમ્પલેક્સના સીસીટીવી તપાસ કરતા એક શખ્સ ડુપ્લિકેટ ચાવીથી એક્ટિવા ચોરી કરતો દેખાયો હતો. આમ, એક શખ્સ ૫૫ હજારનું એક્ટિવા અને ૨૫ લાખ ચોરી જતા આ મામલે ગુજરાત યુનિ. પોલીસે ગુનો નોંધી શખ્સની શોધખોળ હાથ ધરી છે.

# પૂજ્ય જલારામ બાપા વિશે અમરોલીના જ્ઞાનપ્રકાશ સ્વામીએ કરેલ નિવેદનથી યાત્રાધામ વીરપુરમાં ભારે રોષ

## વીરપુર ગ્રામપંચાયત કચેરી ખાતે બેઠક યોજાશે,વીરપુરના તમામ જ્ઞાતિના આગેવાનો, વેપારીઓ, સંસ્થાઓના આગેવાનો સહિત તમામ લોકો ઉપસ્થિત રહેશે

(કિશનસિંહ મોરબીયા દ્વારા)
વીરપુર તા.૩:

''જ્યાં ટુકડો ત્યાં હરિ ઢુંકડો'' સૂત્રને સાર્થક કરનાર જગવિખ્યાત યાત્રાધામ વીરપુરના પૂજ્ય સંત શ્રી જલારામબાપા વિશે અમરોલીના જ્ઞાનપ્રકાશ સ્વામીએ કરેલ નિવેદનનો એક વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે જેમને લઈને સમગ્ર ગુજરાત સહીત ઠેરઠેર રઘુવંશી સમાજમાં તેમજ પૂજ્ય જલારામ બાપાની જન્મભૂમિ અને કર્મભૂમિ વીરપુરમાં પણ રોષ ફેલાયો છે.

સુરતના અમરોલીના જ્ઞાન પ્રકાશ સ્વામી હાલ વિવાદમાં સપડાયા છે,સ્વામીએ કરેલ ટિપ્પણી ને લઈને રઘુવંશી સમાજ અને પૂજ્ય જલારામબાપાના ભક્તોમાં આક્રોશ ફેલાયો છે,સાથે ટિપ્પણી બાદ યાત્રાધામ વીરપુર આવતા લાખો ભક્તો સાથે રઘુવંશી સમાજના લોકો ગ્રામજનોમાં આક્રોશ સાથે આવતીકાલે વીરપુરમાં એક બેઠક યોજી રણનીત નક્કી કરશે.

વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના સ્વામી જ્ઞાન પ્રકાશ સ્વામી એ જલારામબાપા મુદ્દે ટિપ્પણી કરવા હાલ વિવાદ માં આવ્યા છે,સાથે સ્વામીએ ટિપ્પણી કરતા કહ્યું હતું કે, જલારામબાપા ઇતિહાસ સ્વામી ગુણાતીતાનંદ સ્વામી સાથે જોડાયેલો છે,સાથે જલારામબાપા એ ગુણાતીતાનંદ સ્વામી પાસે આશિર્વાદ માગ્યા હોવાનો દાવો કર્યો હતો,તેમજ જલારામબાપા એ સ્વામી ગુણાતીતાનંદ પાસે સદાવ્રત કાયમી ના માટે ચાલે તેવા આશિર્વાદ આપ્યા હોવાનું કહ્યું હતું,અને કાયમીના માટે ભંડાર ભરેલ રહેશે તેવા આશીર્વાદ ગુણાતીતાનંદ સ્વામીએ આપ્યા હોવાનું નિવેદન જ્ઞાન પ્રકાશ સ્વામીએ કર્યું હતું,સાથે જલારામબાપા એ સ્વામી ગુણાતીતાનંદ જ્યારે વીરપુર આવ્યા ત્યારે દાળ અને બાટી જમાડ્યા હતા,અને જલારામ બાપા જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં ઘણો સમય રહ્યા ને સેવા કરી હોવાનું નિવેદન કરતા હાલ આ નિવેદન થી પૂજ્ય જલારામ બાપાના ભક્તો સાથે રઘુવંશી સમાજમાં ભારે આક્રોશ સાથે રોષ ફેલાયો છે.






સ્વામીએ આપેલ નિવેદન મુદ્દે પૂજ્ય જલારામબાપાના વંશજ અને પૂજ્ય જલારામ બાપાની જગ્યાના ગાદીપતિના લઘુબંધુ અને પૂજ્ય જલારામ બાપાના પરિવારજન પૂજ્ય ભરતભાઇ ચાંદ્રાણીએ આજથી બસો પાંચ વર્ષ પહેલાં પૂજ્ય જલારામબાપા એ અમરેલી જિલ્લાના ફતેપુર ગામના પૂજ્ય ભોજલરામ બાપાની પ્રેરણા અને આશીર્વાદથી મહાસુદ બીજના દિવસે અન્નક્ષેત્રની શરૂઆત કરી હતી તેમજ પૂજ્ય જલારામ બાપાના ઇષ્ટદેવ ભગવાન શ્રી રામ હતા અને પૂજ્ય બાપા અવિરત પ્રભુ શ્રીરામ નામનું રટણ કરતા આ વાત પૂજ્ય જલારામબાપા ને માનનારા લાખો ભક્તો સત્ય જાણે છે,જ્ઞાનપ્રકાશ સ્વામીએ કરેલ નિવેદનમાં પૂજ્ય જલારામ બાપાની જગ્યાના ગાદીપતિ અને પૂજ્ય જલારામ બાપાના પરિવારનું કોઈ સમર્થન નથી તેમ જણાવ્યુ હતુ.

સ્વામી જ્ઞાન પ્રકાશ દ્વારા કરેલ ટિપ્પણીને લઈને યાત્રાધામ વિરપૂરના ગ્રામજનો, રઘુવંશી સમાજ, આક્રોશ સાથે ભક્તોએ આ ટિપ્પણી ને વખોડી કાઢી હતી,તેમજ જલારામબાપા ઇતિહાસ વિષે આવી ટિપ્પણી ન કરવી જોઈએ સાથે સ્વામી પાસે કોઈ આવું સાહિત્ય હોય તો વીરપુર લઈને આવે,સાથે જલારામબાપા ઇતિહાસ માં ચેડાં ન કરવા ની માંગ સાથે સદાવ્રત ભોજલારામ બાપાના આશીર્વાદ ચાલે છે,તેમજ જ્ઞાન પ્રકાશે કારેલ ટિપ્પણી કદાચ સ્વામી તેના ધર્મના પ્રચાર માટે આવી ટિપ્પણી કરી હશે,સાથે સ્વામી જ્ઞાન પ્રકાશ વીરપુર આવીને જલારામબાપા ની માફી માંગે તેવી માંગ ગ્રામજનો ભક્તો અને રઘુવંશી સમાજ કરી રહ્યો છે,સાથે સ્વામીએ કરેલ ટિપ્પણી મુદ્દે આજે સવારે અગિયાર વાગ્યે વીરપુર ગ્રામપંચાયત કચેરી ખાતે યાત્રાધામ વીરપુરના ગ્રામજનો તેમજ તમામ જ્ઞાતિના આગેવાનો, વેપારીઓ, સંસ્થાઓ,સાથે એક બેઠક મળશે અને આ બેઠક માં ટીપ્પણી મુદ્દે રણનીતિ નક્કી કરવામાં આવશે.

વિવાદ વધતા જ્ઞાન પ્રકાશ સ્વામીએ માફી માંગતો વિડિઓ જાહેર કરીને માફી માંગી હતી,વિડિઓમાં સ્વામીએ કહ્યું હતું કે,જલારામબાપા ચરણો માં સત સત વંદન,થોડા સમય પહેલા મેં એક બુકમાં પ્રશંગ વાંચ્યો હતો,એજ પ્રશંગ મેં એક મેગેજીન માં પણ વાંચ્યો હતો,મને એવું લાગ્યું કે આમાં જલારામબાપા ખૂબ સારી વાત કરવામાં આવી છે,એટલે બાપાના મહિમા વિશે વાત રજૂ કરી હતી,સાથે અયોધ્યામાં જલારામબાપા ની જગ્યા તરફ ધરવામાં આવતા થાળ અંતર્ગત વાત કરી હતી, ત્યારે કોઈપણ સમાજ કે વ્યક્તિની લાગણી દુભાણી હોય તો માફી માગું છુંઅને વિડિઓ પણ ડીલીટ કરી દીધો હોવાનું જણાવ્યું હતું.

જગવિખ્યાત યાત્રાધામના સંત શિરોમણી પૂજ્ય જલારામબાપા વિશે કરેલ નિવેદનથી વીરપુરના વેપારીઓમાં પણ રોષ ફેલાયો છે ત્યારે વીરપુરના વેપારી રમેશભાઈ ગઢિયાએ જણાવ્યું હતું કે આ નિવેદન પૂજ્ય જલારામ બાપાના ઇતિહાસ વિષે ચેડાં કરીને ટિપ્પણી કરી છે,પૂજ્ય જલાબાપાએ સદાવ્રતની શરૂઆત પોતાના ગુરુ પૂજ્ય ભોજલારામ બાપાના આશીર્વાદ કરેલ અને તેમના જ આશીર્વાદ થી ચાલે છે,જ્ઞાનપ્રકાશ સ્વામીએ કરેલ નિવેદન કદાચ તેના ધર્મ ના પ્રચાર માટે કર્યું હશે.

અમરોલીના જ્ઞાનપ્રકાશ સ્વામીએ કરેલ નિવેદનથી યાત્રાધામ વિરપૂરના આગેવાનો અને ભક્તોમાં ભારે આક્રોશ સાથે રોષ જોવા મળી રહ્યો છે ત્યારે વીરપુર વેપારી એસોસિએશનના ભરતભાઇ ગઢિયાએ જણાવ્યું હતું કે સ્વામીએ કરેલ આ નિવેદન ને અમે વખોડીએ છીએ અને આવું નિવેદન ન જોઈએ, સ્વામી પાસે કોઈ આવું સાહિત્ય હોય તો લઈને વીરપુર આવે.

જ્ઞાનપ્રકાશ સ્વામિએ કરેલ નિવેદન સામે સમગ્ર ગુજરાત સહીત રઘુવંશી સમાજમાં ઠેરઠેર રોષ ફેલાયો છે ત્યારે વીરપુરમાં પણ તમામ સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે જેમને લઈને વીરપુરના સરપંચ રમેશભાઈ સરવૈયાએ જણાવ્યું હતું કે વીરપુરમાં સવારે અગિયાર વાગ્યે ગ્રામપંચાયત કચેરી ખાતે એક બેઠક યોજવામાં આવશે જેમાં વીરપુર વસતા તમામ જ્ઞાતીના તેમજ તમામ સમાજના સંસ્થાના આગેવાનો અને વેપારીઓ ઉપસ્થિત રહીને આગામી રણનીતિ નક્કી કરશે.હાલ તો જ્ઞાનપ્રકાશ સ્વામી પોતાનું નિવેદન પરત ખેંચે અને વીરપુર પૂજ્ય જલારામ બાપાની જગ્યામાં આવી માફી માંગે તેવી પૂજ્ય જલારામ બાપાના

**જ્ઞાનપ્રકાશ સ્વામી વીરપુર પૂજ્ય જલારામ બાપાની જગ્યામાં આવી માફી માંગે તેવી પૂજ્ય જલારામ બાપાના ભક્તોમાં તેમજ ગ્રામજનોની માંગ...**

# જામનગરઃ યુવાને ટ્રેન હેઠળ પડતું મૂકી આત્મહત્યા કરી

(નયના દવે દ્વારા)
જામનગર તા.૩:

જામનગરમાં અંધાશ્રમ નજીકથી પસાર થતી રેલ્વે લાઈન પર ગઈકાલે ૩૫ વર્ષ ના એક યુવાને ટ્રેન હેઠળ પડતું મૂકી દઈ આત્મહત્યા કરી લીધી છે. જે મામલે પોલીસ તપાસ ચલાવે છે. આ બનાવની વિગત એવી છે, કે જામનગરમાં અંધઆશ્રમ નજીકથી પસાર થતી રેલ્વે લાઈન પર ગઈકાલે બપોરે ૧૨.૦૦ વાગ્યાના અરસામાં ૩૫ થી ૪૦ વર્ષની વયનો એક યુવાન રેલવે ના પાટા ઉપર અચાનક આવીને ઊભો રહી ગયો હતો, અને તેણે ટ્રેન હેઠળ પડતું મૂકી દઇ આત્મહત્યા કરી લીધી છે.પુરઝડપે આવી રહેલી ટ્રેનની હડફેટે ચડી જવાથી તેનું બનાવના સ્થળે કરુણ મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે રેલવેના કર્મચારી ચારુરંજન સીએલ. પાડે એ સીટી સી. ડિવિઝન પોલીસ ને જાણ કરતા સીટી સી. ડિવિઝનના પી.એસ.આઇ. એન.એમ. ઝાલા બનાવના સ્થળે પહોંચી ગયા હતા, અને અજ્ઞાત યુવાનના મૃતદેહનો કબ્જો સંભાળી જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં પોસ્ટ મોર્ટમ કરાવ્યું છે, અને મૃતક ની ઓળખ કરવા માટે જી.જી. હોસ્પિટલના કોલ્ડ રૂમમાં રાખવામાં આવ્યો છે.

**રસ્તે રઝળતા ઢોરે જીવ લીધો**

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના વનાણાં ગામમાં રહેતા ૫૦ વર્ષના આધેડ કે જેઓ ના બાઈક ની આડે ઢોર ઉતરતાં નીચે પટકાઇ પડવાથી ગંભીર ઇજા થઈ હતી, અને સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું છે. આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામજોધપુર તાલુકાના વનાણાં ગામમાં રહેતા મુળુભાઈ દુદાભાઈ બેરા નામના ૫૦ વર્ષના આધેડ કે જેઓ ગત ૨૩ તારીખે સવારે પોતાનું બાઈક લઈને જામજોધપુર થી વનાણાં ગામે પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા, જે દરમિયાન રસ્તામાં એક રસ્તે રઝળતું ઢોર તેઓના બાઇકના અડફેટમાં આવી ગયું હતું, અને બાઈક ફંગોળાઈ જતાં મુરુભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી, અને તેઓને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેઓનું મૃત્યુ નિપજ્યું છે. આ બનાવ અંગે મૃતકના પત્ની રૂડીબેન મુરુભાઈ બેરાએ પોલીસને જાણ કરતા જામજોધપુરના પોલીસ હેડ કોન્સ્ટેબલ ડી.એમ કંચવા જી.જી.હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને મૃતદેહનો કબ્જો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.

# ટંકારાઃ પત્ની સાથે બોલાચાલી થતા ઝેરી દવા પી વૃદ્ધનો આપઘાત

(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૩:

નસીતપર ગામની સીમમાં વાડીએ રહીને મજુરી કરતા પરપ્રાંતીય શ્રમિક દંપતીને બોલાચાલી થવા પામી હતી પત્ની સાથે બોલાચાલી થયા બાદ ૬૦ વર્ષીય વૃદ્ધે ઝેરી દવા પી લેતા મોત થયું હતું

મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ ટંકારા તાલુકાના નસીતપર ગામે વાડીએ રહીને મજુરી કરતા મંગલસિંહ ભૂરલાભાઈ મંડલોઈ (ઉ.વ.૬૦) નામના વૃદ્ધે ગત તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ વાડીએ જંતુનાશક ઝેરી દવા પી લેતા સારવાર માટે ટંકારા હોસ્પિટલ ખસેડાયા હતા જ્યાં વૃદ્ધનું મોત થયું હતું બનાવને પગલે પોલીસ ટીમ દોડી ગઈ હતી ટંકારા પોલીસે પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મૃતક મંગલસિંહ તમાકુની ડબ્બી લેવા મોરબી ગયા હતા અને વાડીએ પાછા ફરવામાં મોડું થતા પત્નીએ વાડીએ કામ છે અને તમે ખોટા રખડો છો કહેતા પત્ની સાથે બોલાચાલી થઇ હતી અને મૃતકને લાગી આવતા જાતે વાડીએ ઝેરી દવા પી લીધાનું ખુલ્યું છે ટંકારા પોલીસે બનાવ મામલે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

**વરલી જુગાર રમતો ઇસમ ૧૩,૬૦૦ ની રોકડ સાથે ઝડપાયો**

લાલપર ગામે જાહેરમાં વરલી ફીચર આંકડા લખી જુગાર રમતા ઈસમને ઝડપી લઈને પોલીસે રોકડ રૂ ૧૩,૬૦૦ જપ્ત કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે

મોરબી તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન મોરબી તાલુકાના લાલપર ગામની સીમમાં ત્રિવેણી સિરામિક પાસે વરલી ફીચર જુગારની બાતમી મળતા ટીમે રેડ કરી હતી જ્યાં જાહેરમાં વરલી જુગાર રમતા આરોપી મનોજ રામજીભાઈ પટેલ રહે લાલપર તા. મોરબી વાળાને ઝડપી લઈને રોકડ રૂ ૧૩,૬૦૦ અને જુગાર સાહિત્ય કબજે લઈને આરોપી વિરુદ્ધ જુગાર ધારા મુજબ કાર્યવાહી હાથ ધરી છે

### પહેલી વખત NHAI સામે ગુનો નોંધાશે

# સોલા બ્રિજની સ્ટ્રીટ લાઈટો બંધ હોવાથી અકસ્માત થયો હતો

અમદાવાદ, તા. ૩

અમદાવાદમાં ૨૭ ફેબ્રુઆરીના રોજ સોલા બ્રિજ પર વહેલી સવારે પાર્ક કરેલા ટ્રક પાછળ કાર ઘૂસી જતાં ભયંકર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કાર ચાલકનું મૃત્યુ થયું હતું. આ અકસ્માત થયો ત્યારે બ્રિજ પરની સ્ટ્રીટ લાઈટો બંધ હતી. લાઈટો બંધ હોવાના કારણે ડ્રાઈવર પાર્ક કરેલો ટ્રક જોઈ શક્યો નહીં અને ભયંકર અકસ્માત સર્જાયો હતો. જેમાં કાર ચાલકનું મૃત્યુ થયું હતું. ત્યાર હવે બંધ લાઈટોના કારણે આ અકસ્માત સર્જાયો હોવાનાથી NHAI સામે કાર્યવાહી કરવામાં આવી છે. બંધ લાઈટોના કારણે ટ્રક દેખાયો નહીં અને કાર ટ્રકની પાછળ ઘૂસી ગઈ, જેમાં કાર ચાલકનું મોત થયું હતું અને ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા. શ્રીચંદ શર્મા નામના વ્યક્તિનું અકસ્માતમાં મોત થયું હતું. જ્યારે આ ઘટના બની ત્યારે હાઈવે પર એક તો સ્ટ્રીટ લાઈટો નહોતી, બીજી તરફ ધુમ્મસ પણ હતી. જેના કારણે કાર ચાલક ટ્રક જોઈ શક્યો નહીં અને અકસ્માત થઈ ગયો. ત્યારે હવે પોલીસે પ્રથમ વખત નેશનલ હાઈવે ઓથોરિટી અને સ્ટ્રીટ લાઈટનો કોન્ટ્રાક્ટ ધરાવતી કંપની સામે ફરિયાદ નોંધવાની કાર્યવાહી શરુ કરી છે. હકીકતમાં જોઈએ તો અકસ્માત થયો ત્યારે લાઈવે પર સ્ટ્રીટ લાઈટો બંધ હોવાનું એસજી હાઈવે પર લાગેલા સીસીટીવી કેમેરામાં સામે આવ્યું હતું, જે બાદ પોલીસ એક્શનમાં આવી છે.

# મોરબીમાં ભાડાનું મકાન ખાલી કર્યું, કબાટમાં ભુલાઈ ગયેલ દાગીના-રોકડ સહીત ૧૩.૪૦ લાખની ચોરી

(રવિ નિમાવત દ્વારા) મોરબી તા.૩:

મોરબીના હાઉસિંગ બોર્ડમાં ભાડાનું મકાન ખાલી કરતા દાગીના અને રોકડ ભરેલ થેલો ભુલાઈ ગયો હતો અને મકાન ખાલી કર્યા બાદ તે પાડવા માટે મજુરો બોલાવ્યા હતા અને ભાડાના મકાનમાં કબાટમાં ભૂલી ગયેલ રોકડ અને દાગીના ભરેલ થેલાની ચોરી થઇ છે ૩.૨૦ લાખની રોકડ અને ૧૦ લાખથી વધુના દાગીના સહીત ૧૩.૪૦ લાખની મત્તા ચોરી થયાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે મોરબીના શનાળા રોડ પર ન્યુ ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતા હસમુખભાઈ લખમણભાઈ કોઠીયાએ અજાણ્યા ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે નવું મકાન બનાવવાનું હોવાથી બે વર્ષ પૂર્વે મકાન સામે કૌશિકભાઈ રાજાનું મકાન આવેલ હતું તે ભાડે રાખ્યું હતું અને નવું મકાન તૈયાર થઇ ગયું હોવાથી ભાડાનું મકાન ખાલી કર્યું હતું કૌશિકભાઈ રાજાને મકાન નવું બનાવવું હોવાથી બહારના મજુરોને પાડવા માટે આપ્યું હતું તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ સાંજ સુધીમાં મકાન ખાલી કર્યું હતું અને તે ભાડાના મકાનમાં ઘરેણાનો અને રૂપિયાનો થેલો કબાટમાં રહી ગયો હતો તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ મજુરો મકાન પાડવા માટે આવ્યા હતા અને ફરિયાદીના પત્નીએ વાત કરી કે આપણે મકાન ખાલી કર્યું ત્યારે રોકડ રૂ ૩.૨૦ લાખ અને ઘરેણાનો થેલો ભૂલમાં રહી ગયો છે જેથી બીજા દિવસે તા. ૨૭ ના રોજ સાંજ સુધી અવારનવાર ચેક કરતા રોકડ અને ઘરેણાનો થેલો ક્યાય જોવા મળ્યો ના હતો અને કૌશિકભાઈ રાજાને થેલો ચોરી થયાની વાતચીત કરી હતી જેનું મકાન મજુરોએ પાડી નાખ્યું હતું અને થેલો ક્યાય મળી આવ્યો ના હતો આમ ભાડાના મકાનના કબાટમાં રાખેલ રોકડ રૂ ૩.૨૦ લાખ અને દાગીનાનો થેલો જેમાં સોનાની વીંટી નંગ ૦૯ આશરે ૨ તોલા વજન, એક સોનાનો હાર ત્રણ તોલા, એક સોનાનો પંજો ચાર તોલાનો, નાનું બ્રેસલેટ, ૭ ગ્રામ, એક બ્રેસલેટ બે તોલાનું, સહીત ૧૦,૨૦,૦૦૦ ના દાગીના એમ કુલ રૂપિયા ૧૩,૪૦,૦૦૦ ની મત્તા ચોરી થયાની ફરિયાદ નોંધાવી છે મોરબી સીટી એ ડીવીઝન પોલીસે ફરિયાદ નોંધી તપાસ ચલાવી છે

# ગુજરાત એટીએસે ઉત્તર પ્રદેશથી બે આતંકવાદી ઝડપ્યા, હેન્ડ ગ્રેનેડનો જથ્થો પણ જપ્ત

અમદાવાદ,તા.૩

ગુજરાત એટીએસ અને હરિયાણા એસટીએફને આતંકવાદીઓને પકડવામાં મોટી સફળતા હાથ લાગી છે. બાતમીના આધારે ફરીદાબાદથી બે આતંકવાદીઓને ઝડપી લેવામાં આવ્યાં છે. હરિયાણા એસટીએફ સાથે કરવામાં આવેલાં સંયુક્ત ઓપરેશનમાં આરોપી અબ્દુલ રહેમાન સહિત બે આતંકવાદી સાથે હેન્ડ ગ્રેનેડનો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો છે.

ગુજરાત એટીએસને આતંકવાદીઓને પકડવામાં એક મોટી સફળતા મળી છે. હરિયાણા એસટીએફ સાથે સંયુક્ત ઓપરેશન હાથ ધરી હરિયાણાના ફરીદાબાદમાંથી આરોપી અબ્દુલ રહેમાન સહિત બે આતંકીઓ સાથે હેન્ડ ગ્રેનેડનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, ગુજરાત છ્જીને બાતમી મળી હતી કે, બે શંકાસ્પદ શખસો હરિયાણાથી હેન્ડ ગ્રેનેડનો જથ્થા સાથે ઉત્તર પ્રદેશ પહોંચવાના છે. બાતમીના આધારે હરિયાણા જી્જીને સાથે રાખી રવિવારે (૨ માર્ચ) મોડી રાત્રે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું અને બંનેને ઝડપી લેવાયા હતાં.

મળતી માહિતી મુજબ, આતંકવાદીઓને રામ મંદિર પર હુમલો કરવા માટે આઈએસઆઈએ તાલીમ આપી હતી. પાકિસ્તાની ગુપ્ત એજન્સી આઈએસઆઈ તરફથી તેમને બે હેન્ડ ગ્રેનેડ આપવામાં આવ્યા હતા, જેને તે અયોધ્યા લઈને જવા ઈચ્છતા હતાં. તેમણે આ ગ્રેનેડને ખંડેર જગ્યાએ સંતાડ્યા હતાં. તેમની પાસેથી બે શંકાસ્પદ વીડિયો પણ મળી આવ્યાં છે, જેમાં દેશના મોટા ધાર્મિક સ્થળો વિશે જાણકારી હતી. પકડાયેલા આતંકવાદીની ઉંમર ફક્ત ૧૯ વર્ષની છે.આરોપી અબ્લુક રહેમાન વ્યવસાયે માંસાહારનું વેચાણ કરતો હતો. સુરક્ષા એજન્સીના જણાવ્યા અનુસાર, બે ગ્રેનેડ આઈએસઆઈના હેન્ડલરે આપ્યા હતાં. ભારતની સુરક્ષા એજન્સી એનઆઈએ અને ગુજરાત એટીએસને સૂચના મળતાં કાર્યવાહી કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, આરોપી અયોધ્યાના મિલ્કીપુરનો રહેવાસી રહેમાન ફરીદાબાદના પાલીમાં શંકર નામે છુપાયેલો હતો. અહીં તે ટ્યુબવેલ રૂમમાં રહેતો હતો, જેના માલિકનું થોડા દિવસ પહેલા અવસાન થયું હતું.

# રાજ્ય સરકાર દ્વારા હાઉસિંગ સોસાયટી કાયદા સુધારા અંતર્ગત નિયમો નક્કી કરવામાં આવ્યા

## ૧ લાખ કરતાં વધુ ટ્રાન્સફર ફી વસૂલી શકાશે નહી



ગાંધીનગર,તા.૩

ગુજરાતમાં ૩૦,૦૦૦ થી વધુ હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીઓ આવેલી છે ત્યારે આવી સોસાયટીઓનું સંચાલન સહકારી કાયદા અન્વયે થતું હોય છે. આવી સોસાયટીઓમાં જ્યારે પણ કોઈ વ્યક્તિ દ્વારા ઘરની ખરીદી કરવામાં આવતી હોય છે ત્યારે સોસાયટી દ્વારા તે વ્યકિત પાસેથી ટ્રાન્સફરથી વસૂલ કરવામાં આવતી હોય છે. આવી ટ્રાન્સફર ફી બાબતે સહકારી કાયદા અને નિયમોમાં જોગવાઈ ન હોવાના અભાવે, સોસાયટીઓ દ્વારા મનમાની કરીને વ્યકિતઓ પાસેથી મોટી ટ્રાન્સફરથી વસૂલ કરવામાં આવતી હોવાની ફરિયાદો રાજ્ય સરકારને મળતી હતી તેમ, સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું.

સહકાર મંત્રી વિશ્વકર્માએ કહ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા આવી હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીઓમાં થતી હેરાનગતિને અટકાવવા, ટ્રાન્સફર સંબંધિત જરૂરી કાયદા અને નિયમો બનાવવાનું નક્કી કરેલ હતું જેના અનુસંધાને વર્ષ ૨૦૨૪માં સહકારી કાયદામાં સુધારો કરવામાં આવ્યો હતો.

આજે રાજ્ય સરકાર દ્વારા સહકારી કાયદામાં થયેલ સુધારા અંતર્ગત નિયમો નક્કી કરવામાં આવ્યા છે અને તે અનુસાર હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીઓમાં કોઈપણ ઘરની ખરીદ/ વેચાણ સમયે કુલ અવેજ રકમના ૦.૫ ટકા અથવા વધુમાં વધુ રૂપિયા ૧ લાખ કરતાં કોઈ વધુ ટ્રાન્સફર ફી વસૂલ કરી શકશે નહી, તેવી જોગવાઈ કરવામાં આવી છે.

આ ટ્રાન્સફર ફી ની જોગવાઈ વધુમાં વધુ છે, જેથી હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીઓ પોતાની મેળે તે રકમમાં ઘટાડો કરી અને તેઓના ઉપનિયમોમાં જોગવાઈ કરી શકે છે, પરંતુ કોઈ પણ સંજોગોમાં આ રકમથી વધુ રકમ તેઓ વસૂલ કરી શકશે નહીં તેમ, તેમણે જણાવ્યું હતું.

મંત્રીએ કહ્યું કે, હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીઓમાં પ્રમુખ/ મંત્રી અને કમિટી સભ્યો દ્વારા મકાનની ખરીદ/ વેચાણ સમયે વ્યકિતઓને ટ્રાન્સફર ફીની વસૂલાત માટે કરવામાં આવતી કાર્યવાહી સામે હવે પછી વ્યક્તિઓને ખૂબ જ મોટી રાહત મળશે.

આ નિયમો અનુસાર કોઈપણ કાયદેસરના વારસદારને જો કોઈ અવેજ વગર મિલકત ટ્રાન્સફર કરવામાં આવેલ હશે તો પણ કોઈ ટ્રાન્સફર ફી લઈ શકાશે નહીં ઉપરાંત કોઇ પણ વ્યકિત પાસેથી ડેવલપમેન્ટ ચાર્જ, દાન કે અન્ય કોઈપણ નામે ટ્રાન્સફર સમયે કોઈપણ રકમ સોસાયટીઓ વસૂલ કરી શકશે નહીં. રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા આ નિર્ણયથી આવી સોસાયટીઓની કામગીરીમાં નિયમિતતા આવશે, સાથે સાથે આ સોસાયટીઓ સાથે જોડાનાર લાખો સભાસદોને પણ ભવિષ્યમાં મોટી રાહત મળશે. રાજ્ય સરકારના આ નિર્ણયનું સર્વત્ર ખૂબ જ આવકારદાયક પગલું ગણવામાં આવી રહ્યું છે.

# ભાવનગરઃ તસ્કર બેલડી ઝડપાઈ, બે ચોરીનો ભેદ ઉકેલાયો

## વરતેજ અને નારી ચોકડી પાસે બંધ મકાનમાં હાથ ફેરો કર્યાની કબુલાત, ૮.૬૦ લાખનો મુદ્દામાલ કબજે

ભાવનગર તા.૩:

ભાવનગર અમદાવાદ ધોરી માર્ગ પર આવેલી નારી ચોકડી પાસે રેલવે પુલ પાસે એલસીબીએ તસ્કર બેલડીને ઝડપી લઇ ને નારી ગામે અને વરતેજ ગામે બંધ મકાનના તાળા તોડી ચોરી કર્યાની કબુલાત આપતા પોલીસે સોના ચાંદીના ઘરેણા રોકડા અને મોબાઈલ મળી પાંચ લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ માટે રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે. વધુ વિગત મુજબ ભાવનગર જિલ્લામા આર્થિક ગુનાઓ અટકાવવા અને વણ ઉકેલ ગુનાઓનો ભેદ ઉકેલવા એસપી ડોક્ટર હર્ષદ પટેલે આપેલી સૂચનાને પગલે એલસીબીના પીઆઇ એ આર વાળા સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે કુંભારવાડા ના મફતનગરમાં રહેતો આદિલ ઉર્ફે તપેલી મહેબૂબ મલેક અને મહેબૂબ ઉર્ફે દીકુ અજીત ફકીર નામના બંને શખ્સ નારી ચોકડી પાસે અંબિકા રિસોર્ટ નજીક શંકાસ્પદ હાલતમાં હોવાની મળેલી બાતમીના આધારે પીએસઆઇ વી વી ધાગુ સહિતના સ્ટાફે દરોડો પાડયો હતો. દરોડા દરમિયાન બંને શખ્સની અટકાયત કરી તલાસી રહેતા જેના કબજામાંથી રોકડ, સોના- ચાંદીના ઘરેણા અને મોબાઈલ મળી ૮.૬૦ લાખનો મુદ્દામાલ મળી આવતા તેની પૂછપરછ કરતા તેણે ૧૫ દિવસ પહેલા વરતેજના નાની ખોડીયાર મંદિર પાછળ સોસાયટીના અને નારી ગામે મકાનમાંથી હાથ ફેરો કર્યાની કબુલાત આપતા બંનેની ધરપકડ કરી પ્રાથમિક પૂછપરછમાં આદિલ ઉર્ફે તપેલી મલેક નામના શખ્સ સામે રાજકોટ સુરેન્દ્રનગર અને ભાવનગરના ૧૨ મળી ૧૫ પોલીસ મથકના ચોપડે ચોરી દારૂ અને જાહેરનામા ભંગના કેસમાં ચડી ચૂક્યો છે.

# સાસણ ગીરમાં નરેન્દ્ર મોદીએ ખુલ્લી જીપમાં બેસીને સિંહ દર્શન કર્યા



જૂનાગઢ,તા.૩

જૂનાગઢના સાસણગીરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સિંહ દર્શન કર્યા હતા. આજે વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ડેના દિવસેઁ મોદીએ જંગલ સફારી માણી હતી. તેઓ વનમંત્રી અને વનવિભાગના અધિકારીઓ સાથે જંગલ સફારીએ નીકળી પડ્યા હતા. સોમવારે વહેલી સવારે ૬ વાગ્યે પ્રધાનમંત્રી સાસણ વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરી જવા રવાના થયા હતા. ભંભાફોલ નાકા પાસેથી ખુલ્લી જીપમાં સવાર થઈને પીએમ મોદીએ સિંહ દર્શન કર્યા તેની અદભૂત તસવીરો સામે આવી છે. તેમણે કનકાઈ ચેકપોસ્ટ સુધી જંગલ સફારી કરી હતી તેમણે ભંભાફોળ, રાયડી, ડેડકડી, કેરંભા, ખડા, પીળીપાટ, રતનધુનાથી કનકાઇ ચેકપોસ્ટ સુધીની સફારી માણી હતી.

દરમિયાન આજે વિશ્વ વન્યજીવન દિવસ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના નાગરિકોને પૃથ્વી પરની અવિશ્વસનીય જૈવવિવિધતાના રક્ષણ અને જાળવણી માટે તેમની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરવા હાકલ કરી હતી. વિશ્વ વન્યજીવન દિવસ સૌપ્રથમ ૨૦૧૪ માં ઉજવવામાં આવ્યો હતો. આ દિવસ ઉજવવાનો હેતુ વિશ્વભરના પ્રાણીઓના સંરક્ષણને સુનિશ્ચિત કરવાનો છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એકસ' પર લખ્યું છે કે, ''આજે, વિશ્વ વન્યજીવન દિવસ પર, ચાલો આપણે આપણા ગ્રહની અજોડ જૈવવિવિધતાના રક્ષણ અને જાળવણી માટે આપણી પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરીએ. દરેક પ્રજાતિ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે—ચાલો આપણે ભવિષ્યની પેઢીઓ માટે તેમના ભવિષ્યનું રક્ષણ કરીએ!'' તેમણે કહ્યું કે, તેમને વન્યજીવોના સંરક્ષણમાં ભારતના યોગદાન પર ગર્વ છે. આ મુલાકાતમાં તેમનો અલગ અંદાજ જોવા મળ્યો છે. વડાપ્રધાન બન્યા પછી પીએમ મોદીનો સાસણ અને સફારીનો આ પ્રથમ કાર્યક્રમ છે.વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ડે નિમિતે ફોરેસ્ટ મહિલા બીટ ગાર્ડને પેટ્રોલિંગ માટે બાઈક વિતરણ કર્યુ છે. મહત્વનું છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વન્ય સંરક્ષણ અને વન્ય પ્રાણી દેખરેખ નીતિરીતિ પગલે સિંહોની સુરક્ષા વધારો થયો છે.

પ્રધાનમંત્રી દ્વારા ૨૦૨૦માં સિંહોના સંવર્ધન અને સંરક્ષણ માટે પ્રોજેકટ લાયનની જાહેરાત કરી હતી. જે અંતર્ગત ૨૦૧૦માં થયેલી સિંહોની ગણતરી બાદ ૧૦૦ ટકા વસ્તી વધારો થયો હોવાનું જાણકારી મળી રહી છે.આમ તો એશિયાટિક સિંહોનું એક માત્ર ઘર સાસણ હોવાનું અને સિંહોના સંરક્ષણ અને સંવર્ધન પ્રોજેકટ હજુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વધુ વેગ આજના પ્રવાસની મળશે તે મુજબ આશા વ્યકત કરવામાં આવી રહી છે.